# સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73

Vol. No. : 52 ❖ Issue : 02 ❖ Pages : 44 ❖ Mumbai ❖ February - 2024 ❖ Price : Rs.8/-



### ફેબ્રુઆરી માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''

# સ્વ.શ્રીમતી સવિતાબેન હરસુખલાલ નંદલાલ વોરા



મોટી પાનેલીના શ્રી લવચંદ વીરચંદ શેઠના સુપુત્રી સવિતાબેન ઘણાં જ લાગણીપ્રધાન હતાં અને તેમના ૫૦ વર્ષના દાંપત્ય જીવનમાં હંમેશાં શ્રી હરસુખભાઈ સાથે સુખ-દુ:ખમાં સાથે ઊભા રહ્યાં હતાં. જ્યાં સુધી સવિતાબેન જીવ્યા ત્યાં સુધી તેમણે શ્રી હરસુખભાઈની સેવા કરી હતી અને તેમની સેવા જોયા પછી દરેક વ્યક્તિને સવિતાબેન માટે માન ઉપજે કે ૫૦-૫૦ વર્ષ સેવા કરતાં કદી પણ તેમને કંટાળો આવ્યો નહીં આમ સવિતાબેન બહુ જ સાલસ સ્વભાવના હતા અને ગમે તેનું કામ કરી આપવું એવી ભાવના સાથે જ તેમનુ જીવન પુરૂં કર્યું હતું.

શ્રી હરસુખભાઈના મહેમાનો આવે એ તેમને બહુ જ ગમતુ અને તેમને ત્યાં સવિતાબેનના હાથનો રોટલો બહુ જ મોટો અને સ્વાદિષ્ટ હતો એટલે ગમે ત્યારે મહેમાનો આવતા જતા રહેતા.

પૂ. સવિતાબેનમાં સંયુક્ત કુટુંબની ભાવના હરહંમેશા રહેલ હતી.

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ


**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડીંગ નં.૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨
**સમય** : બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)
**E-Mail:**svjainsamajmumbai2@gmail.com
data@svjainsamaj.com www.svjainsamaj.com
**તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર - મો. ૭૦૨૧૨૦૧૨૮૦**



**સમાજની કારોબારી સમિતિ**

શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા ---------------------પ્રમુખ
શ્રી મહેશભાઈ મથુરદાસ સાવડીયા--------------ત.ભૂ.પ્રમુખ
શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા --------------------- ઉપપ્રમુખ
શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા -------------- માનદ્‌મંત્રી
શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી ----------- માનદ્‌મંત્રી
શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા ----------------- ખજાનચી
શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર ------------મુખપત્ર તંત્રી
શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા ---------------------- સભ્ય
શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી -------------------- સભ્ય
શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી ---------------------- સભ્ય
શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા ------------------ સભ્ય
શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા ---------------------- સભ્ય
શ્રી કમલભાઈ કાંતિલાલ દોશી ---------------------- સભ્ય
શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા -------------------- સભ્ય
શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા ----------------------- સભ્ય
શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા ----------------------- સભ્ય
શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા-------------------- કો-ઓપ્ટ
શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા-------------------- કો-ઓપ્ટ



**Bank Details**
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**Banker :** Bank of Baroda, M.J. Market, Mumbai - 400003.
**S.B. A/C No.** 03870100000044
**IFSC :** BARB**0**BULLIO **(fifth digit will be numerical zero),**
**MICR :** 400012047

**NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**Banker :** Union Bank of India
Princess Street, Mumbai - 400002
**S.B.A/C.No.** 319102010054364
**IFSC :** UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે.
**Auditor :** Viren Vasa & Associates
Chartered Accountant, Mumbai

લવાજમ દરો ભારતમાં આજીવન : રૂ.૨૭૦૦/-

**મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિન્ટર્સ**
૪૦, મહેતા ઈન્ડ. એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં. ૩,
મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪


## ભાઈ અને બહેન

ભાઈ અને બહેન એ આપણા માં-બાપે આપણી વૃદ્ધાવસ્થા માટે રાખેલી બહુ મુલ્યવાલ સંપતિ છે. જેની કદર આપણને ખુબ મોડેથી થાય છે. આપણે નાના હતા ત્યારે ભાઈ બહેન જ સૌથી નજીકના મિત્રો હતા. દરરોજ સાથે રમતા, જમતા, ઝઘડતા. છતાં એક બીજા વગર ચાલતું નહીં. આમ ને આમ (મોટા થવાની હોંશમાં) ક્યારે બચપણ વિતી ગયું ? એની ખબર જ ના પડી. મોટા થયા એટલે પોત પોતાના સંસારમાં ખોવાઈ ગયા. પોતાનુ અલગ જીવન શરૂ થયું. ભાઈ બહેનની મુલાકાત પ્રસંગોપાત જ થવા લાગી.

આ તો માં-બાપનાં આશીર્વાદ જ હતા. જેણે આપણને જોડી રાખ્યા. ધીરે ધીરે આપણે વૃદ્ધ થઈએ. એની વાટ જોતા રહ્યા. આપણા માં-બાપ આપણને છોડી ગયા છે અને આપણી આજુબાજુના સગા સંબંધીઓની સંખ્યા પણ ઓછી થવા લાગી, ત્યારે ધીરે ધીરે આપણને એ (ભાઈ બહેન) વાત્સલ્યની કિંમત સમજાવા લાગે છે.

૭૧ વરસની ભાઈ તેની ૬૬ વરસની બહેનને મળવા ગયો હતો. થોડીવાર પછી બન્ને છુટા પડયા ત્યારે બહેનને અચાનક કંઈ યાદ આવ્યું... એ ભાઈની કાર પાછળ દોડવા લાગી. ભાઈએ તરત જ કાર ઊભી રાખી. બહેને ભાઈના હાથમાં એક ડબ્બો મૂક્યો અને કહ્યું. તારી ભાવતી વસ્તુ છે. તને આપવાનું ભૂલી ગઈ. એનું બોલવાનું પુરું થાય એ પહેલા જ ભાઈ બહેનની આંખોમાંથી અશ્રુ ધારા વહેવા લાગી. આ ઉંમરે ભાઈ બહેનનું મળવુ એ ખૂબજ ભાગ્યની અને ગૌરવની વાત છે.

હા આપણે મોટા(વૃદ્ધ) થઈ એ ત્યારે જ આપણને સમજાય છે કે આ જગતમાં લોહીનાં સંબંધોથી જોડાઈ રહેવું કેટલું મહત્વનું છે....!!!

જ્યારે આપણે વૃદ્ધત્વનાં ઉંબરે ઊભા હોઈએ અને માં-બાપ બંન્ને હયાત ન હોય ત્યારે ભાઈ બહેન જગતનાં સૌથી નજીકનાં સંબંધી હોય છે. મિત્રો દુર જઈ શકે છે. છોકરાઓ મોટા થઈને દૂર જઈ શકે છે. ત્યારે ફક્ત ભાઈ બહેનનો સાથ જીવનનો ઉતરાર્ધ પૂરો કરવા અંત સુધી સાથ આપી શકે છે.

આપણે વૃદ્ધ થયા તોય ભાઈ બહેનો ભેગા મળીએ તે એક અનેરો આનંદ છે. એમના સહવાસ માત્રથી નિસ્વાર્થ હુંફનો અહેસાસ થાય છે અને તે અહેસાસથી ગમે તેવી મુશ્કેલીનો સામનો કરવા માટે હિંમત અને બળ મળે છે.

ભૂતકાળમાં કોઈ અપ્રિય ઘટનાઓ કોઈ કારણોસર કે મજબુરીથી થઈ હશે તોય ભાઈ બહેને એક બીજા માટે વધારે સહનશીલ અને ક્ષમાશીલ રહેવું જોઈએ.

એવી કોઈ ગાંઠ નથી જે ભાઈ બહેન વચ્ચે બાંધી શકાય. એવી કોઈ ઢાલ નથી કે જે ભાઈ બહેન વચ્ચે આવી શકે અને કદાચ આવી હોય તો એને કાઢી જ શકાય.

ભાઈ બહેને ક્યારેય જૂના ઉખેડા કાઢવાં નહીં, નારાજગીને પોસવી નહીં.

પરસ્પર થોડા અવલંબિત બની એકબીજાના સ્નેહભાવ વધારીએ તો આ નિસ્વાર્થ સંબંધો વધારે મજબુત થશે. અને ચોક્કસ થશે જ.


કારણ આ સંસારમાં આપણા માં-બાપે આપણા માટે રાખેલો આ સૌથી મૂલ્યવાન લોહીનાં અતુટ સંબંધોનો વારસો છે.

**- પ્રણામ**

## તંત્રી સ્થાને થી....

# તુટતી જતી પરંપરાઓ...

શ્રી રાજેન્દ્રભાઈ પુનાતર - મો. ૭૦૨૧૨૦૧૨૮૦ / ૯૩૨૩૧૪૧૫૯૫.





લગ્ન એ સાત જન્મોનું બંધન છે એવી માન્યતા આજે વર્ષોથી ચાલી આવે છે. પતિ પત્ની એ એકબીજાને જન્મો જન્મ સાથ આપવાનો હોય છે તેવું આપણે અનાદિકાળથી સ્વીકારતા આવ્યા છીએ. અને એ સંબંધને ટકાવી રાખવાની જવાબદારી બંને પક્ષોની હોય છે. આપણે ત્યાં લગ્નને ભવોભવનું એક પવિત્ર બંધન માનવામાં આવતું. અત્યાર સુધીની લગ્ન પ્રથામાં કુટુંબમાં એક વધારે વ્યક્તિ એટલે કે પુત્રવધુ નું આગમન થતું, અને તે વ્યક્તિએ ફક્ત પોતાના પતિનું જ નહી પરંતુ સમગ્ર કુટુંબનું ધ્યાન રાખવાનું છે તે સહજ સમજ પરણીને જતી દીકરીને રહેતી, કેમકે સંસ્કારો તેને વારસામાં મળતા. પોતાની માતાને પણ તેણે સંયુક્ત કુટુંબમાં જ એક રૂપ બનતી જોઇ હોય છે. તેથી તેને વધારે સમજાવવાની જરૂર રહેતી નહીં.

આ પવિત્ર બંધન એટલે કે લગ્ન પ્રથા હાલ ખૂબ જ ગંભીર અને ઘેરી કટોકટીનો સામનો કરી રહી છે. જુની લગ્ન પ્રથા અને સંયુક્ત કુટુંબો તુટવાને આરે આવી ગયા છે. એક સમયમાં સગપણ કે લગ્ન તુટવા તે વાતને ખૂબ જ ગંભીર ગણવામાં આવતી હતી, તે વાત હવે સહજ અને સામાન્ય બનતી જતી હોય તેવું લાગી રહ્યું છે. આ વાત કુટુંબ દ્વારા ગોઠવેલા લગ્ન તેમજ પ્રેમ લગ્ન બંનેને સરખી લાગુ પડે છે. કારણો ગમે તે હોય પરંતુ સગપણ કે લગ્ન તૂટવાના સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે. તે વાત કમને પણ સ્વીકારવી પડી રહી છે.

તાજેતરમાં જ જેમના લગ્ન મન ભરીને માણ્યા હોય અને તેનો આનંદ વાગોળતા હોઇએ, તે સંબંધ તુટવાના સમાચાર જયારે મળે ત્યારે હૃદયને ખુબ જ મોટી ઠેસ પહોંચે છે, કે અચાનક એવું શું બની ગયું કે વાત લગ્ન તુટવાની હદ સુધી પહોંચી ગઇ. કારણો ગમે તે હોય, સત્ય હકીકતને નજર અંદાજ કરી શકાય નહીં. કમને પણ વાસ્તવિક્તા સ્વીકારવી પડે. સમાજમાં પણ તેના ઘેરા પ્રત્યાઘાતો પડે છે. લોકોને ચર્ચા કરવાનો (કુથલી કરવાનો) મોકો મળી જાય છે. અને લોકો સત્ય જાણ્યા વગર પોતપોતાની રીતે તેનું મુલ્યાંકન કરવાં મંડી પડે છે. આમ પણ જયારે બીજાના ઘરની વાત હોય ત્યારે તેની ચર્ચા કરવામાં કે તેની મજા લેવામાં આપણને વિશેષ દિલચસ્પી હોય છે.

લગ્ન પ્રસંગે ખુશખુશાલ દેખાતા પરિવારોના કુટુંબીજનો જ્યારે સંબંધમાં કડવાશ આવે છે ત્યારે એકબીજાની નાના માં નાની ખામીઓ શોધીને જાહેર કરવામાં કોઇ કસર છોડતા નથી, અને ઝઘડતી વખતે સારા નરસા નો ભેદભાવ કે કઇ જાતનો ભાષા પ્રયોગ કરવો તેનું શાન ભાન ગુમાવી બેસે છે. એકબીજાને કેટલી હદ સુધી બદનામ કરી શકાય તેની જાણે હરીફાઇ ચાલતી હોય છે.

સમજી વિચારીને જોઇ પારખીને પુરેપુરી જાણકારી મેળવીને કરાયેલા લગ્નો પણ શા માટે ટકી શકતા નથી તે સવાલ ચોક્કસ મનમાં આવે. પહેલાના જમાનામાં માતા-પિતા પોતે જ દીકરા દીકરી માટે પાત્રો પસંદ કરતા. મોટાભાગના લગ્નમાં, લગ્ન પહેલાં એકબીજાને જોયા પણ ન હોય તેવા લગ્નો સુવર્ણ જયંતી વટાવી જતા. એકબીજાને I LOVE YOU કહેવાની પ્રથા નહોતી, છતાં એક બીજા પ્રત્યે એટલો જ પ્રેમ રહેતો.

વેવિશાળ-લગ્ન તુટવાનું કોઇ એક કારણ હોતુ નથી પરંતુ અનેક કારણો હોય છે. દરેક કિસ્સામાં અલગ અલગ કારણો હોઇ શકે. પરંતુ અગત્યનું કારણ એ પણ છે કે હવે સંયુક્ત કુટુંબની પ્રથા લગભગ નામશેષ થઇ ગઇ છે. પહેલાના સંયુક્ત કુટુંબમાં પતિ પત્નીએ કુટુંબની મર્યાદા જાળવવી પડતી. ઉંચા અવાજે બોલતું નહીં. જાહેરમાં એકબીજાની નજીકમાં પણ અવાતુ નહીં. એકબીજાને મળવા દિવસભર રાહ જોવી પડતી અને પછી જે થોડો સમય મળે તેમાં ઝઘડો કરવાનો અવકાશ નહીવત રહેતો.

આજના માતા-પિતા પોતાના સંતાનોને સંયુક્ત કુટુંબ બાબત-લગ્નજીવનમાં સમાધાન વૃત્તિ વિશે શીખવવાને બદલે **કોઇ કોમપ્રોમાઇઝ નહીં કરવાનું કોઇનાથી દબાવવાનું નહીં, સામે જવાબ આપી દેવાનો આપણે આપણી રીતે રહેવાનું** વિગેરે સલાહો આપતા હોય છે. કન્યાઓ પણ મોટે ભાગે સંયુક્ત કુટંબના બદલે ખુબ જ નાના કુટુંબમાં જવાનું પસંદ કરે છે.

વ્યવસાય કે જોબ કરતી દીકરીઓ સામાન્ય રીતે વાલીઓના સલાહ સુચનને જુના જમાનાના વિચારો ગણાવીને ફગાવી દેતી જોવા મળે છે. આર્થિક રીતે સ્વતંત્ર હોવાથી કોઇના કહ્યામાં રહેવાનું તેમને ફાવતું નથી. વ્યવસાયિક જિંદગીને, કુંટુંબના ભોગે પ્રાથમિકતા અપાતી હોય છે અને આ આર્થિક સફળતા જ ઘણીવાર લગ્ન તુટવાનું કારણ બની જતી હોય છે.

એક ચોંકાવનારી હકીકત એ છે કે આજના જમાનામાં તુટતા લગ્નમાં જો કોઇ સૌથી વધારે જવાબદાર પરિબળ હોય તો એ **સંતાનોના જીવનમાં ચંચુપાત કરતા માતા-પિતા હોય છે.** (આ કડવી પરંતુ નરી વાસ્તવિકતા છે) આમા દિકરા-દીકરી બન્નેનાં માતા-પિતાનો સમાવેશ થતો હોય છે. પરણીને આવેલી નવી વહુ પાસે વધારે પડતી અપેક્ષા રાખતા સાસુ સસરા કે પરણીને સાસરે વળાવેલી દીકરીને અમુક પ્રકારની સતત સુચનાઓ કે દોરવણી આપવી માતાઓનો સમાવેશ થાય છે. આ કોઇ એક સમાજની વાત નથી. લગભગ દરેક સમાજ અત્યારે આ પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે. ભણેલા ગણેલા સંતાનોને ફક્ત સ્કૂલ કોલજનું શિક્ષણ આપવાની સાથે સમજદારી અને સહનશીલતા ના પાઠો ભણાવવાની જરૂર છે.

લગ્નજીવન ને તુટતા અટકાવવા માટે જો આપણે અત્યારથી નહીં જાગીએ તો એક સમય એવો આવશે કે પરિસ્થિતિ આપણા હાથ બહાર જતી રહેશે અને પશ્ચિમના દેશોની જેમ મેરેજ કાઉન્સિલરો કે CYCRASTIST (સાયકેટરીસ્ટ) ને ચુકવવી પડતી રકમનો આંકડો વધતો જશે. ખાસ કરીને કન્યાઓની માતાઓને નમ્ર વિનંતી કે શક્ય હોય ત્યાં સુધી **દીકરીના સાંસારિક જીવનમાં દખલગીરી આપવાનું બંધ કરે.** એજ દીકરીના સુખી લગ્નજીવનની ચાવી છે.



# લગ્નનો અર્થ છે અર્પણ થવું, પ્રેમમાં ઢોળાઈ જવું, આમાં જેટલું સમર્પણ એટલી પ્રાપ્તિ, જેટલો ત્યાગ એટલી તૃપ્તિ, જેટલી સમજદારી એટલું સુખ

❖ મહેન્દ્ર પુનાતર ❖

જીવ અગણિત વિવિધતાથી ભરપૂર છે તેના રહસ્યનો તાગ મેળવવાનું અતિ કઠિન છે. જીવનની સમસ્યાઓ સદાય માણસને મૂંઝવતી રહી છે. જીવનનો પાયો કુટુંબ, માતા-પિતા, ભાઈ-બહેન, પતિ-પત્ની વગેરેના પરસ્પરના સુમેળભર્યા સંબંધો પર રચાયેલો છે. સ્વાર્થ અને સંકુચિતતાની દીવાલોના કારણે આ બધા સંબંધોમાં હવે તિરાડ પડી રહી છે. સંયુક્ત કુટુંબો તૂટી ગયા છે પતિ-પત્નીના સંબંધમાં પણ મોટેભાગે ઉષ્મા જણાતી નથી. જાણે ઔપચારિકતા ખાતર એકબીજાને નભાવી રહ્યા હોય એવું લાગે છે. છુટાછેડાનું પ્રમાણ વધ્યું છે. વાત વાતમાં કે નજીવા કારણોસર પતિ-પત્ની વચ્ચે વિખવાદો ઊભા થાય છે. તેની બાળકો પર માઠી અસર પડે છે. અને તેમના અજ્ઞાત મન પર જે ઘાવ પડે છે તે જલ્દીથી રૂઝાતા નથી.

દાંપત્ય જીવન એક યા બીજા કારણોસર ખરડાઈ રહ્યું છે. આનું મુખ્ય કારણ તનાવગ્રસ્ત જીવન અને એકબીજાને સાચા અર્થમાં સમજવાનો અને પરસ્પરને અનુકૂળ થવાની ઈચ્છાનો અભાવ છે. સંસારનો રથ એના બે ચક્રો પતિ-પત્ની પર ચાલે છે. આમાંથી એક પણ ચક્ર નબળું હોય તો રથ આગળ વધી શકતો નથી. એક પણ ચક્ર મૂળ ધરીમાંથી વિચલિત થાય તો સંસારના વાવઝોડામાં સુખનો આ રથ ગબડી પડે છે. માણસ આ બધુ સમજવા છતાં તેને અનુરૂપ જીવન જીવી શકતો નથી.

લગ્નજીવન એ પુરૂષ અને સ્ત્રીની સહયાત્રા છે. તેનું મોટું ભાથું પરસ્પર પ્રેમ, સ્નેહ ભાવ અને લાગણી છે. જિંદગીની મીઠાશ, તીખાશ અને કડવાશ બધું એમાં છે. ખરા અર્થમાં કહીએ તો લગ્નજીવન એ માણસની મોટી પ્રયોગશાળા છે. કોઈએ કહ્યું છે તેમ લગ્નજીવન એક જુગાર છે. એમાં પુરૂષે પોતાની સ્વતંત્રતા અને સ્ત્રીએ પોતાની પ્રસન્નતાને હોડમાં મૂકવી પડે છે. લગ્નજીવનમાં પુરૂષ પોતાની સ્વતંત્રતા અને સ્ત્રી પોતાની પ્રસન્નતા જાળવી શકે તો દાંપત્યજીવન મીઠું મધુર બની જાય. પતિ પત્ની વચ્ચેના સંબંધો ભાવના અને સમજદારીના હોય છે. પતિ અને પત્ની એક એકબીજાની શક્તિ અને મર્યાદાથી પરિચિત બને તથા પરસ્પરના સ્વભાવ અને પ્રકૃતિને સ્વીકારતા થઈ જાય તો સંવાદિતા સર્જાય.

દામ્પત્ય જીવન એ પ્રેમની અખંડ સાધના છે. પ્રેમ અને વફાદારીને એકબીજાથી અલગ ના પાડી શકાય. સ્ત્રી-પુરૂષનું મિલન કેવળ બે વ્યક્તિઓનું મિલન નથી પરંતુ તે સહયોગ અને સદભાવનાનું મિલન છે. લગ્ન પ્રસંગે ગોર મહારાજ પ્રત્યેક મંગલાષ્ટક પૂર્વે બોલે છે. વર-કન્યા સાવધાન "ગૃહસ્થાશ્રમ ઘણી કપરી જવાબદારી અને કર્તવ્યો અદા કરવાના હોય છે. તે માટેની આ ચેતવણી છે." દામ્પત્ય જીવન સુખ અને દુઃખમાં એકબીજાની હૂંફથી મહેકી ઊઠે છે. દુઃખમાં તેની કસોટી થાય છે. મુશ્કેલીના સમયમાં પણ સુમેળ જળવાય અને તણાવ ઉભો ન થાય તો સમજવાનું લગ્ન જીવન સફળ થયું છે.

પ્રસન્ન દામ્પત્ય એટલે એનો અર્થ એવો નથી કે પતિ-પત્ની વચ્ચે કોઈ મતભેદ કે વિવિધતા ન હોય. ખાટી મીઠી વાતો રીસામણાં મનામણાં તો જીવન સાથે સંકળાયેલા છે. આવું બધું ન હોય તો જીવન રસકસ વગરનું બની જાય. દરેક માણસ તેની પ્રકૃતિ અને સ્વભાવથી ભિન્ન છે. તેના ગમા અને અણગમા અને મૂડ અલગ અલગ હોય છે. કોઈપણ બે માણસ સવાભાવિક રીતે એકબીજાની પ્રતિકૃતિ બની શકે નહીં. લગ્નજીવનમાં એકબીજાને અનુકૂળ થવું પડે છે.

જીવન ચક્રમાં જોડાતા સ્ત્રી-પુરૂષ શારીરિક અને માનસિક રીતે સરખા હોતાં નથી. સ્વભાવ, રૂચિ, પસંદગી અને સાહજિક વૃત્તિમાં મોટું અંતર હોય છે. આવા બે અસમાન ધ્રુવો વચ્ચે એકતાનું અને એકરસતાનું સંયોજન એટલે દાંપત્યજીવન આમાં એકબીજાને ઘણું બધું જતું કરવું પડે છે. આજનો મુખ્ય પ્રશ્ન લગ્નજીવનને સફળ બનાવવા કરતાંય તેને ટકાવી રાખવાનો છે. લગ્નજીવનના મણકાઓ જ્યારે તૂટે છે ત્યારે તેની વિપરીત અસર આખા કુટુંબને થાય છે. સંબંધો સુખદ રીતે તૂટતા નથી. એકબીજા વચ્ચે વૈમનસ્ય અને વ્યથાની લાંબી હારમાળા રચીને તૂટતા હોય છે. લગ્નજીવન તૂટે છે ત્યારે બધું તૂટી જાય છે. ભેગા થવા કરતા અલગ થવાનું વધુ મુશ્કેલ છે.

લગ્ન જીવન શા માટે તૂટે છે અને એ માટે કોણ જવાબદાર? આ પ્રશ્ન સામાજિક અને મનોવૈજ્ઞાનિક સંશોધનનો વિષય છે. પરંતુ કેટલાક દેખીતા કારણોએ આ પવિત્ર સંબંધને તલવારની ધાર ઉપર

મૂકી દીધો છે. અત્યારના સમયમાં લગ્નજીવન વધુ સંવેદનશીલ બની ગયું છે. ધીરજ અને સહનશીલતાનો અભાવ છે તથા જતું કરવાની અને નભાવી લેવાની તૈયારી નથી. અર્ધદગ્ધ સમજણ અને અધકચરા શિક્ષણના કારણે પુરૂષનો અહમ અને સ્ત્રીની જીદ ટકરાયા કરે છે. કૌટુંબિક અને આર્થિક પરિસ્થિતિના કારણે ઉભી થતી તાણ પણ પતિ-પત્ની વચ્ચેના ઘર્ષણનું કારણ બને છે. પરસ્પર સેવા અને સમર્પણની ભાવના લુપ્ત થઈ છે. સમર્પણ ન હોય તો પ્રેમ કેવી રીતે ઉદભવી શકે. પુરૂષના મનમાં હંમેશા માલિકી ભાવ હોય છે અને સ્ત્રીના મગજમાં સમાનતાની રાઈ ભરાઈ હોય છે. એટલે સતત તણખા ઝર્યા કરે છે. લગ્નજીવનમાં સુખનો પ્રકાશ ચોમેર પથરાયેલો છે. પરંતુ તેની શોધ સ્વયં કરવી પડે છે. તેને પામવા માટે ઓગળી જવું પડે છે. આમાં જેટલું સમર્પણ એટલી પ્રાપ્તિ, જેટલો ત્યાગ એટલી તૃપ્તિ, જેટલી સમજદારી એટલું સુખ અને જેટલી આત્મિયતા એટલો પ્રસન્નતા.

માણસની ખરી પહેચાન તેની પત્ની છે. ઘર ચાર દીવાલોથી નહીં પણ સ્ત્રીના સાનિધ્યથી બને છે. ગૃહિણી ઘરની શોભા છે. સ્ત્રી એ પુરૂષના સમગ્ર જીવનનો અરીસો છે. માણસને તેની પત્ની સિવાય બીજું કોઈ સાચી રીતે ઓળખી શકતું નથી. સારો પતિ કે સારી પત્ની મળવી એ મોટા સદભાગ્યની વાત છે. આમાં આપણું કાંઈ ચાલતું નથી. ટકોરા મારીને લઈ શકાય એવી આ ચીજ નથી. દરેક માણસના જીવન વિકાસ અને પ્રગતિમાં તેની પત્નીનો અમૂલ્ય ફાળો હોય છે. પણ તેને ભાગ્યે જ યશ મળે છે. પ્રેમ, શ્રદ્ધા અને વિશ્વાસ લગ્નજીવનનો પાયો છે અને તેના પર પ્રસન્ન દાંપત્યની ઈમારત ઊભી હોય છે.

જીવન સાથીની પસંદગીમાં વધારે પડતી અપેક્ષાઓએ પણ અનેક પ્રશ્નો સરજ્યા છે. યુવાનીનાં સુંદર રંગીન સ્વપ્નો તૂટી જાય છે. સ્વપ્નો તૂટે છે અને વાસ્તવિકતા અકબંધ રહે છે. આદર્શ સ્વર્ગ કોઈને સાપડતું નથી. લગ્નજીવન એટલે યુવાવસ્થામાં પ્રેમ અને પ્રૌઢાવસ્થામાં સહારો છે. વૃદ્ધાવસ્થામાં દીકરા દીકરી પારકા થઈ જાય ત્યારે જીવનસાથી કિનારો બનીને આવે છે. જીવનસાથીનું મહત્વ પાછલી ઉંમરે સમજાય છે. સફળ લગ્નજીવનની ટકાવારી ઘટી રહી છે. મોટેભાગે એકબીજાને નિભાવી રહ્યા છે. બહારથી બધું સારૂં દેખાય છે પણ અંદર વલોપાત છે.

લગ્ન જીવનમાં કડવા મીઠા પ્રસંગો આવ્યા કરે છે. લગ્ન તરફનો અભિગમ આશાવાદી હોય અને ખાટી આમલીને મીઠા બોરમાં પરિવર્તિત કરવાની કૂનેહ હોય તો એ સુખનો સાગર છે. લગ્નનો અર્થ છે અર્પણ થવું. પ્રેમમાં ઢોળાઈ જવું પ્રેમ અને શ્રદ્ધાના દીપ અંધારાને ઉલેચીને પ્રકાશ પાથરી શકે છે. કંટકોને દૂર કરીને પુષ્પોની મહેક પ્રસરાવી શકે છે. એ જ જીવનની સફળતા છે અને સાચું સુખ પણ.


**Shri Shantinathay Namah**



## Dharmesh Sharad Mehta

| | | |
|---|---|---|
| D.O.B | : | 21-10-1993 |
| Birth Time | : | 2.24 PM |
| Birth Place | : | Bhyandar |
| Height | : | 5’.8” |
| Education | : | B.E. Information Technology |
| Occupation | : | Senior Software Engineer |
| Company | : | BNP Paribas |
| Diet | : | Jain |
| Religion | : | Deravasi Jain |
| Cast | : | Sorath Visa Srimali |
| Father | : | Sharad Shantilal Mehta |
| Occupation | : | Business in Hardware<br>**Neha Trade Centre**,<br>125/127, Narayan Dhuru Street,<br>Mumbai - 400 003 |
| Contact No. | : | 93222 61801 |
| Mother | : | Meena Sharad Mehta |
| Contact No. | : | 97574 08398 |
| Sisters | : | (1) Neha Desai - Married to Jakin Pravinchandra Desai (Bhyandar)<br>(2) Nikhita Mehta (Sadhviji Shreyaspunya Shriji) |
| Address | : | 203, Veetrag Tower, Near Bavan Jinalay Jain Derasar, Bhyandar (West) |
| Native Place | : | Jamkandoma |
| Mosal | : | Rasiklal Chandulal Mehta - Morbi, Currentely Tata Nagar |

# ભાવભરી શ્રદ્ધાંજલી



## સ્વ.શ્રી કાંતીલાલ અમૃતલાલ શાહ

જન્મ :તા.૩-૧૧-૧૯૩૬ સ્વર્ગવાસ : તા.૭-૨-૨૦૧૮

મૂળવતન : થાણા દેવડી (અમરનગર) - હાલ : ભાયંદર

**પિતા એવા હોય છે, જેમના હોવાનો અહેસાસ ક્યારેય થતો નથી**
**પણ ના હોવાનો અહેસાસ બહુ થાય છે**
**"સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડયું નહીં,**
**જીવન તમે એવું જીવ્યા ભૂલ્યું ભુલાય નહીં.**
**સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,**
**વસ્યા છો દૂર છતાં કૃપા આપની વરસતી રહેશે."**

**લિ. દક્ષાબેન કાંતિલાલ શાહ પરિવાર**

પુત્ર : અમિત • પુત્રવધૂ : પૂજા • પૌત્ર : પ્રથમ

પુત્ર : દિવેશ • પુત્રવધૂ : કિંજલ • પૌત્ર : અંશ

પુત્રી : ગીતા • જમાઈ : મુકેશકુમાર • દોહિત્ર : સિદ્ધાર્થ

ભાઈ : સ્વ. મનસુખલાલ, દિનેશભાઈ

બહેન : સ્વ. કમળાબેન તલકચંદ વસા • સ્વ. મંજુલાબેન વિઠ્ઠલદાસ દોશી • રંજનબેન છબીલદાસ વસા

દિવંગત પૂ.આ.દિવ્યાનંદસૂરિશ્વરજી મ.સા.

સસરા : જયંતીલાલ ગિરધરલાલ શાહ

તેમજ

સ્નેહીજનો તથા સમસ્ત શાહ પરિવાર

Kayami/February

# શ્રદ્ધાંજલી



## સ્વ. શ્રી મથુરાદાસ છોટાલાલ સાવડીયા

**તા.૧૦-૦૨-૨૦૦૧**

"સુખ-દુઃખમાં સદાય હસતાં રહ્યા તમે,
સૌના હૃદયમાં વસતા રહ્યા તમે,
અણધાર્યા છોડી ગયા જીવન છતાં જીવીત હોવાનો ભાસ છે,
દર્શન નથી તમારા દેહના પણ હૃદયમાં તમારો વાસ છે."

| | | |
|---|---|---|
| પુત્ર | : | મહેશભાઈ મથુરાદાસ સાવડીયા (મુલુંડ) |
| પુત્રવધૂ | : | હર્ષા મહેશભાઈ સાવડીયા |
| પૌત્ર | : | નેમીનકુમાર મહેશભાઈ સાવડીયા |
| પૌત્રવધૂ | : | સોનાલી નેમીનકુમાર સાવડીયા |
| પ્રપૌત્ર | : | સાહિલ નેમીનકુમાર સાવડીયા |
| | | ક્યાન નેમીનકુમાર સાવડીયા |
| પૌત્રી | : | પાયલ પ્રણવકુમાર દિનેશભાઈ શાહ |
| | | નુપૂર પ્રણવકુમાર શાહ |
| પ્રપૌત્ર | : | આર્ય પ્રણવકુમાર શાહ |
| પુત્રી | : | કુમુદ જસવંતરાય ખુશાલચંદ મહેતા (ઉપલેટા) |
| દોહિત્રી | : | કાજલ જસવંતરાય મહેતા |
| પુત્રી | : | નયના પ્રવીણકુમાર ફુલચંદ મહેતા (મોટીપાનેલી) |
| દોહિત્ર | : | નિખીલ પ્રવીણચંદ્ર મહેતા |
| દોહિત્રી | : | હેતલ ભાવેશકુમાર શાહ |
| દોહિત્રી | : | બિજલ હેમાંશકુમાર કોરડીયા |

Kayami/February



# અશાંતિમાં ટળવળતા જીવને પ્રભુ પરમ શાંતિ તું દઈજા !

**- મધુભાઈ ભીમાણી**



આજે અશાંતિ લોહીના કણેકણમાં વ્યાપી ગઈ છે. પ્લેગ ફાટી નીકળે એમ અશાંતિ પણ જીવનમાં પ્રવેશી ચુકી છે. આપણે સૌ તેની ખપ્પરમાં જીવનને હોમતા થઈ ગયા છીએ. ખરેખર તો એવુ લાગી રહ્યું છે કે આપણા જીવનમાં અશાંતિ ખુબ અને શાંતિ ઓછી. આમ અચાનક બન્યું હશે ? શાંતિની જગ્યા અશાંતિ પચાવી પાડે ને આપણને ખબરે ય ન પડે તેવું બને ખરું ?

વિચાર તો કરો : આપણે સારુ અને સાચું સાંભળતા જ બંધ થઈ ગયા. આંખની જોવાની તાસીર જ બદલાઈ ગઈ. શબ્દો દ્વારા હૂંફ પહોંચાડતી જીભને જાણે લકવો થઈ ગયો. ટેકો આપતા હાથ કોઈને મસલી નાખવા તત્પર દેખાય છે. નવી મંઝિલ સર કરવાનું કૌવત પગ પાસે રહ્યું નથી. આ મેં લખ્યું ને તમે વાચ્યું પછી તમેજ તમારી જાતને પ્રશ્ન કરો કે આ લખાણમાનું બધુજ આપણે રોજબરોજ અનુભવતા નથી? અશાંતિના કોલાહાલમાં કેટ કેટલુ ડૂબતું જાય છે! અને ક્યારેક છાને ખૂણે શાંતિને રિઝવવાના પ્રયત્નો ય કરી લેતા હોઈએ છીએ. હંમેશ માટે અશાંતિ કેમ કરી ગમે ?

મોટા મોટા અવાજે કોઈ બોલતુ હોય તો આપણે તેને કહીશું : ભાઈ (કે બહેન) જરા ધીરુ બોલો. મને બધું સંભળાય છે. ક્યારેક મોટા મોટા અવાજે બોલાતું લવારા જેવું લાગવા માંડે મતલબ એટલો કે મનને શાંતિ જોઈએ છે. અંદરથી આપણે સૌ શાંતિવાંછું છીએ.

પણ એક વસ્તુ પાકી છે. જીવનમાં શાંતિ કાંઈ માંગીએ ને મળી જાય તે શક્ય નથી. શાંતિ માટે અંદરનો ઘોંઘાટ કમ હોવો જાઈએ. વાતે વાતે ચિડાયેલા રહીએ ત્યારે અંદર અસુખ જ રહેવાનું ને ત્યારે વાતચીત કરવા જઈશું તો શબ્દો મોંમાંથી ભળતા જ બહાર પડશે. શક્યતા પુરી છે કે આપણા શબ્દો તાળબદ્ધ નહીં હોય. સાંભળનારાને અચરજ થશે. સાંભળનારો આપણા માટે હમદર્દી ધરાવતો હશે તો કહેશે ય ખરો : તમે આજે મૂડમાં લાગતા નથી.

અને આપણા ઘરમાં જ ઉચ્ચરાતા આ વાક્યો હવે ફરી વખત ચકાસી જુઓ. ઘરમાં આમ બોલાતું હોય છે. : જવાદો (૧) આજે તમે ચિઢાયેલા છો એટલે મારી વાત તમને નહીં સમજાય.(૨) આજે પપ્પા ગુસ્સામાં છે કાલે વાત કરીશું. (૩) કામ તો એમણે કહેવું છે પણ મુડમાં નથી લાગતા. વ.વ

નિરીક્ષણને જરા આગળ વધારો તો તરત તારણ નીકળશે કે અશાંતિના મૂળ આપણી આજની બદલાયેલી જીવનશૈલામાં પડયા છે. જે કાંઈ કરવું છે તે ઝટઝટ કરવું છે. જે મેળવવું છે તે તુરંત મેળવવું છે. જે સમય કામ કરવા માટે તે સમયમાં જ સફળતા મળી જવી જોઈએ. આજે-અત્યારે-અબઘડી ઉતાવળની પાંખો પર જ સવાર છીએ. ચાલવું નથી-દોડવું છે. આમાં શરીરનું સ્વાસ્થ્ય રહે ખરું ? નાની-મોટી માંદગી ટાપીને બેઠી છે. શરીર લથડયું કે એ તો એનો મુકામ જમાવી દે. શરીરમાં સુખાકારી ન હોય તો પછી મનમાં ય સુખાકારી ન હોય. પછી મનની નબળાઈ ટેંન્શનને નોતરે. રોગ લંબાય તો આર્થિક મૂંઝવણો વગર નોતરે ઉભી હોય છે....લીસ્ટ લાબું ન કરીએ પણ આટલામાં જ સમજી જઈએ કે અશાંતિના પ્રવેશ સાથે શું શું નુકસાન જીવનમાં ભોગવવા પડે છે, માત્ર શરીર જ તકલીફ ભોગવે છે તેમ નથી. અંદરનો માહયલો ય ભારે તકલીફમાં પડી જાય છે. એવો સિનેરીયો કલ્પી શકો છો જેમાં શરીર શ્વાસોચ્છવાસ લીધા કરે. અંદરથી ક્ષણેક્ષણે મરતા જઈએ. પીડાનો વિસ્તાર વધતો જાય સબંધો પર પણ અચૂક અસરો પડે. કુટુંબ-કલેષ જીવનને ધુંધળુ બનાવે ત્યારે બહુ મોડું થઈ ગયું હોય છે. અશાંતિનો રોગ ત્રીજા સ્ટેજે પહોંચી ગયો હોય છે.

બધાના જીવનમાં આમ બનતુ હશે ? ના ને હા.

ઉત્પાતિયો એક આખો વર્ગ થયો છે. તમે તેમાં છો કે નહીં તે તમે નક્કી કરજો.

શાંતિનોવાસ મનમાં ન હોય તો અવગતિયા જીવની જેમ આમતેમ ધુમતા રહીએ છીએ. તેના કારણે થતું નુકસાન આપણને પછી નિરાંતે સુવા દેતું નથી. અનિન્દ્રાનો ભોગ....

તમે જ કહો નુકશાનીનો ધંધો કોને ગમે ? પાયમાલી કોને વ્હાલી હોય ? મુંઝારો મનમાં સતત વેંઢારવો પાલવે ખરો ? પ્રશ્નો ભલે કરતા ન હોઈએ પણ થતા જ હોય છે. પ્રશ્નો - ઉકેલ

શોધવામાં મદદરૂપ બની શકે તેવો અનુભવ પણ કેટલાક નો હશે. ઉકેલ જો મળી જાય તો સમસ્યાએ ઉભી પૂંછડીએ ભાગવું પડે. તમે અશાંતિની પક્કડમાં ફસાયા હો તો શું કરો? આ સવાલનો એકજ જવાબ કે શાંતિ મેળવવાના પ્રયત્ન

તમારા એ પ્રયત્નો અનેક પ્રકારના હોઈ શેક. પ્રયત્નો તમને યારી આપતાં પણ લાગે પણ તે ડચકા ખાતા લાગે ત્યારે ઈશ્વર સ્મરણ કરી જોજો. ઈશ્વર તરફી પ્રાર્થના જરુર કામયાબ નીવડે.

**પ્રાર્થનાના બોલ કંઈક આ પ્રકારના હોય**

**હે ઈશ્વર !**

**અશાંતિમાં ખુબ અથડાયા.**
**તેમાં જીવનનો રસકસ ખોયો.**
**હવે - શાંતિ તું મને પ્રદાન કર તે મારી પ્રાર્થના છે.**
**ઘણા પ્રયત્નો કર્યા. ઘણી મથામણ કરી.**
**એ બધામાં ભાવ એ જ હોય**
**કે મારી મહેનત સફળ કેમ ન થાય?**
**કબૂલ કરું છું હે ઈશ્વર**
**તે તેમા મારું હું પદ પરોવાયેલું હોય જ.**
**ક્યારેક પ્રલોભનોમાંય હું સપડાયેલો હોઉં.**
**પણ હે ઈશ્વર,**
**તારી અમીદ્રષ્ટિ જોઈશે,**
**તારો સહારો જોઈશે.**
**ભોટ જેવા તારા આ બાળકને તારી હૂંફ જોઈશે.**
**તારા વગર મારો ઉદ્ધાર નથી.**
**અશાંતિના માર્ગથી પાછા વળવા**
**અને શાંતિમય જીવન વિતાવવા**
**પ્રભુ! તારો સહારો જ બસ છે.**
**તે મને મળી રહો!.**

# જીવનમાંથી આનંદ લૂંટો

કમળા નેહરુ પાર્ક પર ફરતાં એક સુખી મિત્ર મળ્યા. દર વર્ષે તેઓ કાશ્મીર જવાની વાત કરતા. તેઓ એટલા સુખી હતા કે કાશ્મીર જવાનું ઍરોપ્લેનનું ભાડું તેમને ફલોરા ફાઉન્ટનના બસના ભાડા જેવું લાગે. છતાં તેઓ જઈ શકતા નહોતા. કાશ્મીર તો ઠીક, પણ મુંબઈનું પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ પણ તેમણે જોયું નહોતું–જોકે જોવા જવાની વાત તો તેઓ વર્ષોથી કરે છે.

આખરે હસતાં હસતાં તેઓએ કહ્યું: મારી પત્ની અને પુત્રોને કાશ્મીર મોકલી દીધાં છે. મારાથી તો હમણાં જવાય એમ નથી. સરકારની વેપારી નીતિ તમે જાણો છો.

આ મિત્રને કેમ સમજાવાય કે 'કમાણી કોને કહેવી? જીવનની સુંદર પળને વ્યર્થ વહી જાવા દેવી અને કમાણીની વાતો કરવી તે કેવી બુદ્ધિમત્તા? જીવનમાં કમાવા જેવું શું માત્ર એક ધન જ છે? શું માનવી માત્ર રોટી પર જીવે છે? ગુલાબ પર નહીં? કવિતા પર નહીં? સૌંદર્ય પર નહીં? માનસિક સ્વાસ્થ્ય પર નહીં? ચિત્તની શાંતિ અને હૃદયના વૈભવ પર નહીં? જ્ઞાન, પ્રેમ ને આનંદ પર નહીં?

આ મિત્રને મળતાં જ એક પ્રસંગ મને યાદ આવ્યો. આ રહ્યો તે પ્રસંગ:

ચીનની એક હોસ્પિટલમાં એક અમેરિકન યુવતી માંદી હતી. એક અમેરિકન ડૉક્ટર રોજ દર્દીને એક વાર તપાસવા ઊડતી મુલાકાત આપી જતા.

ડૉક્ટર આજે પણ હોસ્પિટલની મુલાકાતે આવ્યા હતા. તેમની પાસે સમય બહુ થોડો હતો તેથી ઊડતી મુલાકાતીથી જ આજ તેમણે સંતોષ લેવાનો હતો. ત્યાં તેણે પેલી અમેરિકન બાઈનું નામ જોયું. તે બાઈની અને પોતાની અટક– Surname સરખી હતી તેથી તેને કુતૂહલ થયું અને તેની પાસે ગયા. થોડાઘણી વાતચીત થઈ અને છૂટા પડયા.

બે ત્રણ મહિને ડૉક્ટરને ચીન છોડી અમેરિકા જવું પડયું. બીજો એકાદ મહિનો થયો. તેમના દવાખાનામાં દર્દીઓની કતાર લાગી હતી. તેમને શ્વાસ ખાવાની પણ ફુરસદ મળતી નહોતી. ત્યાં કમ્પાઉન્ડર ટપાલ મૂકી ગયો. એક ટપાલ ચીનની હોસ્પિટલમાંથી પેલી અમેરિકન બાઈની આવી હતી. ડૉક્ટરને કુતૂહુલ થયું અને ટપાલ ખોલી વાંચવી શરૂ કરી. એક વાર તો ઊભા ઊભા વાંચી ગયા. પછી તરત ઝૂલતી ખુરશીમાં બેસી

જઈ ફરી તે વાંચી અને એમ આઠદસ વાર વાંચી ગયા. કમ્પાઉન્ડર અને દર્દીઓ આશ્ચર્ય પામ્યા કે નાનકડા પત્રમાં અડધો કલાક રહ્યા છે!

ડૉક્ટરે છેલ્લી વાર કાગળ ધીમેથી વાંચવો શરૂ કર્યો. તેમાં લખ્યું હતું: તમે હોસ્પિટલમાં મારી મુલાકાતે આવ્યા તે માટે તમારી પ્રેમાળ સહૃદયતા માટે હું અત્યંત આભાર માનું છું. તમે બતાવેલ સહાનુભૂતિથી મારું હૃદય ગદ્‌ગદિત થઈ ગયું હતું. અને મને થયું, હું પણ તમારા માટે કંઈક કરું. તમારા અત્યંત થાકેલ અને ગ્લાનિમય ચહેરા તરફ તે સમયે જ મારી નજર ગઈ હતી. અને મને લાગ્યું હતું કે જીવન પાસેથી જે મેળવવાનું છે તે તમે મેળવવું ભૂલી ગયા છો, તમારા અત્યંત ધમાલભર્યા જીવનમાં તે તમે ભૂલી ગયા છો. હું હમણાં જ એક ચિનાઈ બગીચામાં ફરવા ગઈ હતી. ત્યાં તાંબાની તખતી પર એત સુવાક્ય લખ્યું હતું. Enjoy Yourself for it is later than you think જીવનમાંથી આનંદ લૂંટો, કારણકે તમે ધારો છો તેના કરતાં ઘણું મોડું થઈ ગયું છે.

ડૉક્ટર આ વાક્ય ફરી ફરી વાંચ્યું, ધીમેથી વાંચ્યું અને મોટેથી વાંચ્યું, મનમાં ઘૂંટી ઘૂંટીનેય વાંચ્યું, પરિણામે હૃદયમાં ઊંડે ઊંડે તેના પડઘા પડયા. આ એક વાક્યે તેમની આંખ ઉઘાડી નાખી. બાજુમાં પડેલ ટેલિફોન લઈને તમના બીજા એક મિત્રને તેમણે ફોન કર્યો. કહ્યું: વહાલા મિત્ર! તું દક્ષિણ અમેરિકાની સફરે આવી પહોંચીશ? ત્રણ મહિના માટે વેકેશન લેવાનું મેં નક્કી કર્યું છે. તે મિત્ર મોટો વેપારી હતો. મોટો વેપારી લાભની જે તક વર્ષોથી શોધતો હતો તે તક તેને થોડાક મહિનામાં મળે તેમ હતું. તે વેકેશન ક્યાંથી લઈ શકે? તેણે ના પાડી. ડૉક્ટર ગાડી લઈને તેની પાસે ગયા. અને કંઈ પણ દલીલ કર્યા વિના પેલો પત્ર તેણે વેપારી મિત્રના હાથમાં મૂક્યો. વેપારી મિત્રે આખો પત્ર વાંચ્યો. તેમાનું પેલું પ્રેરણાત્મક વાક્ય આવતાં જ તે ચમક્યો. તેણે તે વાક્ય ફરી ફરીને વાંચ્યું: આનંદને લૂંટો. કારણ તમે ધાર્યું છે તેનાથી ઘણું મોડું થઈ ચૂક્યું છે. તેણે વેપારને પડતો મૂક્યો. હૅટ ને કોટ ઉતારી, ટાઈ કાઢી નાખી, આરામખુરશીમાં પડતું મૂકી તે બોલ્યો, વેપારનું થવાનું હોય તે થાય, આપણી પાસે કેટલાં વર્ષ છે સિલકમાં! ચાલ મિત્ર! દક્ષિણ અનેરિકાની સફરની તૈયારી કરીએ.

અને બેઉ દક્ષિણ અમેરિકાની સફરે ઊપડયા. ત્યાં રીઓ ડી જેનેરોમાં એક અબજપતિ મિત્રને ત્યાં ઊતર્યા. તે મિત્રનું ઉદ્યોગનું મોટું સામ્રાજ્ય હતું. ઘરમાં તેને એકલા જોઈને તે ડૉક્ટર અને વેપારીએ પૂછયું: તે ઉદ્યોગપતિએ કહ્યું: તેઓ તો મેક્સિકો વેકેશન ગાળવા ગયાં છે?

'તમે ન ગયા?'

'તો પછી અહીંનું આ ઔદ્યોગિક સામ્રાજ્ય સંભાળે કોણ? તેવી ફુરસદ મને ક્યાં છે.'

ડૉક્ટરે આ સાંભળીને ચીનની હોસ્પિટલમાંથી આવેલ પત્ર ખિસ્સામાંથી કાઢયો અને દત્રિણ અમેરિકાના તે અબજપતિને વિનંતી કરતાં કહ્યું, એક પાંચ મિનિટ મને આપો. આ એક પત્ર તમને મારે વંચાવવો છે.

'ખુશીથી તમને ના પડાય? પણ જરા જલદી કરજો. બોર્ડની મિટિંગ દસેક મિનિટમાં થશે.'

ફક્ત પાંચ મિનિટ. કહી ડૉક્ટરે તે પત્ર વાંચવો શરૂ કર્યો. વાંચતાં વાંચતાં પત્રને છેડે લખેલું પેલું તખતીવાળું લખાણ– જીવનમાંથી આનંદ લૂંટો; તમે ધારો છો તેનાથી હવે ઘણું મોડું થઈ ગયું છે. વાંચતા જ અબજપતિના કાનમાં સળવળાટ પેદા થયો. તે બોલ્યો: જરા એ છેલ્લું લખાણ ફરીને વાંચો ને! ડૉક્ટરે એ ફરીને વાંચી સંભળાવ્યું. અબજપતિએ ધીમેથી ડૉક્ટરના હાથમાંથી પત્ર લઈ લીધો ને એ પ્રેરણાત્મક વાક્યનું ફરી ફરીને પ્રેરણાપાન કરવા લાગ્યો:

જીવનમાંથી આનંદ લૂંટો; તમે ધારો છો તેનાથી ઘણું મોડું થઈ ગયું છે.

ક્ષણેક પછી આ અબજપતિ ઉદ્યોગ સમ્રાટે સેક્રેટરીને બોલાવવા ઘંટડી મારી. સેક્રેટરી આવતાં જ તેમણે કહ્યું: અમારા ત્રણ જણની મેક્સિકોની ટિકિટ રિઝર્વ્ડ કરાવ. મારી પત્ની અને બાળકોને મળવા અને ત્યાં વેકેશનના સુંદર ત્રણ મહિના ગાળવા આજે જ અમે ઊપડી જઈએ છીએ. ઘટતી વ્યવસ્થા કરીલો.

સેક્રેટરીએ એપોઈન્ટમેન્ટ બુક કાઢતાં કહ્યું: પણ સાહેબ! બોર્ડની મિટિંગ છે, નાણામંત્રીની ગાર્ડન પાર્ટી છે; પરદેશનું વેપારીમંડળ કારખાનાની મુલાકાતે આવવાનું છે; અને–'

અબજપતિએ તેને અટકાવતા કહ્યું :

"બધું રાહ જોઈ શકે છે, પણ આ ઝપાટાબંધ વહીં જતું જીવન કોઈની રાહ જોતું નથી. હું ધારું છું તેના કરતાં ઘણું મોડું થઈ ગયું છે. હવે મને જીવનમાંથી જે મેળવવા જેવું છે તે શાંતિ અને આનંદ મેળવવા દે."

- વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ

# પ્રતિક્ષા

સૂર્યાસ્ત થવાને હજી અડધાએક કલાકની વાર છે. ઠંડીના દિવસો અત્યારથી ઉગ્રરૂપ ધારણ કરી ચૂક્યા છે. આ કાતીલ ઠંડીમાં બહાર પગ મૂકવો પણ મુશ્કેલ થઈ ગયો છે. વાડામાં બાંધેલી ગાયો તરફડે છે. ઘરની આસપાસ કુરકુરિયાં ઠંડી સહન કરી શકતાં નથી, આથી કૂતરી એમને સ્નાનાગારની પાસે મૂકેલી સગડીની ગરમી પાસે ઊંચકીને લઈ જાય છે. પક્ષીઓ પોતાના માળામાં ભરાઈ ગયાં છે. મંદ હવા પણ શરીરને કંપાવી દે છે. કેટલાંય વરસો પછી આવી ઠંડી પડી છે. છેલ્લા અઢાર-વીસ વરસથી ઠંડી પડી નથી, લોકો કહે છે. આ સાંજના વાતાવરણ પરથી લોકો ઠંડીથી બચવાના ઉપાયમાં લાગી ગયા હોય એમ લાગે છે.

પરંતુ રામીને ઠંડી જ લાગતી નથી. આજે એનો દીકરો આવવાનો છે. આથી ઘરમાં ધમાલ છે. માથી આઘો રહીને , તે ભણતો હતા. નોકરીએ લાગ્યા પછી એ પહેલી વાર આવે છે. રામીની આંખો સામે હ્રષ્ટપુષ્ટ શરીર, આછી પાતળી કાળી મૂછવાળા પોતાના દીકરા સિવાય બીજું કાંઈ દેખાતું નથી. હર વખત હર સ્થળે એ જ સામે ઊભો રહે છે. એને માટે તો ઠંડી પણ કેવી અને તોફાન પણ કેવું ? કેટલાંય વરસો પછી આજે દીકરાને જોવાની માની આકાંક્ષા છે. દીકરાના સ્વાગત માટે શું બે આંખો પૂરતી થઈ રહેશે ? અંધકાર ધીરે ધીરે પોતાની ચાદર પસારી રહ્યો છે. શરીરને કંપાવી દેનારી હવા તેનું અનુસરણ કરતી પોતાની ભયંકરતા વધારી રહી છે. આ સમયે રામીને દીકરાની પ્રતીક્ષા સિવાય બીજી કોઈ ચિંતા નથી.

તિમ્મજ્જી-રામીની સાસુ હવે બૂઢી થઈ ગઈ છે. શરીર પર કરચલીઓ પડી ગઈ છે. તેના હાથ પગ ચાલી શકતા નથી, કોઈ કામ કરી શકતી નથી. પરંતુ આજે ગરમ સઘડીને સામે બેસીને પૌત્રને અત્યંત પ્રિય વાનગી બનાવી રહી છે. કેળા ને પૂરી કડાઈમાં તળીને એક એક કરીને કોથળા પર મૂકે છે. અંધકાર ચારે તરફ છવાયેલો છે. ઘરની પાસે સળગતી આગની જ્વાળા ગરમ પાણીના પાત્રની બાજુમાંથી નીકળીને મંદ પ્રકાશ પ્રસારી રહી છે. રામીને તો એક દીકરાની રાહ જોવાની છે. તે યલ્લાપુર સુધી મોટરમાં આવશે અને ત્યાંથી ઘેર બળદગાડીમાં આવશે. તિમ્મજ્જીએ તેને લઈ આવવા માટે પોતાના એક સગાને પણ મોકલ્યો છે. બળદગાડીમાં સુકું ઘાસ પાથરીને ચાદર ઘડી વાળીને મૂકી હતી. પાછા ફરતાં અંધારું થઈ પણ જાય, એ વિચારથી ફાનસ પણ મોકલ્યું. ગાડીને ત્યાં સારો સમય થાય છે, એ જાણે છે. તો પણ ગાડી ગયા પછી તેની રાહ જોતી એ બહાર ઊભી છે. પ્રતીક્ષાની પળ ખૂબ લાંબી હોય છે. હવે તો સૂર્યાસ્ત થઈ ગયો છે. કહેવાનું જ શું ? રામી અને તિમ્મજ્જી બંને ઓટલા પર બેસી બળદગાડીની પ્રતીક્ષા કરી રહ્યાં છે.

શું આ પહેલા એણે કેટલીય વાર દીકરાની પ્રતીક્ષા કરી ન હતી ? કરી હતી. આજથી કેટલાંય વરસ પહેલાંની વાત છે. ત્યારે એ ચાર પાંચ વરસનો હશે. પારણામાં પોઢતું બાળક, ઘૂંટણોથી ઘસડાઈને ચાલતું થયું ત્યારે રામી જ્યાં કાંઈ કામ પર જતી ત્યાં માની આજુબાજુએ ફર્યા કરતો. ત્યાર પછી, જરા મોટો થતાં ગામનાં મુખીના કહેવાથી ગામની બહાર ગ્રામ્ય શાળામાં એને દાખલ કર્યો હતો. દરરોજ દીકરો નિશાળેથી પાછો ફરે ત્યાં સુધી રામી બેસી જ રહેતી હતી. નાનો બાળક હતો, પહાડી રસ્તામાંથી એકલા આવવું પડતું હતું. તદઉપરાંત કાંટા અને પથ્થરોવાળો રસ્તો હતો અને જંગલી જનાવરનો ભય. દીકરો ઘેર આવે ત્યાં સુધી તેનો જીવ અધ્ધર રહેતો હતો. ત્યાર પછી ગામના મુખીએ જ સરકારી મદદ અપાવીને એને અંગ્રેજી શાળામાં મોકલ્યો હતો. ત્યાર પછી એક વરસ તાલીમ લેતા પોતાના દીકરાને મુખીએ પણ ઘેર જ ભણાવ્યો હતો. તાલીમ પૂરી થતાં ગઈ વર્ષાઋતુમાં એને નોકરી મળી છે. એનો દીકરો માસ્તર શિયાળાનો સૂટ પહેરી આજે ઘેર આવી રહ્યો છે. આટલાં વરસોથી એ દૂર રહ્યો છે, હવે મોટો થઈ ગયો છે. નોકરી મળ્યા પછી પહેલી વાર આવી રહ્યો છે અને તે પણ માસ્તર બનીને.

દીકરો માસ્તર બને આ ઈચ્છા રામીની નહિ, એના પતિની હતી.

ઠંડી હવા વહેતી હતી. દીકરાને જોવાની એની દૂરની દ્દષ્ટિએ એને દૂરની દુનિયામાં પહોંચાડી દીધી છે.

હા, દીકરાની વરસગાંઠના દિવસે રામીના પતિ સુબ્બે બધાંની સામે હામલોકની વચ્ચે ''પોતે દીકરાને માસ્તર બનાવશે, મોટી સ્કૂલમાં મોકલશે, સુબ્બનો દીકરો સુબ્બ નહિ બને" કહેતા કહ્યું હતું,

''તું ક્યારે માસ્તર બનીશ દીકરા! હું પણ તારી પાસે ભણીશ."

એ ઈચ્છા દીકરાએ આજે પૂરી કરી છે, પરંતુ એ જોવા માટે સુબ્બ આજે નથી. પ્રતીક્ષાની પ્રત્યેક પળ રામીને ગત ચિત્રોની સન્મુખ લાવે છે.

રામીનો દીકરો નાનો બાળક હતો, એ સમયનો તેનો પ્યારો મધુરો ચહેરો એની આંખો સામે આવી રહ્યો છે. ઘરમાં ભાત ચૂલા પર મૂકતી વખતે એ રોતો તો એ કામ છોડીને ત્યાં દોડી આવતી અને બાળકનો હાથમાં લઈ ચુમતી, ખવડાવતી, ફોસલાવતી. જ્યારે બાળક રોતું ત્યારે તેને ભૂખ્યો સમજીને અન્ય સ્ત્રીઓની જેમ પરાણે સ્તનપાન કરાવીને તેને શાંત કરતી. પછી આંખોમાંથી પડેલાં અશ્રુ ગાલનાં ઉપરનાં ભાગ સુધી આવીને ચમકતાં 'આથી આગળ નહિં વધીએ' કહીજતાં. પરંતુ બાળકનું મોહક રૂપ જોઈને એક પળ પછી આંસુ લૂછીને, ધરાઈને તે બાળકને ચૂમી લેતી. કાલી કાલી બોલીથી જ

બાળકને પ્રેમભર્યા ઠપકો આપતી. બાળક સાથે થોડો સમય મન બહેલાવ્યા પછી ચુમીને બાળકને પારણામાં સુવાડતી, કામળો ઓઢાડી કહેતી, તને આમ ઝાલીને બેસી રહીશ તો તારા બાપુને ખાવાનું કોણ ખવડાવશે? બિચારા થાકીને આવે છે. અને તે રસોડામાં પહોંચી જતી. રાંધી, થાળી તૈયાર કરી, લોટો ભરી બારણા પાસે આવી એ તેના પતિના પ્રતીક્ષામાં ઊભી રહેતી.

"અત્યાર સુધીમાં મારી લાડલો અડધો રસ્તો વટાવી ચૂક્યો હશે!" ત્યાં બેસીને તિમ્મજ્જી બોલી.

"સીધા ઝડપથી આવતા હશે તો વટાવી ચૂક્યો હશે" અટકી અટકીને રામીના મોંમાંથી શબ્દો નીકળ્યા. પાલવ બરાબર કરી ગળાની મણિમાલા પર હાથ ફેરવતી એ અંદર ગઈ. ભગવાનની સન્મુખ દીવામાં તેલ પૂરી, વાટ મોટી કરી અને બહાર આવી ફરી એ પોતાની જગાએ બેસી ગઈ.

સુબ્બ-રામીનાં લગ્નનાં કેટલાક દિવસ પછી તિમ્મજ્જીએ પોતાના બાગની થોડી જમીન મેળવી હતી. હવે એ ઘર, ખેતર વગેરે તિમ્મજ્જી અને રામીની મહેનતનું ફળ છે. પહેલી વાર સુબ્બ-રામી અહીં આવ્યા હતાં ત્યારે ફક્ત જમીન હતી. આખા ગામમાં સાત આઠ ઘર હતા. એમણે જ પહેલી વાર વાસનું ઘર બાંધ્યું હતું. જેમ જેમ સગવડ થતી ગઈ તેમ તેમ સુધારા થતા ગયા. નિયમન, પતિ પ્રત્યેનો પ્રેમ, કાળજીભરી દેખરેખથી પતિને સારા રસ્તે લાવવાની રામીમાં ક્ષમતા હતી. છતાં સુબ્બ કેટલીય વાર છૂપી રાતે દારૂ પીતો હતો. ચોરીછૂપીથી પણ મધપાનની તૃષ્ણા બુજાવી લેવાની આદતથી ગામલોકો નારાજ થઈ ગયા હતા અને કેટલાક લોકોએ તો એને ગામની બહાર કાઢવાનો નિશ્ચય કર્યો હતો. આખરે રામીએ સુબ્બને સમજાવ્યો હતો. આપણે પણ એક કુટુંબ, પત્ની, ખેતર, ઈજ્જત આબરૂ છે. ભવિષ્યમાં ન પીવાના એણે ભગવાન આગળ સોગન લીધા હતા. શિવરાત્રીને ચાર દિવસની વાર હતી ને રામીએ બાળકને જન્મ આપ્યો. આજે એની રાહ જુએ છે. બેમાંથી ત્રણ થયાં. બાળકની પહેલી વરસગાંઠ આવતાં પહેલાં તો રામી અને સુબ્બે પોતાનું એક ઘર બાંધી દીધું. વાડી લીધી અને કૂવો પણ બનાવડાવ્યો. બળદગાડી પણ ખરીદી. વાડીમાં સારાં શાકબાજી થતાં હતાં. આ શાકભાજી દશ માઈલ દૂર યલ્લાપુરનાં બજારમાં વેચી આવવાનું કામ સુબ્બનું હતું.

રામી, રામી! ત્યાં જો. દૂરથી બળદની ઘંટડીનો અવાજ આવે છે. મને કાંઈ દેખાતું નથી. તું જ જો. તિમ્મજ્જીએ આંગળી કરી બતાવ્યું.

એ બળદની ઘંટડીનો અવાજ નહિ પણ મંદિરની ઘંટડીનો અવાજ છે, રામીને સ્પષ્ટ થઈ રહ્યું હતું. દીકરાને આવવામાં મોડું થઈ ગયઉં છે, એને થયું. એની બેચેની વધવા લાગી. પહેલા પણ આ પ્રમાણે યલ્લાપુરમાં શાકભાજી વેચીને પતિની પાછા આવવાની એ પ્રતીક્ષા કરતી હતી. સુબ્બ ભડભાંખરામાં ઊઠીને શાકભાજી ગાડીમાં લાદી નીકળતો હતો. સૂરજ ચઢતાં પહેલાં જ બજારમાં પહોંચી જઈ, તે વેચી પૈસા લઈ લેતો અને અંધારું થતા પહેલા એ ઘરે આવી જતો. 'સૂકા બાંગડા' સુબ્બાની પ્રિય વસ્તુ હતી. બહાર જતા પહેલા સુબ્બ પત્નીને બાગડાં શેકીને તૈયાર રાખવાનું કહેતો હતો. સાંજ પડતાં જ રામી રાંધીને, સૂકા બાંગડા દેવતામાં સેકી,સગડીની પાછળ મૂકતી અને બહાર આવીને પતિની રાહ જોતી. ઘરની ચોમેર તેની વિશિષ્ટ મહક પ્રસરી જતી. એ અંધકારપૂર્ણ રાત્રિની ઠંડીમાં પણ દૂરનો અવાજ સાંભળવા માટે રામીના કાન આતુર રહેતા હતા. થાક્યામાંદા પતિને પેટ ભરીને ખવડાવતી અને પછી આરામથી સુવાડવા માટે એને ખેંચી લાવતી.

રાતના બે વાગી ગયા છે. રામી અને તિમ્મજ્જી હજી પણ બળદગાડીની પ્રતીક્ષા કરી રહ્યાં છે. ઠંડી સખત છે, હવાનો સહારો મેળવીને શરીરને ઠીંગરાવી નાખે છે. હવે તો રામીનું મન અસ્થિર-ડગમગુ થઈ ગયું છે. સહનશક્તિ ખૂટવા આવી છે. હજી સુધી કેમ આવ્યો નહિં? અત્યાર સુધીમાં તો તે આવી જવો જોઈતો હતો. એની આ શંકાનું કારણ પણ છે.

એક દિવસ આ પ્રમાણે એ પતિની પ્રતીક્ષા કરી રહી હતી. તે રાત્રે એને પાછા ફરતા બહુ વાર થઈ ગઈ હતી. એ રાહ જોતી હતી ત્યાં એકાએક બાળક રડયો. દોડાદોડ એ અંદર ગઈ જોયું તો બાળક ગાઢ ઊંઘમાં ઊંઘતો હતો. નીંદમાં જ રડયો હશે. ધીરેથી એણે બાળકના ગાલ ચૂમ્યા. પછી ભગવાનનાં ચરણોમાં મૂકેલા દીવામાં તેલ પૂરવા ગઈ તો તેલ વધુ પડી જવાથી દીવો હોલવાઈ ગયો. દીવો ફરી કરીને એ બહાર આવી એટલામાં બળદોના ગળાની ઘંટડી સંભળાઈ. આ એમની ગાડી આવી રહી છે, તેને ખ્યાલ આવી ગયો. રામી ત્યાં બારણા આગળ ઊભી રહી, હાલી નહીં. દરરોજ ગાડી પાસે પહોંચી જઈ પતિનું સ્વાગત કરતી હતી. પરંતુ આજે તો પતિ જ મારી પાસે આવે, રામી ઈચ્છતી હતી. પતિની પ્રતીક્ષામાં વ્યાકુળ થયેલું એનુ મન ફરી ઉલ્લાસિત થઈ ગયું. જેમ જેમ ગાડી પાસે આવતી ગઈ તેમ તેમ પ્રસન્નતા વધતી જતી હતી. એ શબ્દોના ફુવારા દ્વારા પોતાની પ્રસન્નતા પ્રગટ કરવા ઈચ્છતી હતી.

પરંતુ મૌનનો અભિનય કરતી ઊભી રહી ગાડી વધુ પાસે આવી. તેનું મૌન તેનો બંધ તૂટી ગયો... પગથિયાં ઊતરી તે આગળ વધી. અધારામાં કાંઈ પણ સ્પષ્ટ જણાતું ન હતું. આછા પ્રકાશમાં આગળ વધી તેણે પૂછયું, આટલું મોડું કેમ થયું? રાતના ત્રણ વાગ્યા સુધી શું કરતા હતા? અને ગાડીને ઊભી રાખીને કહ્યું, "હવે ઊતરો"

પરંતુ ગાડીમાંથી કોઈ અવાજ આવ્યો નહિ. સુબ્બને ગાડીમાં સૂઈ જવાની ટેવ હતી. પાછા ફરતી વખતે, જ્યારે

થાકી જાય ત્યારે એ સૂઈ જતો હતો. બળદ ગાડી ખેંચતા ઘેર પહોંચી જતા. તેથી ગાડીની બાજુમાં ઊભા રહીને રામીએ મોટેથી કહ્યું, આજે બિલાડી માછલી લઈ ગઈ છે. તમારે એમ જ ખાવું પડશે. અને તેણે પૈંડા પર ચઢીને અંદર જોયું. ગાડીમાં સુબ્બા ન હતો. એની છાતી જોરથી ધડકવા લાગી. પરંતુ એ ગાડીની પાછળ પાછળ ચાલતા આવતા હશે, રામીએ વિચાર કર્યો અને તે સહેજ આગળ જઈને ઊભી રહી.

રામી આ વિચારોમાં પૂરેપૂરી ડૂબી ગઈ હતી.

પ્રતીક્ષાથી કોઈ લાભ થયો નહિ. પાછા ફરીને ગાડીની સામે દીવો ધરીને તેમાં જોયું તો ત્યાં ઘણાં નિશાન હતાં. દીવો હાથમાંથી નીચે પડી ગયો. રામી પણ ઢળી પડી. તે જેને એક ખેલ સમજી રહી હતી તે દેવનો ક્રૂર ખેલ હતો, એ સમજતાં વાર ન લાગી. હવે તેને યાદ આવ્યું : તેલ પૂરતી વખતે ભગવાનનો દીવો બુઝાઈ ગયો હતો. આ વજ્રઘાત એને માટે અસહ્ય હતો. એ રડી નહિં. મૂક પાષાણ બનીને રહી–એવો પાષાણ જેને ઘોર અંધકારની કંપાવી મૂકનારી ઠંડી પણ વિચલિત કરી શકે નહિં. એને માટે જીવનના સાહસપૂર્ણ અનુભવની અપૂર્વ પ્રતીક્ષા હતી. દરેક સુખની પ્રતીક્ષા કરનારી રામી અધવચ્ચે જ ચકરી ખાઈને પડી ગઈ હતી. સ્વપ્નનું નંદનવન રણમાં ફેરવાઈ ચૂક્યું હતું. એને સહાનુભૂતિ આપનાર કોણ હતું? ત્યારે તિમ્મજ્જી પણ ત્યાં ન હતી. એ પોતે પોતાની જાતને કેવી રીતે સમજાવે ? કેવી રીતે મનાવે ? એક તરફ પતિનો સંબંધ અડધા માર્ગે જ તૂટી ચૂક્યો હતો અને બીજી તરફ અંદર માસૂમ બાળક હતું. અહીં બાળક પણે મૃત પતિ..

જ્યારે રામી બેજી હતી. ત્યારે સુબ્બ કહેતો હતો, “થાક જણાતો હોય તો આવીશ નહિ, હું એકલો ખેતરમાં કામ કરીશ.”

“જો રામી, તું મારી સાથે રહીશ તો મારે બીજા કોઈની ચિંતા નહીં રહે. ક્યારેક એણે કહ્યું હતું.” કોમ જાણે બીજું શું શું કહ્યું હતું. આ બધી વાતો આજે રામીના શરીરમાં વીંછીના ડંખની જેમ ભોંકાતી રહી છે.

એ સહન કરી શકી નહિ. દોડીને તે બાળકના પારણા પાસે આવી હતી. બાળક જાગી ગયું હતું. હાથ પગ હલાવી રહ્યું હતું. કોઈને પોતાની પાસે આવતું જોઈને હાથપગ ઉછાળી એ હસવા માંડતું હતું. રામી માટે એ અસહ્ય હતું. એ હોઠ ઉઘાડવાનો પ્રયત્ન કરતી હતી ત્યાં આંસુધારા ફૂટી નીકળી. ત્યાં એ વધુ રોકાઈ ન શકી. બહાર આવીને એ ઊભી રહી હતી.

એના ઘરની આગળથી ગણપુ અને એના ચારપાંચ દોસ્તો જઈ રહ્યા હતા. હાથમાં મૃદંગ લઈને યક્ષગાન શીખવા માટે એ લોકો તે રસ્તેથી દરરોજ જતા હતા. એમણે બહાર ઊભેલી રામીને જોઈને વ્યંગમાં કહ્યું હતું, “જો હજી સુધી સુબ્બ ઘેર આવ્યો નથી! આ ગામમાં ફક્ત એક આને જ પતિ છે.” કેટલાય દિવસથી રામી પર એની નજર હતી, પરંતુ કંઈ લાભ મળ્યો નહિ એટલે એના પર ખાર ખાતો હતો.

“કોણ જાણે બજારમાં કોઈની સાથે મોજ માણતો હશે, એને કોઈ પત્ની પણ હોય ખરી ?” ગણપુએ યક્ષગાનની શૈલીમાં કહ્યું. બીજાઓએ એની ‘હા’ એ ‘હા’ કરી. કોઈ એને ઢંઢોળી રહ્યું છે, રામીને લાગ્યું હતું. એક કરફ વિરહ વેદનાનો આઘાત અને બીજી તરફ લોકોની ભૂરી નજર, સહન ન થઈ શકે એવી વાતો. પ્રતિકૂળ વાતાવરણ ચારે તરફથી એના પર પ્રહાર કરી રહ્યું હતું. અસહ્ય પતિવરહ, દુષ્ટોની વ્યંગોક્તિ આની વચમાં જીવનની પ્રત્યે ધૃણા તેના મનમાં ઉત્પન્ન થઈ હતી. જીવનનો અંત આણવાનો વિચાર કરતી હતી. પરંતુ પારણામાં ખડખડાટ હસતા નિર્દોષ બાળકનું આકર્ષણ, મોહ એનું મન વિચલિત થતું હતું. વિચારમાં ડૂબેલી રામી, એકાએક ચીસ પાડી ઊઠી...

રામી રામી જો આપણી ગાડી આવી ગઈ ? તિમ્મજ્જી બોલી ઊઠી.

આ સાંભળીને રામી ચમકી. વાસ્તવિક જગતમાં એ આવી. જાણે ઊંઘમાંથી જાગી ન હોય! ઘંટડી પાસેથી સંભળાઈ રહી છે. ગાડી આવી ગઈ.

પ્રતીક્ષાનું ફળ મળ્યું. ગાડી નજીક આવીને ઊભી રહી. રામી તિમ્મજ્જી બંને પગથિયાં ઊતરીને બહાર આવ્યાં. ઘણા સમયથી જે ઘંટડીના અવાજની પ્રતીક્ષા હતી, એ વાગી રહી હતી. તિમ્મજ્જી થાળીમાં તૈયાર રાખેલા લાલ પાણી સાથે પૌત્રની પાસે ગઈ. તેનો પૌત્ર ગાડીમાંથી કૂદી પડયો. ફૂલ પેન્ટ અને શર્ટ પહેર્યા છે એણે. “મારો દિકરો, ખરેખર પાકો માસ્તર દેખાય છે રે!” તિમ્મજ્જીએ કહ્યું.

“માસ્તર જ છું દાદીમાં!”

“જરૂર, મારો દીકરો માસ્તર ન થાય તો બીજો કોણ થાય!” રામીએ સગર્વ કહ્યું.

“મા, તું અને દાદીમાં ક્યારથી રાહ જોઈ રહ્યાં છો ? જુઓ, આવી ગયો ને ?” દીકરાએ કહ્યું.

રામીએ તેને પોતાની પાસે ખેંચીને ગળે લગાડયો. માતૃહૃદયનો પ્રેમ તૃપ્ત થઈને ઝૂમી ઊઠયો.

“કેટલો હૃષ્ટપુષ્ટ થઈ ગયો. અરે! ભરાવદાર ગાલ, નાની ઝીણી મૂછો, ઊંચું શરીર! મને તો થઈ ગયું – આ સુબ્બ જ આવ્યો!” તિમ્મજ્જીએ કહ્યું.

ઠંડીથી શરીર ધ્રુજી રહ્યું છે. રામીને લાગ્યું. ગણા સમયથી રોકી રાખેલાં આંસુ હવે વહી આવ્યાં– જાણે ગરમીથી બરફ ઓગળતો ન હોય.

સુંદર નાડકર્ણી

અનુવાદિત : નવનીત મદ્રાસી

# કૃષ્ણપ્રિય કદંબ

'કદંબ નામ પોતે જ નાનુશું પણ ઘટાદાર. 'શિરીષ' નામમાં જેમ તેના રોમશ સુંવાળાં ફૂલોનો સ્પર્શ પામી શકાય તેમ કદંબમાં તેની ઘેઘૂર ઘટાનો અને નાનાશા પુષ્પદડાનો સ્પર્શબોધ પામી શકાય. કદંબના જાડને જોયું તે પહેલાંય તેનો પરિચય થયો કૃષ્ણ થકી. કૃષ્ણ સાથે અભિન્ન રીતે જોડાઈ ગયું છે આ વૃક્ષ. જેમ શિવ સાથે બીલી, વિષ્ણુ સાથે વૃંદા તેમ કૃષ્ણ સાથે કદંબ. કૃષ્ણની શૈશવલીલાભૂમિ વૃંદાવન-ગોકુળ, જમુનાનો કાંઠો, રાધા, ગોપ-ગ્વાલ સાથે જ કદંબ તરત યાદ આવે. નાનપણમાં રહીમના દોહામાં તેનો પહેલો પરિચય થયો. રહીમને થાય છે કે 'કાશ જો હું ગોકુલનો ગોવાળ હોત, કૃષ્ણની ધેનુ હોત, જમુનાના કાંઠે ઝૂકેલ કદંબ હોત.' એ કવિતાની સાથે જ યમુના પુલિન, યમુનાના નિગૂઢ શ્યામ જળ અને યમુનાન કાંઠે ઝૂકેલા કદંબનું ચિત્ર મનમાં અંકાઈ ગયું. એ પછી તો અનેક ગુજરાતી કૃષ્ણકવિતાઓમાં એ કદંબનું ચિત્ર મનમાં અંકાઈ ગયું. એ પછી તો અનેક ગુજરાતી કૃષ્ણ કવિતાઓમાં એ કદંબ જોયું, પણ એ કદંબના ફૂલોનો ઉલ્લેખ નહીં ઉલ્લેખ માત્ર વૃક્ષનો કે કદંબની શાખનો.



કદંબ પહેલ વહેલું ક્યારે જોયું ? રાજકોટમાં તો કદંબ જોયાનું યાદ નથી ( જોકે એક વાર પરિચય થયા પછી આ આંખે કદંબના બે-ચાર બાલતરુ શોધી કાઢ્યાં).

પહેલ વહેલું જોયું હોય ૧૯૭૫માં સ્ટડીટુર વખતે કલકત્તાના બોટનિકલ ગાર્ડનમાં. પણ તેનીય સ્મૃતિ રહી નથી. મહોરેલું નહીં પણ ફાટફાટ ફૂટેલું કદંબ પેહલ વહેલું જોયું અમદાવાદમાં અમારી જ સોસાયટીમાં સંસ્કૃતના વિદ્વાન ગોતમ પટેલના આંગણમાં લીમડો, પીપળો, વડપીપળ, ગરમાળો, ગુલમહોર તો માનવકોટિનાં વૃક્ષો જ્યારે કૃષ્ણપ્રિય કદંબ લગભગ દેવકોટિનું, સંસ્કૃત કવિઓને પ્રિય અને કૃષ્ણકેલિ સાથે સંકળાયેલું આ વૃક્ષ આ જમાનામાં અમદાવાદમાં અને અમારી જ સોસાયટીમાં ! હું તો આશ્ચર્યચકિત.

અષાઢના મેઘદૂર ભીના દિવસોમાં નાનકડું કદંબ આખું મ્હોરી ઊઠેલું - પીળા બાદલા ભરેલા લીલા સેલામાં શોભતી કોઈ કોડભરી ષોડશી જેવું. પહેલીવાર કદંબના ફૂલો જોયાં. ફૂલો વિષેની આપણી સામાન્ય ધારણા એટલે પાતળી પાંખડીઓ, સ્ત્રીકેસર, પુંકેસર અને લીલું વજદલ. જ્યારે કદંબનું ફૂલ તો સાવ જુદું જ નીકળ્યું. કદંબનું ફૂલ એ ફૂલ નહીં પણ ટેબલટેનિસની દડી જોવડો મઘમઘતો ફૂલદડુલો. વનસ્પતિશાસ્ત્ર પ્રમાણે એ પોતે એક ફૂલ નહીં પણ નાનાં નાનાં પુષ્પો જડિત પુષ્પસમૂહ-મદિલગંધ દૂરથીય ખેંચી લાવે તેવી પાસે લાવી સૂંઘો તો નાકે ગલી ગલી થાય તેવું રોમશ સુંવાળું. સૂંઘતાંની સાથે જ નાક પર, હોઠ પર, ગાલ પર આછી પીળી સુગંધિત પરાગરજ ચોંટી જાય. એ ઘટાદાર વૃક્ષ. એ રોમશ ફૂલદડુલો-પુષ્પકંદૂક, એ માદક ઘેરી ગંધ-કૃષ્ણ અને રસિકોને આ વૃક્ષ કેમ પ્રિય હશે તે સમજાઈ ગયું.



આ કદંબને આપણે કહીએ કદંબ, પણ એ નામથી તો આપણે જ તેને ઓળખીયે. ન્યુઝીલેન્ડ, બ્રાઝીલ કે જર્મનીના ખૂણામાં બેઠેલાને ક્યાંથી સમજાય કે આપણેક્યા વૃક્ષની વાત કરીએ છીએ. એટલે વૈજ્ઞાનિકોએ તો તેનું શાસ્ત્રીય નામ પાડવું જ રહ્યું. કદંબનું કુળ Rubiaceae રુબિયેસી : વૈજ્ઞાનિક નામ Anthrocephalus Cadamba કે એન્થ્રોસીફેલશ ઈંડિકા. નામરૂપની આ સૃષ્ટિમાં રૂપને નામ આપ્યા વગર કોઈનેય ક્યાં ચાલ્યું છે !

મેં અષાઢની મેઘમેદૂર સવારે ફુલ્લ કુસુમિત કદંબ જોયેલું તે મોટું નહીં પણ ત્રણેક વરસનું નાનુંશું ઝાડ સીધું જ વધેલું ને એ બીજા માળની અગાશીને આંબી ગયેલું - ગૌતમ પટેલે પ્રેમથી ઉછેરેલું કેમ ન ઉછેરે ? ગૌતમભાઈ વ્યાકરણના કોરા પાઠ કરનાર વિદ્વાન જ થોડા છે ? તે તો છે સંસ્કૃત સાહિત્ય

પીને બેઠેલા રસિકજન. લીલાં ઘેરાં મોટાં પાનની ગાઢ ઘટા વચ્ચે અનેક આછા પીછા ફૂલગોટાઓ. જાણે એ ઘટામાં પડતાં છિદ્રોને પૂરવા જ આ ગોટાઓ ન ખીલ્યા હોય ! ગંધ એવી પ્રગાઢ કે કદંબ નીચે છાયાની ઘટા છે કે ગંધઘટા તે જ કહેવું મુશ્કેલ. ઉપર મધમાખીઓને ગુંજારવ – જાણે ઝાડ આખું ગુંજતું. શોભા એવી કે કદંબે જાણે કળા કરી હોય તેવું લાગે. કદંબની આ પુષ્પકલા ઝાઝા દિવસો ન ચાલે. માટે જ કદંબ જ્યારે પુરબહારમાં ખીલ્યું હોય ત્યારે તેને માણી લેવું જોઈએ.

આ કદંબ આપણને જો આટલું પ્રિય છે તો પ્રાચીન કવિઓને તો કેટલું પ્રિય હશે ? રામાયણમાં તો સીતાનું એક વિશેષણ જ કદંબપ્રિયા છે. વિરહી રામ કદંબને જ પૂછે છે કે કદંબપ્રિયા મારી પ્રિયાને તેં જોઈ છે ? કદંબના સંસ્કૃત સાહિત્યમાં કેટકેટલા ઉલ્લેખો ! કદંબ વૃક્ષોમાંથી ઝરતા મધને પી મદોન્મત્ત બનેલા ભમરા, કદંબ પર નાચતા મત્ત ્યૂરો, પ્રિયતમ રામચંદ્રનો સ્પર્શ થતાં. કદંબપુષ્પ જેમ રોમાંચિત થતાં સીતાનાં ગાત્રો, કદંબનાં પુષ્પોથી સુવાસિત થયેલ સમીકરણ; કદંબરજને અંગરાગ તરીકે ચહેરા પર લગાડતા લલનાઓ, નવકુસુમિત કદંબપુષ્પોનું કર્ણભરણ પહેરેલી રૂપસી, કદંબ ફૂલ જેવાં ખરતાં આંસુઓ, વિયોગી પ્રેમીને વિહ્વળ કરતી કદંબની માદકગંધ, મેઘગર્જનાથી કામપીડિત ચારુદત્તનાં કદંબપુષ્પત્વ પામતાં રોમાંચિત ગાત્રો, નવકદંબ પુષ્પોની રજથી રાતું ધૂસર થઈ ગયેલું આકાશ... કદંબને પામવાની કેટકેટલી રીતો ! કદંબ પર ફિદા થવું કે કદંબપ્રિય રસિકો પર તે નક્કી ન કરી શકાય.

ગુજરાતી કવિતામાંય કૃષ્ણ સાથે કદંબ આવ્યું. હરીન્દ્ર દવે કહે,

'કાલિંદીના જળ પર ઝૂકી, પૂછે કદંબડાળી
યાદ તને બેસી અહીં, વેણુ વાતા તા વનમાળી'

તો માધવ રામાનુજ આંસુના જમુનાકાંઠે કદંબ વાવવાની વાત કરે,

'રોઈ રોઈ આંસુનાં ઊમટે જો પૂર
તો એને કાંઠે કદંબ વૃક્ષ વાવજો'

જમુનાજળમાં નાહતી ગોપીઓના કાંઠે પડેલાં વસ્ત્રો ચોરી કદંબ પર ચડી ગયેલા કૃષ્ણનું ચિત્ર વરસોથી મનમાં દોરાયેલું છે. થાય છે કે આ રૂપક છે ? સર્ સર્ સરતા આ સંસારમાં આપણી લાજ તો આકાશરૂપી કદંબ પર જે બેઠેલો છે તેના જ હાથમાં. આ જ કલ્પનાને આગળ દોરી જતાં થાય છે કે આકાશરૂપી મહાકદંબના ફૂલો એ નવલખ તારા જ ને ! રાત્રે હવે તારાઓમાંથી કદંબફૂલોની ઘેઘૂર ગંધ વહી આવશે તો નવાઈ નહીં લાગે.

# સુખનો નિશ્ચિત માર્ગ

સુખ એ અતિ વિરલ અમૂલ્ય અને માનવીના મનની અતિ ગહન સ્થિતિ છે. સુખ એ સમજદારીનું વરદાન છે. ખરી રીતે કાયમી સુખનો આધાર માણસ કેટલું પરિપક્વપણું કરી શકે છે, તેના પર રહેલો છે.

એક માણસ પાસે રહેવા માટે ફ્લેટ છે, ફ્રીઝ છે, સ્કૂટર છે; પણ તેની ફરિયાદ છે કે, શાળાનો શિક્ષક પણ આટલું તો મેળવી શકે છે તો પોતાની શું વિશેષતા ? તે જ રીતે બીજા એક બંગલા કે મોટરવાળા ધનવાન માણસને પણ બીજાથી ચઢિયાતો બંગલો અને મોટર જોઈએ છે તેથી તે અસંતોષ અને દુઃખ અનુભવે છે. વળી જાતજાતના મોટા બિઝનેસ – વ્યાપારો ચલાવનારા કેટલાકનાં જીવનમાં વધુ સંપત્તિવાન બનવાની તૃષ્ણા અને મળેલ સંપતિ ગુમાવવાનો ડર રહ્યા કરે છે.

પણ, માનવીને જ્યારે પૂર્ણતાનો અને આત્મસંતોષનો અનુભવ થાય છે ત્યારે સુખ આપોઆપ આવી પહોંચે છે. આ સામાન્ય રીતે કેળવણી અને તાલીમથી સજ્જ એવા મગજની જરૂરત હોય છે. આવો માણસ કામ કરવાનો ઉત્સાહ ધરાવતો હોય છે અને આજુબાજુના જગતમાં સક્રિય રસ લેતો હોય છે. તે ફુરસદનો સદુપયોગ કરે છે.

હોઈ શકે છે કે તમારું કોઈ પ્રિયજન તમને છોડી ગયું હોય અગર પ્રિયપાત્રનું મૃત્યુ થયું હોય, તમારા જીવનનું કોઈ પ્રિય કાર્ય ઝૂંટવાઈ ગયું હોય કે નોકરી છૂટી ગઈ હોય અગર તમારાથી કોઈ એવું ખોટું કામ થઈ ગયું હોય જેનો અપરાધભાવ મનને આતંકિત કરી રહ્યો હોય, આવા દુઃખ અને માનસિક બોજના સમયે કોઈ વ્યસનનો સહારો ન લેતા, તૂટી ન પડતા. સંકટનો શાંત ચિત્તે વિચાર કરી મુકાબલો કરવો જોઈએ. રોબર્ટ લૂઈ સ્ટીવન્સને એક વાર કહ્યું હતું, "આપણે જે છીએ તે થવું અને જે થવાને શક્તિમાન છીએ તે થવું એ જ જીવનનો સુખદ માર્ગ છે." આપણા શરીરની કુદરતી રચના જ એવી છે કે જીવિત રહેવા માટે સંઘર્ષ કરવો જ પડે નિષ્ક્રિય રહી શકાય જ નહિ. અપરાધ, શોક, અસફળતા અને દુઃખોથી ભરપૂર બોજયુક્ત જીવનમાં ઠોકર ખાઈ, ઊઠીને આગળ વધવાનું છે. આપણે આપણા જીવનમાં આંતરિક સૃદ્ધિ વધારી, બીજાના કષ્ટમય જીવનને સમજી અને એ દ્વારા વિકાસ સાધતા રહેવાનું છે.

જીવનની યોગ્ય દિશા શોધી. કોઈ સુખી જન્મયું નથી હોતુ. મનોવૈજ્ઞાનિક એરિક ફ્રોમ કહે છે, "સુખ એ ઈશ્વરદત્ત બક્ષિસ નથી; પરંતુ આંતરિક કાર્યરત પણાથી પ્રાપ્ત કેરલ એક સિદ્ધિ છે." મહાકવિ દાંતેના શબ્દોમાં એવા લોકોને જુઓ જે જીવનનાં 'અંધારાં જંગલે' માંથી પસાર થયા છે. હેલન કેલર, મહાત્મા ગાંધી સર્વન્ટીસ, ગેરી બાલ્ડી, માર્ટિન લ્યૂથર કિંગ વગેરે વીરોએ કદી હિંમત ખોઈ નહોતી. આ સાહસિક સ્ત્રીપુરુષો એ

વાતનું પ્રત્યક્ષ પ્રમાણ છે કે જીવન જીવવા યોગ્ય છે મનોવૈજ્ઞાનિક વિલિયમ જેમ્સે લખ્યું છે.

એક વાર તમારા મનમાં એવો વિશ્વાસ પેદા થઈ જાય પછી આ વિશ્વાસ જ વાસ્તવિકતા તરફ પહોંચાડી દેશો.

દુઃખી લોકો પોતાની એવી સ્થિતિ માટે ભાગ્યે જ પોતાની જવાબદાર ગણતા હોય છે. તેઓની નોકરી, વ્યવસાય, લગ્ન કે માબાપ અથવા તેમનું ભાગ્ય આ માટે દોષિત છે તેમ તેઓ માને છે. પણ ખરું કારણ તો તેઓના જીવનની શિથિલતા કે અપરિપક્વતા જ છે. તેઓ પાસે કાર્યમાં કે પ્રેમમાં આપવા જેટલી ઉષ્મા હોતી નથી. તેઓ બેપરવાઈથી ભાગ્ય તરફ મીટ માંડે છે. તેઓમાં આત્મશંકા અને લઘુતાની ભાવના હોય છે.

પણ કોઈ વ્યક્તિ વિજયી બનવાની આશા રાખતો હોય તો તેણે આત્મવિશ્વાસ રાખતાં શીખવું જોઈએ. અને એવો સંશય શા માટે હોવા જોઈએ કે કદાચ નિષ્ફળ જશું. નિષ્ફળ થાવ તો પણ શું? નિષ્ફળતા એ સફળતાનો પાયો છે. વળી એવું પણ હોય કે આપણે આપણા સામર્થ્યથી અધિક કોઈ મોટી ચીજ માટે પ્રયત્ન કરતા હોઈએ; પણ નજીવી બાબતો પર વિજય મેળવી ધીમે ધીમે વધુ મોટી મુસીબતો પાર કરી શકીએ. આ સખત પરિશ્રમથી મેળવેલ વિજયનું ફળ આત્મશક્તિ અને સંતોષ છે, તેને કોઈ વર્ણવી શકે તેમ નથી. માત્ર આપણી આત્મશક્તિથી જ આ સંપૂર્ણ સુખને આપણે ઓળખી શકીએ છીએ.

ખ્યાતનામ ઈતિહાસકાર વિલ ડુરાં પોતાનો અનુભવ વર્ણવતાં લખે છે કે તેણે જ્ઞાનમાં સુખ મેળવવાની આશા રાખી પણ તેને અસફળતા મળી, મુસાફરીમાં સુખને બદલે કંટાળો મળ્યો, ધનમાં કુસંપ અને ચિંતા મળ્યાં. તેણે, પોતે લેખનકાર્યમાં સુખની આશા રાખી; પરંતુ તેથી એક સ્ત્રીને મોટરકારમાં ઊંઘતા બાળકને લઈને રાહ જોતી બેઠેલી જોઈ. એક પુરુષ ટ્રેનમાંથી ઊતર્યો અને તેની પાસે આવ્યો. તેણે સ્ત્રીને અને બાળકને વહાલભર્યા ચુંબન કર્યા. કુટુંબ મોટરકારમાં દોટ હંકારી ગયું અને ડુરાંને સાછા સુખનું ભાન કરાવી સત્બ્ધ બનાવી દીધો. તે હવે આરામથી રહેવા વાગ્યો અને તેણે શોધ્યું કે જીવનનું દરેક સામાન્ય કાર્ય પણ કંઈને કંઈ આનંદ આપે છે જ.

એડમિરલ બાયર્ડ જ્યારે રોસ બેરીઅરનાં હિમાચ્છાદિત પ્રદેશમાં હતા ત્યારે સુખ વિશે થોડા વિચારો લખ્યા હતા – "મને હવે ભાન થાય છે કે એ સમજવામાં હું નિષ્ફળ ગયો કે જીવનની સાદી અને નિષ્કપટ વસ્તુઓ જીવનમાં ઘણી જ અગત્યની છે. મનુષ્ય જ્યારે પોતાનામાં અને કુટુંબમાં સારા પ્રમાણમાં સંવાદિત ઐક્ય લાવી શકે છે ત્યારે તે શાંતિ અનુભવે છે. આખરે, ગમે તે માણસ હોય, બે ચીજ અતિ મૂલ્યવાન છેઃ પ્રેમ અને ઊંડી સમજ તેમ જ સહૃદયનાં લાગણી."

તામારા ભાવિમાં શ્રદ્ધા રાખો. આશાવાદી બનો પણ જિંદગીની પળેપળનો પૂરેપૂરો ઉપયોગ કરો. તમારા નબળા પડેલા ઉત્સાહને સચેત કરો આશાના નજીવા તંતુની પણ ઉપેક્ષા ન કરો. પ્રસનન્તા કે આનંદની નાની સરખી વાત પર પણ નજર રાકો. ચારે તરફ ફેલાયેલ કુદરતની આકર્ષક કળા તરફ નજર કરો અસંખ્ય વૃક્ષોમાં, પુષ્પો અને છોડોમાં, નદી, સમુદ્ર, પક્ષી વગેરેમાં જીવનનો અથાગ સાગર લહેરાય છે જેનું તમે કદી બારીકાથી નિરીક્ષણ કર્યું નહિ હોય. તેવા સર્જનાત્મક દશ્યો જોવાની કોશિશ કરો. તેથી કુદરતી આનંદની અનુભૂતિ થશે. અને પછી જ્યારે તમે તમારું આ આનંદ અનુભૂતિ તંત્ર વધુ પરિપક્વ બન્યું હશે, તેથી સુખનો અનુભવ થશે.

એક ચિંતકે જાહેર કર્યું કે તે પોતાના જીવનનો દરેક દિવસ સુખમાં ગુજારતો હતો. તેણે કબૂલ કર્યું કે એવા પણ દિવસો હતા કે જ્યારે તે વ્યવસાય વગરનો હોય અને ભૂખ્યો હોય, દુઃખ અને માંદગી હોય, પરંતુ આ દિવસોમાં તે પોતાની આંતરિક મનનો – જે સુખચેનથી અને સ્વસ્થતાથી કાર્ય કરતું હતું તેનો સંપર્ક સાધવા શક્તિમાન હતો. ટીકા, અપમાન, હાર, બદનામી વગેરે જીવનસંઘર્ષના પ્રત્યાઘાતો છે. નિર્બળ માણસ તેના વહેણમાં તણાઈ જાય છે. કોઈ આપઘાત પણ કરે છે; જયારે બળવાન આત્મવિશ્વાસુ માણસ એમાં તરી શક્તિ અને સ્ફૂર્તિ પ્રાપ્ત કરે છે. કાવ્યપંકિત સુખ-દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં ગણી પ્રેરક છે. સુખ અને દુઃખને મનમાં લાવવાં નહિં.તે તો માણસના જીવન સાથે જ સર્જાયેલાં છે તેથી જીવનની ઊજળી બાજુ જોવાની વૃત્તિ વિકસાવો. મનોવૈજ્ઞાનિક વિલિયમ મેક્દગોલ કહે છે : જેમ વ્યક્તિત્વ વધુ મૂલ્યવાન, વધુ વિકસિત અને વધુ સંપૂર્ણપણે ઐક્ય સાધેલ હોય તેમ તે સુખ મેળવવામાં વધુ શક્તિશાળી બને છે.

જગતના તમામ માણસો ધનવૈભવ કે સત્તા પ્રાપ્ત કરી શકતા નથી. બુદ્ધિકૌશલ્ય પણ ઘણા ઓછાને મળે છે. પણ સહૃદયતા અને સતત સંઘર્ષ કરવાની શક્તિ તો પરમેશ્વર સર્વેને મોટા પ્રમાણમાં આપી છે. એથી માણસે વાસ્તવિકતાને ઓળખી પોતાની જાતનું સાચું મૂલ્યાંકન કરી જીવનનાં સદ્માર્ગે આગળ વધવાનું છે. જીવનમાં બનતી પ્રત્યેક ઘટનાઓનો અનુભવ કરો એ અનુભવનાં આધારે યોગ્ય આચરણ કરો અને વિકાસ સાધો.

તેમ જ તમારા વ્યક્તિત્વના શિલ્પી છો. માણસની આંતરિક શક્તિ જ તેની સમૃદ્ધિ છે. આ શક્તિજીવનને માણવાની બીજાના જીવનને સમજવાની અને એ રીતે જીવનને વિશેષ સમૃદ્ધ કરવાની શક્તિ વિકસતી રહે છે. અહીં જ જીવનની સમજનું ખાસ સુખ છે, સુખનો રાજમાર્ગ છે.

– પી.જે. અમલાણી

# જનેતાની ઊંચાઈ

બેંકની બહાર આવીને એક વૃદ્ધ દંપતિ બેંકના પગથિયે બેઠાં, વૃદ્ધ માજી પોતાના પતિને કહે છે. તમે અહીં બેસો હું... કેશીયરને મળીને આવું છું.

વૃદ્ધ બોલ્યા આ બેંકની પાસબુક તો લઈ જા, ઠાલે હાથે તને એ પૈસા કેવી રીતે આપશે...? વૃદ્ધા, કરચલીઓવાળા ગાલમાં હસીને પાસ બુક લે છે, અને બોલ્યા હા, તમારી વાત સાચી છે, હું તો એ ભૂલી જ ગઈ હતી.

વૃદ્ધ, પૈસા આપે એ પૂરા ગણીને લાવજે, અને હવે પૈસા લીધા વિના પાછી આવતી નહીં, થાકી ગયા છીએ, ધક્કા ખાઈ ખાઈને,

વૃદ્ધા એ સારૂં....., તમે સાચવીને બેસજો.....,

વૃદ્ધ, એ હા પણ તું જલ્દી આવજે, જો જે પાછી બૈરાંની લાઈનમાં ઊભી રહેજે, ઝટ વારો આવે, વૃદ્ધા બેંકમાં જાય છે, અને અંદર લાઈન જોતાં બોલે છે, જ્યાં જુઓ ત્યાં લાઈન, આપણા પૈસા લેવાના એમાં પણ લાઈન, આ સરકાર કે દિવસે લાઈન પર આવશે, ખબર નથી પડતી, આ તે ભીખ છે કે, એવામાં વારો આવતા વૃદ્ધા કાઉન્ટર પરના કેશિયરને પૂછે છે, મારા ખાતામાં દીકરાએ પૈસા મોકલ્યા છે....?

કેસિયર, માજી તમે આંતરે દિવસે બેંકમાં આવો છે, તમને દર વખતે મારે એક જ જવાબ આપવો પડે છે કે નથી આવ્યા.

વૃદ્ધા, સારું ભાઈ કોઈ વાંધો નહીં, ફરી આવીશ, એપાછું ફરવા જતાં એમને ચક્કર આવી ગયા અને તે પડી ગયા, કેશિયર તેમને ઉભા કર્યા પાણી આપ્યું, માજીને સારૂ લાગતા..... કેશિયર પુછે છે કે...., માજી  આટલી ઉમરે બેંકમાં તમે શું કામ આવો છો...? દીકરાને મોકલતાં હોય તો!!

વૃદ્ધા, કહે છે કે...., મારે એક જ દીકરો છે, અને તે બેંગ્લોર નોકરી કરે છે, અને તે જ અમોને દર મહિને પૈસા મોકલે છે, પણ હમણાંથી ખાતામાં પૈસા નથી આવતા.

કેશિયર કહે કે તો તમે તમારા દીકરાને ફોન કરીને પૂછી જુઓ, તે કેમ નથી પૈસા મોકલતો....???

વૃદ્ધા, કહે કે એક વખત સરપંચે ફોન કરેલો, પણ દીકરાની તબિયત સારી નહોતી....,

ત્યારે કેશિયર કહે મને તમારા દીકરાનો નંબર આપો એટલે માજીએ મેલીઘેલી પાસબુક આપી, તેના ઉપર નંબર લખેલો હતો, કેશિયરે પાસબુક લઈ મોબાઈલમાંથી પાસબુકમાં લખેલો નંબર જોડે છે, ત્યારે સામેથી રિસ્પોન્સ આવે છે કે આ નંબર અસ્તિત્વમાં નથી.

કેશિયર કહે માજી અત્યારે નંબર લાગતો નથી, પણ હું ફરી પ્રયત્ન કરી જોઈશ, તમે થોડીવાર બહાર બેસો...., હું ફોન કરૂં છું....., હવે તમારે ધક્કા ખાવ નહીં પડે.

વૃદ્ધા, આશીર્વાદ આપતાં હોય એમ બે હાથ લાંબા કરી કહે છે કે ભગવાન, તમારૂં ભલું કરશે, કેશિયરને વિચાર આવ્યો કે, આ માજી વારંવાર ધક્કા ખાય છે, લાવને હું જ એમના ખાતામાં થોડા પૈસા નાથી દઉં, એટલે કેશિયર તેના ખાતા પાંચસો રૂપિયા જમા કરી માજીને બોલાવે ચે, અને કહે છે કે માજી, અહીં આવો....!!

વૃદ્ધા કહે હા બોલો ભાઈ, શું થયું.....???

એટલે કેશિયર કહે કે માજી તમારા દીકરા સાથે મારે હમણાં જ વાત થઈ, તેની નોકરી છૂટી ગઈ હોવાથી તે પૈસા મોકલતો નહોતે,

પરંતુ હવે બીજી જગ્યાએ એને નોકરી મળી ગઈ છે, એટલે ઉપાડ કરી તેમણે હમણા જ પાંચસો રૂપિયા મોકલ્યા ચે.

ત્યારે વૃદ્ધા કહે બેટા, આ વાત તમે મારા પતિ બહાર બેઠા છે એને કહેશે....??? એટલે કિશયર કહે કે માજી તમેજ કહી દો ને....!! મારાથી ચાલું નોકરીએ બહાર ન જવાય, એટલે વૃદ્ધા કહે હું દર બે દિવસે એમને કહું છું, પરંતુ માનતા નથી, અને આજે તો તેઓ મારી સાથે આવ્યા છે અને બેંકની બહાર બેઠા છે, હું કહીશ તો એમને મારી વાત પર વિશ્વાસ નહીં આવે કે કેશિયર કહે એમાં વિશ્વાસ કરવાની વાત જ ક્યાં આવી...? પૈસા ન મોકલે તો પૈસા ન જ મળે, અને આજે મોકલ્યા તો મળી ગયા એમાં શું...?

વૃદ્ધા કહે વાત તો તમારી એ વાત સાચી છે, પણ સાહેબ મને ખબર છે કે મારા દીકરાને કોરોના ભરખી ગયો છે, તેવાત હું જાણું છું, પણ મારા પતિ એ સમાચાર સહી નહીં શકે, માટે મેં એમને કહ્યું નથી...!!

આવું સાંભળી કેશિયર તો અવાક બની ગયો...!! એ વૃદ્ધાની ઊંચાઈ પામવા શક્તિમાન નહોતો, એટલે હિંમત કરી બોલ્યો કે માજી હું તો ખોટું બોલીને તમને આશ્વાસન આપવા માગતો હતો, પરંતુ આપ આ બધું જાણતા હોવા છતાં એક બે દિવસે કેમ બેંકમાં આવો છો...???

ત્યારે વૃદ્ધા કહે હા હું જાણતી હતી કે મારા દિકરાનો નંબર કે મારો દીકરો અસ્તિત્વમાં નથી, પણ શું કરૂં...? મારા વૃદ્ધ પતિને આશ્વાસન મળી રહે માટે હું અહીં આવવાનું નાટક કરૂં છું.

કેશિયર કહે...માજી, ઉપરવાળાની લીલા પાસે આપણે પામર છીએ, હું દાદાને મળીને વાત સમજાવી જોઉં, ત્યારે બહાર બેસેલા વૃદ્ધ અંદર આવે છે અને કહે છે કે તમારા બંનેની વાત મેં સાંભળી, પરંતુ આ વાતની મને તો પહેલેથી ખબર છે કે મારો દીકરો કોરોનામાં અવસાન પામ્યો છે, પણ એની માં એ આઘાત સહન ન કરી શકે તે માટે મેં એને કહ્યું નહોતું..., અને હું એને દર બે ત્રણ દિવસે બેંકમાં મોકલતો હતો જેથી કરીને એને એવું લાગે કે મારો દીકરો કંઈક.... મુસીબતમાં હશે એટલે આજે નહીં તો કાલે એ જરૂર રૂપિયા મોકલશે, પણ હવે જ્યારે બધી ખબર પડી જ ગઈ છે તો જેવાં અમારાં ભાગ્ય, ભગવાનને ગમ્યું તે ખરું....!!

ત્યારે કેશિયર મનોમન બોલી ઉઠ્યો કે વાહ, જનેતાની ઊંચાઈ અને વાહ, બાપની ઊંડાઈ.

## ફેબ્રુઆરી માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''

# શ્રી કાંતીલાલ ભગવાનદાસ શાહ



શ્રી કાંતીલાલભાઈ શાહ (સાવડીયા) એટલે **'જીવનમાં જે હસે છે તે હારતો નથી'** એ વાતને યથાર્થ રીતે સાબિત કરનાર, ખૂબ જ આનંદી અને રમૂજી સ્વભાવની દિલદાર વ્યક્તિ, તેઓ ઉદારદિલ, પ્રેમાળ સ્વભાવ, ક્ષમા અને મૈત્રીનો ભાવ અને આનંદસભર જીવન જીવનાર એક મૂઠી ઊંચેરા માનવી. મિત્રો અને શુભેચ્છકોથી વિંટળાઈ રહેતાં અને સૌના સુખે સુખી અને દુઃખે દુઃખી એવી સંવેદનશીલ પ્રકૃતિની વ્યક્તિ, તેમની સાથે રહેવું એટલે જાણે મધુર ગીતની તરજમાં તરલ થઈને વહેવું. કાંતીલાલભાઈ એટલે સૌના મિત્ર, સાથી અને એક એવું અક્ષયપાત્ર તેમની પાસેથી જે માગો તે મળે અને કાંઈ ન માગો તો પણ પ્રેમ મળે જ.

પૂ.મુરબ્બી શ્રી કાંતીલાલભાઈનો જન્મ તા.૧૮-૧૧-૧૯૨૧ના રોજ થયેલ હતો. ૯૨ વર્ષનું જૈફ આયુષ્ય ભોગવી નવ દાયકામાં અનેક લીલી-સુકી જોઈ. તા.૨૦-૨-૨૦૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા.

આવા ઉદારદિલ પરિવારના સર્વે સભ્યો હંમેશ સમાજ માટે લાગણીસભર દાનની ગંગા વહેવડાવતા જ હોય છે. આવા પરિવારે ઉદારદિલે મુખ્ય દાતા તરીકે શ્રીમદ્ રાજચંદ્ર એજ્યુકેશન ટ્રસ્ટ ધરમપુર, જિલ્લો વલસાડ, સર્વકલ્યાણ ટ્રસ્ટ, બળેજ તીર્થ પોરબંદર, માનવ કલ્યાણ ટ્રસ્ટ મમતા મંદિર, વિજલપોર નવસારી, રામકૃષ્ણમિશન વિવેકાનંદ મેમોરિયલ પોરબંદર ખાતે દાનો કરેલાં છે. આ ઉપરાંત મુંબઈ સમાજમાં પણ મોટા દાન કરેલાં છે. શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ, મુંબઈની શતાબ્દી ઉજવણી ઉજવણી નિમિત્તે એક ઓનરશીપની ઓફિસનું દાન આપીને સમાજમાં એક અનોખો દાખલો બેસાડયો છે. આવા દાનવીર અને મિતભાષી, જીવનમાં ફક્ત કાર્ય કરવામાં માનનારા અને હકારાત્મક (પોઝિટીવલી) અભિગમ રાખનાર શ્રી કાંતીલાલભાઈના પરિવારના સર્વે સભ્યો જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધતાં રહે...

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## દાતા પરિવાર સ્નેહ સંમેલન ૨૦૨૪ અહેવાલ.

શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ મુબઈનું દાતા પરિવાર સ્નેહ સંમેલન તારીખ ૦૬.૦૧.૨૦૨૪ ને શનિવારના રોજ સાંજે ૫ કલાકે, હિન્દી વિદ્યાભવન, મરીન ડ્રાઈવ ખાતે રાખવામાં આવેલ જેમાં સંસ્થાના દાતા પરિવારના સભ્યોને આમંત્રિત કરવામાં આવેલ.

દાતા પરિવારના સભ્યોનું ૫ કલાકે આગમન શરૂ થયું. આવનાર દરેકનું સ્વાગત શ્રી હસમુખભાઈ શાહ તથા તેમની ધર્મપત્ની શ્રીમતી દિનાબેન તથા શ્રી ધીરૂભાઈ કોરડીયા અને તેમની ધર્મપત્ની શીલાબેન દ્વારા મોતીની માળા પહેરાવી કરવામાં આવ્યું.

આવનાર દરેક સભ્યોએ ચા/કોફીના સ્વાદ સાથે એકબીજાને મળવાનો આનંદ માણ્યો ચોવીહારની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. ૬.૧૫ કલાકે સંમેલન શરુકરવાની માઈક પરથી જાહેરાત થતા જ સર્વે સભ્યોએ તેમની સ્થાન ગ્રહણ કર્યુ.

આ મંગલ પ્રસંગની શરૂઆત શ્રીમતી બીનાબેન પ્રદીપભાઇ વોરાએ મંગલ ઉપકારી એવા નવકારમંત્રની સ્તુતિથી કરી હતી.

માનદ્ મંત્રી શ્રી અજયભાઈ પારેખે આવનાર દાતાઓને મીઠો આવકાર આપ્યો અને સંસ્થાના પ્રમુખ શ્રી શશીકાંતભાઈ વોરાને સંસ્થાનાં આજના પ્રસંગે મુખ્ય દાતા શ્રી શરદભાઈ તારાચંદભાઈ મહેતાને તથા શ્રીમતી કંચનબેન અમીચંદભાઈ વોરાને સ્ટેજ પર લાવવા અને સ્થાન ગ્રહણ કરવા કહ્યું. ત્યાર બાદ સંસ્થાના હોદેદારોને સ્ટેજપર સ્થાન ગ્રહણ કરવા જણાવ્યું.

શ્રી અજયભાઈ પારેખે પધારેલ યજમાનોને જણાવ્યું કે આજના સ્નેહ સંમેલન ના શુભ અવસરે તમારા પરિવાર અને વડીલો તરફથી મળેલ બહુમૂલ્ય અનુદાન નું શું આયોજન અને પ્રયોજન છે તેની વિગતથી ત્રીજી પેઢી ના સભ્યોને પરિચિત કરવાનું પણ ધ્યેય છે. આગળ જતા આપનો સાથ સહકાર તથા સલાહ સુચનો અમોને મળતા રહે, અને સંસ્થા અવરિત પણે સારા કાર્યો કરતા રહે એવી અભયર્થના.

શ્રી અજયભાઈએ સંસ્થાના ઉપ-પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઈ પારેખને ક્રીટીકલ મેડીકલ યોજનાના દાતા શ્રીમતી કંચનબેન વોરાનું બહુમાન કરવા વિનંતી કરી. શ્રી ચંદ્રકાન્તભાઈએ શ્રીમતી કંચનબેનનું બહુમાન ફ્લાવર બુકેથી કર્યું અને સન્માનપત્ર અર્પણ કર્યું. શ્રી ચંદ્રકાંતભાઈએ તેમના વક્તવ્ય માં ૧૧૮ વર્ષ જૂની આ સંસ્થાનો વિગતવાર અહેવાલ રજુ કર્યો. સંસ્થાની સ્થાપના સવંત વર્ષ ૧૯૬૨ / ઈસ્વીસન વર્ષ ૧૯૦૫ માં આપણા વડીલોના પુર્વાગામી વિચાર ધારાથી તેમજ સમાજના કુટુંબોને ઉચ્ચ સ્થાને લાવવાની ભાવનાથી કરવામાં આવી હતી. શ્રી ચંદ્રકાંતભાઈએ અત્યાર સુધીના દરેક પ્રમુખના નામ લઇ પ્રમુખોએ તથા દરેક કમિટીના અર્થાગ પ્રયત્નોથી આપણી આ સંસ્થાને ઉચ્ચ સ્થાને લાવવા પ્રયત્નો કર્યા તે બદલ તેમનો આભાર માન્યો. સંસ્થાએ ત્રણ વિના મૂલ્ય તબીબી કેમ્પનું આયોજન કરેલ તેમજ વરિષ્ઠ સભ્યો માટે શ્રી મહેશભાઈ રતિલાલ મહેતાના આર્થિક સહયોગથી એક દિવસીયયાત્રા પ્રવાસનું આયોજન કરેલ. મંડળની હાલની પ્રવૃતિમાં, આર્થીક સહાય, રાહત દરે અનાજ તથા મસાલા વિતરણ, તબીબી રાહત યોજના, ગૃહ પ્રકલ્પ યોજના તથા દિવાળી સમયે સ્વાદિષ્ટ મીઠાઈ/ફરસાણનું રાહત દરે વિતરણ વગેરે પ્રવૃતિનો વિગતવાર અહેવાલ આપ્યો અને દરેક દાતાનો અભાર માન્યો. દરેક પ્રવૃતિમાં કાયમી દાતા / સહાયક દાતા પાસેથી રૂપિયા ૧,૦૦,૦૦૦ / ૫૦,૦૦૦ લેવામાં આવે છે એવું જણાવ્યું.

શ્રીમતી કંચનબેન વતી શ્રીમતી ભારતીબેન મનોજભાઈ વોરાએ આશીર વચનો આપતા સંસ્થાનો અને શ્રી શરદભાઈ તારાચંદ મહેતાનો નવી તબીબી રાહત યોજના માટે પ્રોત્સાહન આપવા બદલ આભાર માની જણાવ્યું કે જેમ અમારા વડીલ કાકા શ્રી અમીચંદભાઇ જીવનભાઈ વોરા સંસ્થાને તેમજ સમાજને શિક્ષણ રાહત અને તબીબી રાહત માટે તેમનું યોગદાન આપતા હતા, તે કાર્ય આગળ હવે વડીલ શ્રીમતી કંચનબેન અમીચંદભાઇ વોરાએ વધારેલ છે અને સંસ્થાનાં કાર્યકરોનો આભાર માની તેમનું વ્યક્તવય પૂર્ણ કરેલ.

ચંદ્રકાંતભાઈનું અને શ્રીમતી કંચનબેન અમીચંદભાઈ વોરા વતી શ્રીમતી ભારતીબેન મનોજભાઈ વોરાનું વક્તવ્ય પૂરું થતા શ્રી અજયભાઈએ સંસ્થાના પ્રમુખશ્રી શશીકાંતભાઈને દાતા શ્રી શરદભાઈનું બહુમાન કરવા વિનંતી કરી અને શ્રી શરદભાઈનું બહુમાન ફ્લાવર બુકેથી કર્યું અને સન્માનપત્ર અર્પણ કર્યું.

શ્રી શશીકાંતભાઈએ સંસ્થાની પ્રવૃતિની ટુકમાં વિગત આપી. તેમણે જણાવ્યુ કે હાલમાં શ્રી તારાચંદ ધનજી તબીબી રાહત યોજના ચાલે છે અને શ્રી તારાચંદ ધનજી મહેતા પરિવારના મોભી શ્રી શરદભાઈની સહમતીથી નવી યોજના શ્રીમતી કંચનબેન અમીચંદ જીવનભાઈ વોરા મેડિકલ ક્રિટિકલ રાહત યોજના શરુ કરવામાં આવી છે, જેમાં શ્રીમતી કંચનબેન અમીચંદ વોરા તરફથી રૂપિયા ૨૫ લાખ નું માતબર યોગદાન આપવામાં આવ્યું છે. આ કોરપસ ફંડ નું વ્યાજ કેન્સર અને કિડની ડાયાલિસિસ રાહત માટે વાપરવામાં આવશે. શ્રી શશીકાંતભાઈએ જણાવ્યું કે શ્રી શરદભાઈએ આ બીજી તબીબી રાહત યોજના માટે અમને અનુમતિ અને આવકાર આપ્યો છે તે માટે સંસ્થા તેમની અત્યંત આભારી છે તેમજ કંચનકાકીનો આભાર માન્યો.

સંસ્થાની દરેક યોજનામાં કાયમી ( કોર્પોસ ) ફંડ ઊભું કરીને તેના વ્યાજમાંથી વર્ષ દરમિયાન સહાય આપવામાં આવે છે. સંસ્થા દ્વારા દાનનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે છે.

ઉપર જણાવેલ યોજનાઓ ઉપરાંત સંસ્થાએ નીચે મુજબની નવી યોજના અમલમાં મુકી ચાલુ યોજનાઓમાં વધારો કરેલ છે. જે આર્થિક સહાય તિથિ યોજનામાં / રાહત દરે અનાજ વિતરણ તિથિ યોજનામાં. જે દાતા / પરિવાર ૧ લાખનું દાન આપશે, તેઓનો પાસપોર્ટ સાઇઝ નો ૧ ફોટો બ્લેક એન્ડ વ્હાઇટમાં દાતાની ઈચ્છા અનુસાર તેમના માતા / પિતા, પરિવારના સભ્યો ની પ્રાસંગિક યાદગીરી રૂપે જે તિથિ / મહિનો જણાવશે તે મુજબ વર્ષમાં એકવાર બ્લેક એન્ડ વ્હાઇટમાં અને દીપોત્સવી અંકમાં કલરમાં આપણા સમાજના મુખપત્રમાં છાપવામાં આવશે.

શ્રી શશીકાંતભાઈએ જણાવ્યુ કે કોઇ પણ સંસ્થાની કે સમાજની ઉતરોતર પ્રગતિમાં ઉદાર દિલ દાતાઓનો બહુ મૂલ્ય ફાળો અને સંસ્થાના સેવાભાવી કાર્યકરોની મહેનત સારા પરિણામો ઊભા કરી શકે છે. સંસ્થાના વિકાસ અને પ્રગતિમાં સંસ્થાના સ્થાપક પ્રમુખ તેમજ ઉતરોતર આવેલા પ્રમુખો હોદેદારો અને કમિટીના સભ્યોનો અમૂલ્ય ફાળો રહેલો છે. સૌના સહિયારા પ્રયાસોથી સંસ્થા અવિરત પણે આગળ વધી રહી છે અને સેવા સહાયના કાર્યો કરી રહી છે.

આજના આ પ્રસંગે બે મુખ્ય દાતાઓ શ્રી શરદભાઈ અને શ્રીમતી કંચનબેનનું બહુમાન કરીને તેમને સન્માન પત્ર અર્પણ કરવાની સંસ્થાને જે તક મળી છે તે માટે અમો ગૌરવ અનુભવીએ છીએ.

સંસ્થાના આજના સ્નેહ સંમેલનના પ્રસંગનો સંપૂર્ણ ખર્ચનો સમાજના ઉદારદિલ દાતા ડો. ભુપેન્દ્રભાઇ નરોત્તમદાસ વોરા અને ડો. શોભનાબેન ભુપેન્દ્રભાઇ વોરા (USA) જેઓ આ પ્રસંગે હાજર હતા તેમને સ્વેચ્છાએ યજમાન બનવાનો લાભ લીધેલ, તે બદલ એમનો પણ સંસ્થા ખાસ ખાસ આભાર માની અનુમોદના કરે છે.

સંસ્થાના કાર્યકર્તાઓના વિચારોને, વ્યક્તવ્ય અને સંબોધનોને શબ્દોનો સાથ અને શણગાર આપવા માટે અમો શ્રી મહેન્દ્ર ભાઈ પુનાતરના આભારી છીએ, સંસ્થાનાં કમિટી સભ્ય શ્રી વ્યોમેશભાઈ હિમતલાલ ભાયાણીએ બંને સન્માનપત્ર અને મહેન્દ્રભાઈ પુનાતરનો સંસ્થાને મોકલેલ શુભ સંદેશ વાંચીને આમંત્રીત મહેમાનો અને દાતા પરિવારના સભ્યોને જાણકારી આપી હતી, અને છેલ્લે અમારી હાલની કમિટીના હોદ્દેદારો અને સભ્યોનો પણ હું અત્યંત આભારી છું. તેમના સાથ અને સહકારથી આજનો સ્નેહ સંમ્મેલનનો પ્રસંગ યાદગાર રીતે ઉજવાયો.

સંસ્થાના ખજાનચી શ્રી ચંદ્રકાંતભાઈ નરોત્તમદાસ વોરાએ પ્રસંગ અનુલક્ષી તેમનું વક્તવ્ય આપ્યું.

આવેલ દાતા પરિવારમાંથી શ્રી ગીરીશભાઈ કાંતિલાલ પારેખ તથા શ્રી પ્રવીણભાઈ હિમતલાલ સંઘવીએ તેમના મંતવ્યો રજુ કર્યા તથા સંસ્થા દિનપ્રતિદિન પ્રગતિના પંથે આગળ વધતી રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરી.

સમારંભનું સમાપન કરતા સમાજના માનદ્ મંત્રી શ્રી વિનોદભાઈ ભગવાનજી મહેતાએ તેમનું વક્તવ્ય રજુ કરી આભાર વિધિ કરી જેમાં આવનાર દાતાશ્રીઓ, સંસ્થાના પ્રમુખશ્રી, કારોબારી સભ્યો તથા કમિટીના શ્રી વ્યોમેશભાઈ હિમતલાલ ભાયાણી અને શ્રી નિકુંજભાઈ શેઠ જેમને આ પ્રસંગ સુંદર રીતે ઊજવાય તેને માટે જે અથાગ મહેનત કરી ને કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરી તે બદલ તેમનો, અને અન્ય કમિટી સભ્યોનો, હિન્દી વિદ્યાભવના પદાધિકારીઓનો, કેટરર તથા સુંદર સજાવટ આપનાર ડેકોરેટર નો અભાર માન્યો હતો.

સ્ટેજ પ્રોગ્રામ પૂરો થતા સર્વ સ્વજનોએ ભાવતા ભોજનનો સ્વાદ માણ્યો અને આજના આ સ્નેહ સંમેલન માંથી વિદાય લીધી.

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## દાતા પરિવાર સ્નેહ સંમેલન ૨૦૨૪



ડો. ભુપેન્દ્રભાઈ નરોત્તમદાસ વોરા



ડો. શોભનાબેન ભુપેન્દ્રભાઈ વોરા

સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે શનિવાર, તારીખ ૦૬/૦૧/૨૦૨૪ના શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ દ્વારા આયોજીત દાતા પરિવારના સ્નેહ સંમેલનનો સંપૂર્ણ ખર્ચ ઉદારદિલ દાતા શ્રી નરોત્તમદાસ જીવનભાઈ વોરા પરિવારના પુત્ર ડો. ભુપેન્દ્રભાઈ નરોત્તમદાસ વોરા અને પુત્રવધુ ડો. શોભનાબેન ભુપેન્દ્રભાઈ વોરા એ આપીને પ્રસંગોપાત દાન માટેનું એક ઉત્તમ ઉદાહરણ આપેલ છે.

ડો. ભુપેન્દ્રભાઈનો પરિવાર વર્ષોથી U.S.A માં સ્થાયી થયેલ હોવા છતાં પણ આપણા સમાજમાં અને અન્ય સંસ્થાઓને સમય સમયે પ્રસંગ ને અનુરૂપ યોગદાન આપી તેમને વારસામાં મળેલ ઉદારદિલ દાતાની પ્રણાલી જાળવી રાખી છે, જે આપણા માટે ગર્વ લેવા જેવી બાબત છે.

શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ ડો. ભુપેન્દ્રભાઈ નરોત્તમદાસ વોરા અને પુત્રવધુ ડો. શોભનાબેન ભુપેન્દ્રભાઈ વોરા સંસ્થાના દાતા પરિવારના સ્નેહ સંમેલનના આમંત્રણ ને માન આપી કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા અને આજના સંપૂર્ણ પ્રસંગના યજમાન બનીને અમૂલ્ય યોગદાન આપવા બદલ સંસ્થા તેમનો ખુબ ખુબ આભારી છે અને ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

# શ્રી સોરઠ વિસા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## દાતા પરિવાર સ્નેહ સંમેલન ૨૦૨૪ના યાદગાર સંભારણા.



# શ્રી સોરઠ વિસા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## દાતા પરિવાર સ્નેહ સંમેલન ૨૦૨૪ના યાદગાર સંભારણા.



# શ્રી સોરઠ વિસા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## દાતા પરિવાર સ્નેહ સંમેલન ૨૦૨૪ના યાદગાર સંભારણા.



ફેબ્રુઆરી માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''

# ચંદનબેન અરવિંદકુમાર મહેતા

જન્મઃ તા.૧૯-૦૨-૧૯૪૨

જીંદગી રસોડામાં જેની અડધી વહી ગઈ...,
ખબર નહીં 'મા' ક્યારે ઘરડી થઈ ગઈ...
બધાનું ભાણું સાચવવામાં કેવી પડી ગઈ,
ખબર નહીં ક્યારે 'મા' એકલી થઈ ગઈ,
બાળકોને ઉછેરવામાં એવી પડી ગઈ,
ખબર નહી ક્યારે એના ચહેરામાં કરચલી પડી ગઈ,
વ્યવહારને સાચવવામાં એવી વ્યસ્ત થઈ ગઈ,
ખબર નહીં ક્યારે એના વાળની લટ સફેદ થઈ ગઈ,
આજ એના સ્થાને આવીને ઊભાં રહી ગયા,
ત્યારે 'મા' ની સાચી કિંમત ખબર પડી ગઈ.

પુત્ર : તુષાર અરવિંદકુમાર મહેતા
પુત્રવધુ : રાજુલ તુષાર મહેતા
પુત્રી : પારુલ પ્રણવ ઈમાનદાર
જમાઈ : પ્રણવ ઈમાનદાર
બેન : નિર્મલાબેન દિવ્યકાંત દોશી

૬, એમ્પાર હાઉસ, બીજે માળે, ઈરલા,
એસ.વી.રોડ વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૬

# ગેસ્ટરૂમ

શેખરનો જન્મ તદ્દન ગરીબ પરિવારમાં થયેલો. એમાંય નાનપણમાં મા-બાપના મૃત્યુ પછી ઉપર આભ અને નીચે ધરતી જેવી પરિસ્થિતિ થઈ ગયેલી. એક મોટા ભાઈ સિવાય કોઈનોય આધાર નહીં. એ બાર વર્ષનો થયો ને ઘરમાં ભાભી આવ્યા. આવ્યા ત્યારથી એ શેખરનું સર્વસ્વ બની રહ્યાં. મીનળ નાના દિયરિયાને એટલા લાડ કરતી કે,પતિને ઓછું આવી જતું. મીઠી મજાક કરતા નરેન્દ્ર પત્નીને કહેતો, તારે તો રોજ શેખરને શું ભાવે એ જ વિચારવાનું. અમારો કોઈ દિવસ ભાવ પૂછયો છે ? જો કે નાના ભાઈ પ્રત્યે પત્નીનો સ્નેહ અને લગાવ જોઈને એ બહુ ખુશ થતો. આડોશી - પાડોશી કે સગાં-સંબંધી અંદર અંદર ગુસપુસ કરતા કે, એ તો પંડનાં છોકરાં નથી ત્યાં સુધી બધું ઠીક છે. પછી તો શેખર બિચારો ક્યાં ખીણામાં ધકેલાઈ જશે, જો જો ને! પણ એવું કદી બન્યું નહીં. પહેલાં પીહુ અને પછી પવન જન્મયાં છતાં મીનળ માટે તો શેખર એના પહેલા ખોળાનો દીકરો જ બની રહ્યો.

પીહુ અને પવન બેઉ ભાઈ-બહેન શેખરકાકાનાં જબરા ચાહક, બન્નેની દૃષ્ટીએ દુનિયાની સર્વોત્તમ અને સૌથી આદરણીય વ્યક્તિ એમના કાકા જ હતા. વળી કાકા હતા પણ એવા જ લાડકા ભત્રીજા-ભત્રીજીની બધી ફરમાઈશ પૂરી કરવા તત્પર, કલેક્ટર હોદા પર પહોંચ્યા છતા શેખર પળવાર માટેય ભાઈ-ભાભીના ઉપકાર ભૂલતો નહીં એની ગામે ગામ બદલી થતી રહે. જ્યાં પણ બદલી થાય ત્યાં પહોંતીને તરત ભાઈના પરિવારને લેવા પહોંચીને પીહુ અને પવન ધમાચકડી મચાવતાં. વિશાળ બંગલો અને ફરતે જાતજાતનાં ફળફૂલથી શોભતો બગીચો. છોકરાઓને જલસા પડી જતા.

કાકા, મારે સરકસ જોવા જવું છે. લઈ જશોને ? પીહુની માગણી રજૂ થાય ન થાય ત્યાં પવન વચ્ચે ટપકી પડતો; ના, ના, સરકસમાં શું મજા આવે ? એના કરતાં પેલું નવું પીકચર આવ્યું છે એ જોવા લઈ જાવ કાકા! બેઉ વચ્ચે સમાધાન કરાવતા શેખર હસીને કહેતો, પીહુને તારી કાકી સરકસમાં લઈ જશે અને હું તને પિકચર જોલા લઈ જઈશ. બસ ખુશ ને ?

શેખરને ઘરે ઠાઠમાઠથી રહીને જ્યારે પણ પાછા ફરતાં ત્યારે હંમેશા નરેન્દ્રને વિચાર આવતો આટલી બાદશાહીમાં રહેવા છતાં શેખર જ્યારે અહીંના આ નાનકડા ઘરમાં આવે છે ત્યારે કેવો ખુશ થઈને બધાં ભેગો ભોંય પર પાથરેલી પથારીમાં સૂઈ જાય છે ? ડાબે-જમણે પીહુ અને પવન અને વચ્ચે પોતે. રાતે મોડે સુધી અલક-મલકની વાતો કરે. એને ભલે અગવડ ન લાગે, પણ વહુને તો તકલીફ પડતી જ હશે. ભલે બિચારી બોલે નહીં પણ આ ઘર હવે નાનું તો પડે જ છે.

છેલ્લા ઘણા વખતથી નરેન્દ્ર જોતો કે શેખરના ઘણા આગ્રહ છતાં મીનળ એના ઘરે જવાનો ઝાઝો ઉમળકો બતાવતી નહીં. કોઈ ને કોઈ બહાને એ જવાનું ટાળતી. એને આની પાછળનું કારણ સમજાતું નહીં. આમ તે શેખરની પત્ની અને મીનળ વચ્ચે દેરાણી-જેઠાણી નહીં, પણ બે સખીઓ જેવા સંબંધ હતા તો પછી આમ કેમ કરતી હશે ? એને બહુ પૂછ્યું ત્યારે મીનળે ઉદાસ સ્વરે કહ્યું, વાંધો તો બીજો શું હોય, પણ આપણને બેયને એ લોકો જુદા ઓરડામાં સૂવા નોકલી દે છે એ મને નથી ગમતુ. અહીં ગામમાં આવે ત્યારે શેખર મારા ખોળામાં માથું મૂકીને સૂઈ જાય ને હું એને માથે હાથ ફેરવ્યા કરું જ્યારે ત્યાં ? સૌ સૌના અલાયદા ઓરડામાં બોલતાં બોલતાં એની આંખ ભીની થઈ ગઈ. ગાંડી રે ગાંડી. અહીં આપણને જે નથી મળતું એ પોતાને ઘેર આપવા એ આવડો મોટો ગેસ્ટરૂમ આપણને આપી દે છે. એ માટે ખુશ થવાને બદલે તું... નથી જોઈતી મારે સગવડ કે નથી જોઈતો ગેસ્ટરૂમ. શું આપણે એના મહેમાન છીએ ?

થોડી ઘણી સમજણી થયેલી પીહુને માની આ વાત સમજાતી નહોતી, આટલા સરસ સજાવેલ ગેસ્ટરૂમમાં ન ગમવા જેવું શું છે ? માને કેમ આમ ઓછું આવી જતું હશે ? પછી તો પીહુ પરણીને સાસરે ગઈ. ઘર ગૃહસ્થીની જંજાળમાં અને બે સંતાનોને મોટાં કરવામાં વર્ષો ક્યાં સરકતાં ગયાં, ખબરેય ન પડી. હવે પવન એક મલ્ટિનેશનલ કંપનીમાં મેનેજર પદ પર પહોંચી ગયો હતો. મા-બાપુને આ ઉંમરે આરામથી રાખી શકાય એમ કરીને એણે સરસ મજાનો બંગલો બંધાવ્યો હતો. વાસ્તુપૂજા અને ગૃહપ્રવેશ પ્રસંગે પવન અને એની પત્નીએ પીહુને વહેલાસર આવી જવાનું ભારપૂર્વક આમંત્રણ આપ્યું હતું. મીનળ પણ ફોન પર દીકરીને કહેતી રહેતી, બેટા, અમે પણ તમને મોટા કર્યા, સગાં-વ્હાલાં અને વેવાઈવેલા બધાય સાચવ્યાં - બધુંય કર્યુ પણ તમારી જેમ પિયરને સાવ ભૂલી નહોતા ગયા. સાવ ગૃહપ્રવેશને દિવસે જ આવીશ કે પછી મા, આમ મહેણાં ન માર ભાઈનો

બંગલો જોવાની તો મને પણ હોંશ હોય જ ને ? મેં તમારા જમાઈને કહી દીધું છે કે, તમે પછી છોકરાંઓને લઈને આવજો. હું તો પંદર દિવસ વહેલી જવાની છું.

બસ, બસ આવી જા દીકરા, દીકરીઓથી તો ઘરમાં રોનક લાગે, ને જો ને, કાકાની ડ્યૂટી હમણાં ઉત્તર પ્રદેશમાં છે ને ત્યાં વાવાઝોડું હુંકાયું છે તે કાકા-કાકીથી નહીં આવી શકાય એ સાંભળ્યું. ત્યારથી મારું મન ઉદાસ થઈ ગયું છે. હવે તો વાસ્તાના દિવસમાં ફેરફાર ન કરી શકાય કેમ ? એમના આશીર્વાદથી જ કામ ચલાવવું પડશે, ખરું ને ?

પીહુ આવી ને ઘરમાં ચહલ-પહલ શરૂ થઈ. ડેકોરેશન કેવું કરાવશું ? કેટરિંગનો ઓર્ડર કોને આપ્યો છે ? જમવામાં કઈ કઈ વાનગી રાખીશું - એ બધી ચર્ચાઓ જોરશોરમાં ચાલુ થઈ ગઈ. દીદી, તું તો આવતાની સાથે એવી કામમાં પડી ગઈ કે તને બંગલો જોવાનીય ફુરસદ નથી. આજે સાંજે હું વહેલો આવી જઈશ. તમે બધા તૈયાર રહેજો. પીહુને બંગલાની ટૂર કરાવવાની છે. પવનની વાત સાંભળી નરેન્દ્રએ કહ્યું, તારી માને હમણાં ગોઠણનો દુઃખાવો વધી ગયો છે. અમે બેઉ ઘરે જ રહીશું, તું, રીના અને પીહુ તમે ત્રણે જજો.

રીના અને પવન હોંશે હોંશે દીદીને બંગલો બતાવતા હતા. જુઓ દીદી, આ કિચન કેવું લાગે છે ? મેં તો પહેલેથી કહી દીધું હતું, મને કિચન મોટું જોઈએ. આ મા-બાપુનો બેડરૂમ, આ માસ્ટર બેડરૂમ અને... ના ના, તું નહીં બતાવતી દીદીને એનો રૂમ હું જ બતાવીશ. ખાસ એને ગમે એવું ફર્નિચર ડિઝાઈન કરાવ્યું છે. જો દીદી, આ ગેસ્ટરૂમ. આમાં તું, જીજાજી અને ભાણિયાઓ આરામથી રહેજો.

'ગેસ્ટરૂમ' હું ને પવન તો એક જ પલંગ પર સૂવા માટે ઝઘડતાં, એક થાળીમાં સાથે જમતાં ને હવે હું એના બંગલામાં ગેસ્ટ બની જઈશ ? ઘડીભર એ મનોમન વિચારી રહી. આજે એને સમજાયું કે માને કાકાને ઘરે જવામાં શું વાંધો પડતો હતો ? આમ જ હોય ને ? એણે હસીને કહ્યું, પવન, રીના આખા બંગલામાં મને સૌથી વધારે કયો રૂમ ગમ્યો, કહું મારો રૂમ, ગેસ્ટરૂમ.

---


## નવું સરનામું

**Arvindbhai Vadilal Doshi**

1504, Unique Serenity, Shimpoli Road,
Kastur Park, Borivali (W),
Mumbai - 400092. • Mob.: 98925 82597


# બહોત ગઈ ને થોડી રહી

એક નગરમાં એક ગાનારો પોતાની ગાનારી પત્ની સાથે આવી ચડ્યો. તેને થયું કે, રાજદરબારમાં નાચગાનનો જલસો ગોઠવાય તો ઘણાં પૈસા મળશે અને લોકોને નાચગાન ગમી જશે તો એ લોકો પણ આમંત્રણ આપશે. એમ વિચાર કરીને તે પ્રધાનજી પસે ગયો. નમન કરીને તેણે બધી વાત કરી.

પ્રધાનજી કહેઃ "તારી વાત બરોબર છે પણ અમારાં રાજાજી બહું જ કરકસર કરનારા છે, કોઈને એક દમડી ય આપે એમ નથી. માટે તારી ઈચ્છા હોય તો જલસો ગોઠવુ પણ ધનની આશા ન રાખવી. પછી જેવુ તારું નસીબ"

ગાયક અને પત્ની આ સાંભળીને જરા નિરાશ થઈ ગયાં. આટલે દૂર આવ્યા અને ખાલી હાથે પાછા જવું પડે, એ તો સારૂં ન કહેવાય. એટલે જે થાય તે ખરૂં એમ વિચારી ગાયકે કહ્યું, "પ્રધાનજી ભલે જે ભાગ્યમાં હશે તે થશે, આપ ખુશીથી નાચગાનનો જલસો આજ રાતે ગોઠવો. પણ રાજાજીને કહેજો જોવા આવે."

રાત પડી અને રાજદરબારમાં પ્રજાજનો નાચગાનનો જલસો જોવા ઉમટી પડયા છે. ઘણાં વખત પછી કંજૂસ રાજાજીએ જલસો ગોઠવ્યો, એટલે બધાં રાજી થઈને આવ્યાં હતા.

જેમ જેમ રાત વધતી ગઈ તેમ તેમ રસ જામતો ગયો. પણ પેલી કહેવત છે ને ? યથા રાજા, તથા પ્રજા ! એટલે કંજૂસ રાજાએ કશી બક્ષિસ ધરી નહિ, તેમ કોઈ ધનિક પ્રજાજને પણ કશી ભેટ ન આપી ! અરે, કોઈ ઉત્સાહના સૂર પણ ન કાઢે !

રખેને, કંઈ આપવું પડે !

અર્ધી રાત વહી ગઈ અને પેલી નર્તકી નાચી નાચીને અને ગાઈ ગાઈને લોથપોથ થઈ ગઈ. પણ કોઈએ એક પાઈ પૈસો આપ્યું નહીં. એટલે તેણે પોતાના ગાયક પતિનું ધ્યાન દોરવા એક દુહો લલકાર્યો :-

**"રાત ઘડી ભર રહી ગઈ, પીંજર થાક્યો આંય.**
**નટકી કહે સૂણ નાયકા, અબ મધૂરી તાલ બજાય."**

એ સાંભળીને પેલો ગાયક તેનો મર્મ સમજી ગયો. ને તેણે સામે ઉત્તર રૂપે ગાયું:-

**"બહોત ગઈ ને થોડી રહી, થોડી ભી અબ જાય.**
**થોડી દેર કે કારણે, તાલમે ભંગ ન થાય."**

આ દુહો ગાતાં નવું જ કૌતુક થયું. સાંભળવા આવેલ લોકોમાં એક સાધુ હતો. તેણે તુરંત જ પોતાનો નવો કીંમતી કામળો પેલા ગાયક તરફ ફેંક્યો. રાજ કુંવરે પોતાનાં હાથનું રત્ન જાડિત સોનાનું કડું તેને ભેટ આપ્યું. અને રાજકન્યાએ પોતાનો મૂલ્યવાન હીરાનો હાર ગળામાંથી કાઢીને ગાનારને આપ્યો.

આ જોઈને કંજૂસ રાજાને ખૂબ આશ્ચર્ય થયું. એકાએક એવું તે શું બન્યું કે આટલી મોટી કીમતી ભેટ પેલા ગાનારને ભેટ મળી ?

તેણે સાધુને પૂછયું. "સાધુ મહારાજ! આપે અહીં એવું તે શું કૌતુક જોયું કે આપને આપનો નવો કીંમતી કામળો ગાનારને ભેટ આપવાનું મન થયું ?"

સાધુએ કહ્યું, "રાજાજી હું આપને સાચું જ કહીશ. કેટલાય વર્ષોથી મે સંસાર સુખનો ત્યાગ કર્યો હતો. પણ આજે અહીંનો બધો વૈભવ જોઈને મારૂં મન ફરીને સંસાર સુખો ભોગવવા ઊંચા નીચું થવા લાગ્યું હતું. ત્યાં આ ગાયકે ગાયું કે,

**"બહોત ગઈ ને થોડી રહી, થોડી ભી અબ જાય.**
**થોડી દેર કે કારણે, તાલમે ભંગ ન થાય."**

એ સાંભળીને મને થયું કે. આટલા વર્ષો કઠિન તપસ્યા કરીને સાધુ તરીકે ગાળ્યાં, હવે જીવનનાં થોડાં વર્ષો બાકી રહ્યાં છે, ત્યારે શા માટે એ સન્માર્ગથી ચલિત થઈને મારે જીવતર એળે ગુમાવવું ? મને એ ગાયકના વચનથી ભાન આવ્યું. માટે એકનો એક કીંમતી કામળો તેને ભેટમાં આપી દીધો.

પછી રાજાએ તેનાં રાજકુવરને પૂછયું, એટલે કુંવર કહે; "પિતાશ્રી, આપને હું સાચી હકીકત કહીશ. એ સાંભળીને આપને જે સજા કરવી હોય તે મને ખુશીથી કરજો. હું આપના કંજૂસ પણાથી કંટાળી ગયો હતો. હું રાજાનો કુંવર હોવા છતાં કંગાળની માફક રહું છું. મને જરાય સુખ નથી. એટલે મે કંટાળી જઈને આપનું કાલે સવારે ખુન કરવાનો વિચાર કર્યો હતો. પરંતુ આ ગાયકના દુહાએ મારાં કુવિચારોને મારી હઠાવ્યો. મને થયું આપ હવે ઘરડાં થયાં છે. વધુમાં વધુ આપ કેટલું જીવવાના છો ? માટે હવે થોડો વખત વધારે મુશ્કેલી ભોગવી લઉં તો એમાં શું થઈ ગયું ? નાહક આપને મારીને પિતૃહત્યાનું પાપ શા માટે વહેરી લઉં ? એટલે મે કુ વિચાર છોડી દીધો. મને આ ગાયકે જગાડયો, તેથી મે ખુશ થઈને મારૂં કીંમતી રત્નજડીત કડું તેને ભેટમાં આપી દીધું."

પછી રાજાએ કુંવરીને કારણ પૂછયું, એટલે કુંવરીએ જવાબ આપ્યો; પિતાશ્રી હું પણ આપને સાચુ જ કહીશ. હું હવે મોટી થઈ ગઈ છું. પણ આપ ધનની લાલચમાં મારાં લગ્ન યોગ્ય પાત્ર સાથે કરતાં નથી. જેવાં તેવા માણસના હાથમાં મને સોંપી દેશો એવો મને સતત ભય રહે છે. ધનની લાલચ તમને વિવેક કરવા દે એમ નથી. માટે મે પ્રધાનજીના પુત્ર સાથે ક્યાંક નાસી જાવાનો વિચાર કર્યો હતો. અને હમણાં થોડા વખત પહેલા જ મને થયું કે હવે વિલંબ કરવો ઉચિત નથી. આવતી કાલે જ એ નિર્ણય અમલમાં મૂકી દેવો. ત્યાં તો મે એ દુહો સાંભળ્યો અને મારાં મન પર એનું બહું પરિણામ થયું. મને થયું પિતાજી હને વૃદ્ધ થયાં છે. વધુ કેટલું જીવશે ? પિતાશ્રી પછી ભાઈ ગાદીએ આવશે અને ભાઈ તો ઉદાર દિલનાં છે અને મારાં પર હેત રાખે છે. તો પછી થોડાં વખત માટે થોભી જાઉં તો કશું બગડવાનું નથી. પ્રધાનજીના પુત્ર સાથે નાસી જાઉં તે આપણા કુળને પણ લોકો વગોવે. એનાં કરતાં એવું ન કરવું એ જ યોગ્ય છે. ગાયકનાં એ દુહાએ મને સાનમાં આણી, માટે મેં ખુશ થઈને મારો કીંમતી હાર તેને ભેટમાં આપી દીધો.

રાજાજી આ બધું સાંભળીને વિચારમાં પડી ગયા. તેને પોતાની ભૂલ સમજાઈ. પછી તેણે ગાયક અને તેની પત્નીને ખૂબ ધન આપીને માનભેર વિદાય કર્યા.

આ નાનકડી વાર્તા વાંચનાર પણ વિચારજો કે બહોત ગઈ અનો થોડી રહી. શાના માટે અને કોના માટે મારે વેર બાધવાં, અબોલા લેવા, કોઈને ન ગમે તેવું વર્તન જાણી જોઈને કરવું, બહારના કદી મારા થવાના નથી તો શા માટે મારી ઘરની જ વ્યક્તિઓને હું અનહદ પ્રેમ ન આપી શકું કારણ એ તો સદાય મારી સાથે જ રહેવાના છે. ગાયક નો નાનકડો દુહો ઘણાં બધા લોકોના જીવનમાં પરિવર્તન લાવી શકે તેમ છે જો ધ્યાનથી વાંચીએ અને સાંભળીએ તો....

## અવસાન નોંધ :

❑ થાણાદેવડી નિવાસી હાલ ડોમ્બીવલી-મુંબઈ શ્રી નૌતમલાલ ભગવાનજી શાહના સુપુત્ર નવીનભાઈના ધર્મપત્ની સુધાબેન ઉંમર વર્ષ ૭૪ તા.૧૨-૨-૨૦૨૪ સોમવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

તેઓ આદિત્ય તથા ચિતનના માતૃશ્રી, રુચી અને એન્ટોનેટના સાસુ, સ્વ.મહેન્દ્રભાઈ, સ્વ.જગદીશભાઈ, પ્રદિપભાઈ તથા હર્ષદા પ્રફુલ્લભાઈ વોરાના ભાભી, પ્રિયંમવદાબેનના દેરાણી, વીણાબેન, શિલ્પાબેનના જેઠાણી પિયર પક્ષે જુનાગઢ નિવાસી હાલ કોલ્હાપુર વનમાળીદાસ વાલજી શાહના સુપુત્રી

❑ જેતપુર નિવાસી સ્વ.રજનીકાંત મગનલાલ શેઠના ધર્મપત્ની ચંદનબેન રજનીકાંત શેઠ (ઉ.વ.૮૭) તા.૧-૧૧-૨૦૨૩ના રોજ અવસાન પામેલ છે. તે સ્વ.બીના, સ્વ. હર્ષા, મીતાના માતુશ્રી તથા મનીષાના સાસુ, ઉર્વી, ચાર્મી, હર્ષના દાદી પિયરપક્ષ સ્વ.મોતીચંદ સવચંદ વસાના દિકરી અરિહંત શરણ પામેલ છે.

❑ થાણાદેવડી નિવાસી હાલ બોરીવલી ગીરીશભાઈ રતિલાલ શાહના પત્ની અ.સૌ.રમીલાબેન (ઉ.વ.૭૬) તે ચિંતન, જ્યોતિના માતા, હેતલ રીતેષકુમાર મહેતાના સાસુ સાયલા નિવાસી હાલ સાંતાક્રુઝ સ્વ.ચંપાબેન નંદલાલભાઈ મહેતાના દીકરી, સ્વ.મંજુલાબેન, સ્વ.કોકિલાબેન, ગં.સ્વ.હસુમતીબેન, સુરેખાબેન, સીમાબેનના ભાભી, સ્વ.જ્યોત્સનાબેનના ભાભી, સ્વ.લીલાબેન, સ્વ.પુણ્યપ્રભાશ્રી મહારાજ સાહેબ, સ્વ.સરોજબેન, ગં.સ્વ. પ્રવિણાબેન, ભુપતભાઈ, વિનોદભાઈના બહેન તા.૦૪-૦૨-૨૦૨૪ના રવિવારે અવસાન પામેલ છે.

# સત્ય ઘટના

જમીન... વાવેલા દાણા પાછા આપે કે ન આપે, Bank ... મૂકેલા નાણા પાછા આપે કે ન આપે, પણ... કરેલા સારા કાર્યો તો એના મીઠા ફળ આપે આપે ને આપે જ! સમય પાકતા ને વખત આવતા, અને તે ય શાહુકારી વ્યાજ સાથે ને ક્યારેક ચક્રવર્તી વ્યાજ સાથે!

એક નાની સત્યઘટના વાંચો.

વાત બહુ જૂની નથી. સ્કોટલેન્ડમાં આવેલા મોટા-મોટા ખેતરોમાંથી એક ખેડૂત, જેનું નામ ફલેમિંગ હતું. એ ઝપાટાભેર જઈ રહ્યો હતો. એને ઘેર પહોંચવાની ઉતાવળ હતી. કેમ કે આજે ઘરે એક મોટું કામ કરવાનું હતું. જો એ કાર્ય ઘરે થઈ જાય તો એને ખૂબ નફો થાય એવું હતું. એ ઘરે જલ્દી પહોંચવાની ધૂનમાં હતો.

પણ... ત્યાં જ એના કાનમાં દૂર-દૂરથી કોઈ બાળકના કણસવાનો અવાજ આવ્યો. એના પગ થંભી ગયા. ફલેમિંગે વિચાર્યુ, આ કોઈ બાળકનો અવાજ લાગે છે, ને એ રડે છે, કણસે છે. એટલે નક્કી કે એ એકલો જ હશે. એણે ચારે તરફ નજર કરી તો દૂર-દૂર કાદવમાં એક બાળક ફસાઈ ગયો છે, ને એ એમાંથી નીકળવાના હવાતિયા મારી રહ્યો છે.

એ જેમ-જેમ નીકળવાની કોશિશ કરે છે. એમ-એમ એ વધુ ને વધુ અંદર ફસાતો જાય છે. ખેડૂત ફ્લિમિંગે વિચાર્યું કે, અત્યારે જો બાળકને બહાર નહિં કાઢું તો કદાચ કંઈ ન બનવાનું બની જાય અને જો કાઢવા જઉં તો મોટું કામ કરી એનો મોટો લાભ જે મળવાનો છે, એ લાભ હું મોડો પડું તો ચાલ્યો જશે એ નક્કી! પણ..ફલેમિંગના મનમાં દયા હતી. દયા એટલે કોઈના દુઃખે દિલનું દ્રવી જવું.

ખેડૂત ફલેમિંગના દિલે એને આગળ વધતો અટકાવીને સીધો જ બાળકની મદદે મોકલી દીધો. એણે બાળકને ખૂબ સાચવીને કાદવમાંથી બાહર કાઢયો, ને પોતાના ઘરે લઈ જઈ નવડાવ્યો, ને ખવડાવ્યું. બાળક શાંત થયો, ત્યાં તો થોડીવારમાં એક મોંઘી કાર એના ઘરઆંગણે આવી ઊભી.

એમાંથી ઉતરેલા શ્રીમંતને જોઈ ફલેમિંગ કંઈ વિચારે એ પહેલા તો પેલો બાળક દોડયો ને “પપ્પા! પપ્પા!” કહેતો પેલા શ્રીમંત માણસને ભેટી પડયો અને એ શ્રીમંત માણસની આંખમાં આંસુ છલકાઈ આવ્યાં. એમણે દીકરાને તેડી લીધો, ને.. આભારવશ થઈ ખેડૂતની સામે ડોલરોની થપ્પી ધરી દીધી.

ફલેમિંગ ખેડૂત હતો. એ ધનાઢ્ય નો તો, પણ... દિલની અમીરાઈ હતી એની પાસે!!!

ખેડૂત ફલેમિંગ બોલ્યો, “સર! સતકાર્યનો ચાર્જ ન હોય, સત્કાર્ય તો ચાર્જર છે. જે આપણા નસીબને ચાર્જ કરી દે છે.” ખેડૂત ફલેમિંગે જ્યારે વિનમ્રતાપૂર્વક પૈસા લેવાનો ઈન્કાર કર્યો, ત્યારે આ શ્રીમંત સજ્જને કહ્યું, “તો તારે મારી એક વાત માનવી પડશે. તારા છોકરાનો ભણવાનો તમામ ખર્ચ હું ઉઠાવીશ. એને જેટલું ભણવું હોય, ને જ્યાં જઈ ભણવું હોય, સંપૂર્ણ ભણવાનો ખર્ચ હું જ આપીશ.”

ખેડૂત ફલેમિંગ આર્થિક દ્રષ્ટિએ પોતાના બાળકને શ્રેષ્ઠ શિક્ષણ આપી નો તો શકતો એણે નીચી નજર કરી દીધી ને પછી ઈતિહાસ રચાયો. એ ખેડૂતનો છોકરો લંડનની પ્રખ્યાત, મોભાદાર સેન્ટ મેરી મેડિકલ હોસ્પિટલમાં સ્નાતક બન્યો, પછી વૈજ્ઞાનિક બન્યો. એનુ વિશ્વપ્રસિદ્ધ નામ, **“એલેકઝાન્ડર ફલેમિંગ.”**

એણે ઘણા સંશોધન કાર્યો કાર્ય. ઘણી બધી દવાઓના નિર્માણ કર્યા અને... એક દિવસ ઈતિહાસ રચાયો. એક અતિ ધનાઢ્ય પરિવારનો દીકરો ન્યુમોનિયામાં પટકાયો. એના બચવાની તકો ખૂબ ઓછી હતી. એ જ અરસામાં એલેકઝાન્ડર ફલેમિંગે Penicillinની શોધ કરી, જે ન્યુમોનિયાની અક્સીર દવા સાબિત થઈ, જે આજેય જગ વિખ્યાત છે.

એ જ દવાએ આ ધનાઢ્ય પરિવારનો લાડકવાયો બચી ગયો અને આ ધનાઢ્ય પરિવારને જ્યારે ખબર પડી કે, આ દવાના શોધનાર સર એલેકઝાન્ડર ફલેમિંગ આટલા ઉચ્ચ સ્થાન સુધી પહોંચી શક્યા, આ ઉચ્ચ અભ્યાસ કરી શક્યા, એનું શ્રેય આપણા જ પરિવારને ફાળે છે, ત્યારે તેઓ ગદ્ગદ્ બની ગયા.

અને...જ્યારે આ ધનાઢ્ય પરિવાર ને સર એલેકઝાન્ડર ફલેમિંગ ભેગા મળ્યા ત્યારે બન્ને એકબીજાના આભારવશ લાગણી ભીના બની ગયા. ખેડૂત ફલેમિંગ કહે, “મારા દીકરાને તમે આટલે પહોંચાડ્યો.”

ધનાઢ્ય પરિવાર કહે “મારા દીકરાને તમે બચાવ્યો.” અને આ ન્યુમોનિયાથી બચી ગયેલો યુવાન એટલે, સર વિન્સટન ચર્ચિલ!

એક નિઃસ્વાર્થ ભાવે કરેલું કાર્ય ક્યારેય નિષ્ફળ જતું નથી.

## પ્રથમ પુણ્યતિથિ ની ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મ
તા : ૧૪-૧૧-૧૯૪૧

અરિહંત શરણ
તા: ૧૩-૦૨-૨૦૨૩

# સ્વ. શ્રી લજપતરાય કપૂરચંદ વોરા

**મુળ વતન: સોરઠ વંથલી    હાલ: વડાલા - મુંબઈ**

સ્વભાવથી નરમ, દિલથી દિલાવર,
જેની વાણીમાં વાત્સલ્યતા અને
વ્યવહારમાં કુશળતા છતાં વિચારોમાં આધુનિકતા,
સુખ દુ:ખમાં સદાય હસતા અને સૌના દિલમાં વસતા,
હૃદયમાં કુટુંબ પ્રેમ, વ્યવહાર માં નિષ્ઠા,
હસવું અને સૌને હસાવવું એ જેમનો જીવન મંત્ર,
પુરુષાર્થ સભર ખુમારી ભર્યું જીવન જીવ્યા અને તેમના સત્કાર્યોની સુવાસ પ્રસરાવી ગયા.
પરમ કૃપાળુ પરમાત્મા એ પુણ્યશાળી આત્માને સદ્ગતિ આપે.

લિ.

ધર્મ પત્ની : શ્રીમતી મધુબેન લજપતરાય વોરા
પુત્ર - પુત્રવધુ : મિલન-પાયલ, કેતન-જીજ્ઞા, નયન-સિદ્ધિ
પૌત્રી : દિશા, શાશ્વિ, સિનાયા, સિયોના
પૌત્ર : હેતાર્થ
ભાઈ : સ્વ કિશોરભાઈ કપૂરચંદ વોરા
સ્વ. મહેન્દ્રભાઈ કપૂરચંદ વોરા
શ્રી હસમુખભાઈ કપૂરચંદ વોરા
બહેન : સ્વ. ભાનુબેન લલિતકુમાર મહેતા    તથા

## સમસ્ત કપૂરચંદ માધવજી વોરા પરિવાર

# શ્રી ઘાટકોપર મંડળ સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ

સી-૧૮, ભગત એસ્ટેટ, વલ્લભ બાગ ક્રોસ લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.

**SHRI GHATKOPAR MANDAL SAMAJ UTKARSH TRUST**

C-18, Bhagat Estate, Vallabh Baug Cross Lane, Ghatkopar (E), Mumbai - 400 077.

**Reg. No. E - 78533 dt. 18-2-2000 • I. T. Exemption No. Under 80G**

**શ્રી ઘાટકોપર મંડળ સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ**

(એસ. વી. જૈન સમાજ પરિવારો માટે મેડીક્લેઈમ વિમા યોજના)

ઉપરોક્ત ટ્રસ્ટ દ્વારા સંચાલિત મેડીક્લેઇમ યોજના વિશે વિમાધારક પરિવારો માટે **તા. ૨૧-૦૧-૨૦૨૪ રવિવાર બપોરે,** એક અગત્યની સેમીનાર બોરીવલી વેસ્ટ સ્થિત શ્રી સ્થાનકવાસી ઉપાશ્રય ખાતે યોજેલ હતી.

આ સેમીનાર દ્વારા વિમાધારક પરિવારોને એક નવીન યોજના વિશે જાણકારી આપવાનું પ્રયોજન હતું અને તે સંદર્ભમાં ટ્રસ્ટ સંચાલકોએ સ્ટાર હેલ્થ વિમા કંપનીના બે ઓફિસરોને પણ આમંત્રિત કર્યા હતા જેથી હકીકત સ્પષ્ટતાથી સમજણ આપી શકાય.

ઉપરોક્ત વસ્તુસ્થિતીને કેન્દ્રમાં રાખીને સર્વ વિમાધારકોને સેમીનારમાં અવશ્ય હાજર રહેવા આગ્રહપૂર્વક વિનંતી કરી હતી અને રિમાઈન્ડર્સ પણ પાઠવેલા અને પરિવાર દીઠ એક સભ્યના હિસાબે ૪૦૦ વ્યક્તિઓની હાજરી અપેક્ષિત હતી. પરંતુ ફક્ત ૭૦ સભ્યો હાજર રહ્યા અને મોટા ભાગના સભ્યોની ગેરહાજરીની સખેદ નોંધ લેવી પડી.

સેમીનારની શરૂઆતમાં ટ્રસ્ટી **શ્રી ધીરેનભાઇ વસા** એ સહુનું સ્વાગત કર્યું અને જણાવ્યું કે વર્તમાન મેડીક્લેઇમ યોજના સં. ૨૦૦૦ માં ચાલુ કરી અને આજે ૨૪ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે અને તે દરમ્યાન પરિવારોના અનન્ય સાથ - સહકારથી ટ્રસ્ટ પણ ધન્ય બન્યુ છે. પ્રવર્તમાન આ યોજના હવે જૂની થઇ ગઇ છે અને અત્યારના પરિવર્તનશીલ સમયમાં વધુ સારી, આકર્ષક અને વધુ લાભદાયી વિકલ્પ પ્રાપ્ત થઇ રહ્યા છે તેનો લાભ લેવાની અત્યંત જરૂરત છે - જેને લક્ષમાં લઇ ચાલુ યોજના એકથી ત્રણ વર્ષના ગાળામાં બંધ કરીને તેના બદલે નવયોજના કાર્યાન્વિત કરવાની ટ્રસ્ટની અભિલાષા છે.

નવ યોજના પ્રમાણે, ગ્રુપ મેડીક્લેઇમ વિમાના સ્થાને દરેક પરિવાર સંપૂર્ણ આત્મનિર્ભર બનીને સ્ટાર હેલ્થ વિમા કંપની કે અન્ય વિમા કંપની મારફત એક લાખના વિમા કવરને બદલે ત્રણ લાખનું કવર ઓછા પ્રિમિઅમ દરે પ્રાપ્ત કરી શકાય તેવી ચોક્કસ યોજના. અપનાવવી જરૂરી છે. મોંઘવારી અને વધી રહેલા ખર્ચ સામે ઉચિત રક્ષણ મેળવવું એ પાયાની અને પ્રાથમિક જરૂરીયાત સમજી શકાય તેમ છે.

આ નવયોજના પ્રમાણે નવું કવર આજથી જ મેળવી લેવું તેવો અમારો અભિગમ અને આગ્રહ છે અને કવરેજ મેળવીને પ્રિમિઅમ ભરી દેશો અને ત્યારે આપનું આ ટ્રસ્ટ પરિવાર દીઠ ત્રણ હજારની રકમ રાહત રૂપે આપશે અને દરેક પરિવાર એક લાખને બદલે ત્રણ લાખનું કવર ઓછા પ્રિમિઅમથી પ્રાપ્ત કરી શકશો - જે માટે અત્યારથી જ આપની કાર્યવાહી શરૂ કરવા ભલામણ સાથે નમ્ર વિનંતી છે.

ઉપરોક્ત વિગતનું મહત્વ સમજીને તાત્કાલીક પગલાં લઇને આપને વધુ લાભ મળે તેવી અમારી દ્રઢ ભાવનાને પ્રતિસાદ આપશો તેવી ફરી ફરી આગ્રહભરી વિનંતી છે.

નવા ફોર્મ સ્વીકારવામાં નહિ આવે.

**લિ. શ્રી ઘાટકોપર મંડળ સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ વતી**

**ટ્રસ્ટી મંડળ**

મુંબઇ

# આજની યુવા પેઢી ધર્મથી દૂર થતી જાય એનું જવાબદાર કોણ ?

આરતી રામાણી ''એન્જલ'' - બેંગ્લોર

યુવા પેઢી એટલે જોઈ, પરખી પછી યોગ્ય લાગે તો અપનાવનારી. આપણે કોઈપણ બાબત નિર્ણય તેનાં પર થોપી બેસાડીએ તો તે વિદ્રોહ કરી તેનો અસ્વીકાર કરે, પરંતુ દરેકની પાછળનો મર્મ સમજાવતાં તે જરૂર અપનાવે. આ પેઢી ખૂબ સમજદાર છે. તેની વિચાર શક્તિ પૂરા આકાશને અડી જાય તેવી હોવાં છતાં પગ જમીન પર રાખવાનું પસંદ કરે છે. આપણે જે ધર્મ અપનાવીએ, અનુસરીએ, તે રીતે અનુસરવાનું કહેતાં તે ક્યારેય હામી નહીં ભરે. આપણે દરરોજ સવારે ભગવાનનાં દર્શન વગર પાણીનો ઘૂંટડો પણ મોમાં ના નાખતાં હોઈએ અને આપણાં સંતાનો પાસે તેવી જ આશા રાખીએ, તો તેમનાં પ્રમાણે "ખાધાં-પીધાં વગર જવાથી રસ્તામાં ચક્કર આવે તો ?" જે હવે ઘણાં અંશે બરાબર પણ છે. હવે શરીર પહેલાં જેવા નથી રહ્યા. બી.પી., ડાયાબિટીસ આ બધાએ આપણાં જ શરીરમાં આપણને જ ભાડે રાખી લીધાં છે. હાર્ટ એટેક તો કહ્યાં વગરનાં મહેમાન જેવું બની ગયું છે. આગમ ચેતવણી વગર ગમે ત્યારે આવી પડે. એકી સાથે બે-ચાર કલાકો બેસીને ધર્મધ્યાન કરવાનું સંતાનોને કહીશું, તો વધારે કલાકો પગ વાળીને બેસવાથી ગોઠણના દુખાવા થશે, ચાલવામાં તકલીફ પડશે, કમર તથા પીઠ જકડાઈ જશે એ તો ઉપરથી કહેશે. તેમની વાત વ્યાજબી છે. ક્લાકો માળા ફેરવી ધર્મધ્યાન કરતાં-કરતાં મનમાં કોઈ વ્યક્તિનાં વિચારોનો ઉપદ્રવ ચાલતો હોય એ કર્મ બાંધ્યા કહેવાય. આપણું મગજ સતત બદલાવ ઝંખે, એક જ કાર્યથી કંટાળો અનુભવે. તે ક્યારેય એક જગ્યાએ સ્થિર રહેતું નથી. માત્ર પાંચ મિનિટ એક ચિતે બેસવાની કોશિશ કરી જુઓ. શક્ય બનશે ? નહીં! કારણ મન ચંચળ છે. તેને સ્થિર કરવું પડે. બાહ્ય પ્રસાધનોનાં બદલે ભીતર ડોકિયું કરીને.


તેમને મેડિટેશનમાં રૂચિ છે, તો કરવા દો ને અંતે છે તો કર્મ જ તોડવાના ને ! બસ રસ્તો અલગ છે, મંજિલ એક છે. ''ખોટું બોલવાથી મા મરી જાય''! અરે! આવી વાતમાં મા શા માટે મરે ? ''ખોટું ન બોલાય, પાપ લાગે'' બધામાં લોજીક શોધવાવાળી પેઢીને પાપ-પુણ્ય ના સમજાય ખોટું બોલવાથી આપણાં પર કોઈ ભરોસો ના કરે. આપણી સાથે કોઈ ખોટું બોલે તો ગમે ? આમ કહીએ તો સમજે ''બહેનને ના મરાય, હાથમાં કાંટા ઉગે !'' છોડમાં પણ માટી વગર કાંટા નથી ઉગતાં. આ તો જીવતી-જાગતી ચામડી છે. ક્યાંથી ઉગવાનાં ? પછી ફરિયાદ કરીએ સંતાન માનતા નથી. ક્યાંથી માને ! પહેલાં આપણે તો સાચું બોલો પછી એને સાચું બોલવાનું કહેવું નહીં પડે ! ''ખોટું કરીશ તો ભગવાન મારશે''! હવે કહો, ''આજની યુવા પેઢી ધર્મથી દૂર થતી જાય એનું જવાબદાર કોણ ?'' આપણે પોતે બધી બાબતને ધર્મ સાથે જોડવી જરૂરી છે ? તેનાં બદલે આમ કહીએ તો... ''સૃષ્ટિનો નિયમ છે, આપણે બીજાને જે આપીએ સૃષ્ટિ તે આપણને પાછું આપે.'' હકીકતથી આ સમજાવવા કરતાં તેને જાતે અનુભવવા દો. ખોટા માર્ગે જતાં અટકાવવા ધર્મ જરૂરી છે, પરંતુ તેનાં પાલન માટે જબરદસ્તી યુવા પેઢી નહીં સ્વીકારે. આપણે ધર્મને, ભગવાનને એક જગ્યાએ બાંધી કેમ રાખીએ છીએ ? એને ખુલ્લાં આકાશની જેમ વિસ્તારવા દઈએ તો ફરિયાદ નહીં કરવી પડે.

તેમને લોજીક સમજાવો. અઠવાડિયે એકદિવસ ઉપવાસ કરવાથી શરીરમાં કેન્સરનાં જંતુ મરે. થોડીવાર એક જગ્યાએ બેસી, માળા ફેરવવાથી, ધર્મ કે ધ્યાન કરવાથી ચિત્ત સ્થિર બને મંદિરે દર્શન કરવાથી, ભગવાનનું શાંત મને સ્મરણ કરવાથી શરીરમાં પૉઝિટિવ ઊર્જાનો સંચાર થાય. સૂર્યદેવને તાંબાનાં લોટામાં જળ ચડાવવાનાં સાયન્ટિફિક ફાયદા છે. શરદપૂનમની રાતે ચાંદાના પ્રકાશ નીચે રાખેલાં દુધપૌંઆ ખાવાથી પિત પ્રકૃતિ મટે. ધર્મ સાયન્સ જ છે. તેમને સાયન્સથી જોડીશું તો ધર્મ સાથે આપોઆપ જોડાઈ જશે.

# શું એક્સરસાઈઝ કેન્સરને ધીમું પાડે છે ?

**એન. રઘુરામન મેનેજમેન્ટ ગુરુ**

જુલાઈમાં યોજાયેલી સાઈકોલોજિકલ સોસાયટીની વાર્ષિક કોન્ફરન્સમાં પ્રસ્તુત અભ્યાસ આ જ કહે છે. ન્યૂકેસલ યુનિવર્સિટીના સેન્ટર ફોર કેન્સરના ડૉ. સેમ ઓરેન્જ અને તેમની ટીમે જોયું કે, માત્ર કસરતના એક સેશનથી જ લોહીમાં એવા તત્વ પેદા થાય છે, જે કેન્સરની કોશિકાઓની વૃદ્ધિની ગતિ પર તાત્કાલિક અસર નાખે છે. કસરત જ્યારે પ્રત્યેક સપ્તાહ, અનેક વખત કરવામાં આવે તો શક્ય છે કે, લોહીના પ્રવાહમાં આ વ્યાયામ પ્રેરિત કારકોને સમગ્ર શરીરની અન્ય કોશિકાઓ સાથે જોડાવામાં વધુ તક મળે. ડૉ. સેમ કહે છે કે, **'દરેક વીકેન્ડ પર એક સામટું વર્કઆઉટ કરવું સાચી રીત નથી.'** ડૉ. સેમ કહે છે કે, નવા પરિણામ કેન્સરને રોકવામાં કસરતની ભૂમિકાને સમજવા તરફ મોટું પગલું છે. તમારે ફાયદો મેળવવા



માટે દરેક વર્કઆઉટમાં ઘણો બધો પરસેવો પાડવાની જરૂર નથી. ઝડપથી ચાલવું, જોગિંગ અને સાઈક્લિંગ પણ કેન્સરના ઈલાજની સાથે તેની વૃદ્ધિ અટકાવવામાં મદદ કરી શકે છે.

અમેરિકન કોલેજ ઓફ સ્પોર્ટ્સ મેડિસિને ગણતરી કરી છે કે, નિયમિત કસરત કેન્સર થવાના જોખમને ૬૯% સુધી ઘટાડી શકે છે. કેન્સર રિસર્ચ યુકેનું 'એક્સરસાઈઝ ઈઝ મેડિસિન ઈન ઓન્કોલોજી' શીર્ષક પરનું પેપર કહે છે કે, 'તમે જેટલા એક્ટિવ રહો તેટલું સારું' ટૂંકમાં કસરત ઈમ્યૂન સેલ્સની એક્ટિવિટી વધારી શકે છે, જેનાથી કેન્સરને ફેલાતું અટકાવવામાં મદદ મળી શકે છે. સ્વીડનની કેરોલિન્સ્કા ઈન્સ્ટીટયૂટના મોલીક્યૂલર બાયોલોજિસ્ટ જણાવે છે કે, એક્સરસાઈઝ કેવી રીતે ઈમ્યુન સિસ્ટમના સાઈટોટોક્સિક સેલ્સના મેટાબોલિઝમને બદલીને કેન્સર સેલ્સ પર તેમના હુમલામી ક્ષમતા વધારે છે. તો આપણે કઈ સામાન્ય કસરત કરી શકીએ છીએ ?

**વોકિંગ :** સ્વીડિશ અને અમેરિકન રિસર્ચરો દ્વારા ૭,૫૫,૪૫૯ લોકો પર કરાયેલો અભ્યાસ જણાવે છે કે, ૨૦ મિનિટ દરરોજ વોકિંગ જેવી આધુનિક કસરત લિવર કેન્સરનું જોખમ ૮૦% સુધી ઘટાડી શકે છે. આંકડા જણાવે છે કે તેનાથી કોલન બ્રેસ્ટ અને કિડની કેન્સર જેવા અન્ય કેન્સરોનું જોખમ પણ ઘટે છે.

**સીડી ચઢવી :** આ વર્ષ પ્રકાશિત યુકેના ૨,૮૦,૪૨૩ લોકો પર કરાયેલા અભ્યાસમાં ઓસ્ટ્રેલિયા, નોર્વે અને સ્પેનના રિસર્ચરોએ જોયું કે, કોઈ વ્યક્તિ દરરોજ પાંચ માળથી વધુ સીડી ચઢે છે તો કેન્સરથી મોતનું જોખમ ઘટે છે. જો તમે ડુપ્લેક્સમાં રહો છો તો દરરોજ ઓછામાં ઓછું પાંચ વખત સીડી ચઢો.

**સાઈકલિંગ :** યુકેમાં નિયમિત અપ-ડાઉન કરતા ૨,૫૦,૦૦૦ લોકો પર પાંચ વર્ષ સુધી કરાયેલા રિસર્ચમાં યુનિવર્સિટી ઓફ ગ્લાસગોના રિસર્ચરોએ જોયું કે, થોડે દૂર કે સંપૂર્ણપણે સાઈકલ પર નોકરીએ જવાથી કેન્સર થવાની સંભાવના ૪૫% સુધી ઘટી શકે છે.

**દોડવું :** ઓસ્ટ્રેલિયાના રિસર્ચરો અનુસાર કેન્સરનું જોખમ ઘટાડવાની વાત હોય તો થોડું દોડવું, ભલે સપ્તાહમાં એક વખત, ન દોડવા કરતાં તો સારું જ છે. રિસર્ચના પરિણામ બ્રિટિશ જર્નલ ઓફ સ્પોર્ટ્સ મેડિસિનમાં પ્રકાશિત થાય છે.

ટૂંકમાં હું એટલું સમજ્યો કે આપણે જે કોઈ કસરત કરીએ તેને નિયમિત કરીએ અને તેના પરિણામ સંપૂર્ણપણે આપણી નિયમિતતા પર જ આધાર રાખે છે. ફંડા એ છે કે - સરળ કસરત રસ્તી છે અને તે આપણા જીવનમાં નિયંત્રણનો ભાવ પાછો લાવે છે. હવે વિજ્ઞાનના અભ્યાસ પણ દાવો કરી રહ્યા છે કે, તેનાથી કેન્સરને અટકાવવામાં મદદ મળે છે. તો ચાલો આપણે દરરોજ કસરત કરીએ.

સૌજન્ય : હેસ્થભાસ્કરમાંથી

**નોંધ : ઉપરના કોઈપણ પ્રયોગો કરતા પહેલા નિષ્ણાંત ડીગ્રીધારી તબીબની સલાહ લેવી જરૂરી છે.**

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ - મુંબઈ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય, ૨૦/૨૪, જૂની હનુમાન ગલી,
પ્રાગજી વૃંદાવન પ્રીમાઈસીસ કો. ઓ. સોસાયટી લી., રૂમ નં. ૪૩, ૩જે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૨. ફોન ૪૯૧૩૪૦૩૦

## રાહત દરે અનાજ વિતરણ યોજના

### ડીસેમ્બર માસ ૨૦૨૩ના અનાજ વિતરણમાં ભાગ લેનાર ભાગ્યશાળીઓ

શ્રી ગિરધરલાલ જીવણભાઈ વોરા
પરિવારના સૌજન્યથી




સ્વ. શ્રી ગિરધરલાલ જીવનભાઈ વોરા



સ્વ. શ્રીમતી સમજુબેન ગિરધરલાલ વોરા

### જાન્યુઆરી માસ ૨૦૨૪ના અનાજ વિતરણમાં ભાગ લેનાર ભાગ્યશાળીઓ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ પરિવારના સૌજન્યથી




સ્વ. શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ



સ્વ. શ્રી વિમળાબેન કાંતિલાલ શાહ

શ્રી ઝવેરચંદ ભુરાભાઈ ભીમાણી
પરિવારના સૌજન્યથી




સ્વ. શ્રી ઝવેરચંદ ભુરાભાઈ ભીમાણી

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ – મુંબઈ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય, ૨૦/૨૪, જૂની હનુમાન ગલી,
પ્રાગજી વૃંદાવન પ્રીમાઈસીસ કો. ઓ. સોસાયટી લી., રૂમ નં. ૪૩, ૩જે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૨. ફોન ૪૯૧૩૪૦૩૦

## રાહત દરે અનાજ વિતરણ યોજના




ફેબ્રુઆરી માસ ૨૦૨૪ના
અનાજ વિતરણમાં ભાગ
લેનાર ભાગ્યશાળીઓ
શ્રી ઉમેદચંદ
અમૃતલાલ શાહ
પરિવારના સૌજન્યથી



શ્રી ઉમેદચંદ અમૃતલાલ શાહ

શ્રીમતી હંસાબેન ઉમેદચંદ શાહ



શ્રી સાકરચંદ
વેલજી વસા
પરિવારના સૌજન્યથી




શ્રી સાકરચંદ વેલજી વસા

શ્રીમતી ઉજમબેન સાકરચંદ વસા



માર્ચ માસ ૨૦૨૪ના
અનાજ વિતરણમાં ભાગ
લેનાર ભાગ્યશાળીઓ
શ્રી ફુલચંદ
લીલાધર વોરા
પરિવારના સૌજન્યથી



શ્રી ફુલચંદ લીલાધર વોરા

શ્રી પ્રાણલાલ ફુલચંદ વોરા


# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ – મુંબઈ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય, ૨૦/૨૪, જૂની હનુમાન ગલી,
પ્રાગજી વૃંદાવન પ્રીમાઈસીસ કો. ઓ. સોસાયટી લી., રૂમ નં. ૪૩, ૩જે માળે, મુંબઈ – ૪૦૦ ૦૦૨. ફોન ૪૯૧૩૪૦૩૦

## રાહત દરે અનાજ વિતરણ યોજના

### ઓક્ટોબર માસ ૨૦૨૩ના અનાજ વિતરણના કાયમી દાતા પરિવાર

શ્રી નરોત્તમદાસ જીવણભાઈ વોરા
પરિવારના સૌજન્યથી



સ્વ. શ્રી નરોત્તમદાસ જીવનભાઈ વોરા




સ્વ. શ્રીમતી દિવાળીબેન નરોત્તમદાસ વોરા

### નવેમ્બર માસ ૨૦૨૩ના અનાજ વિતરણના કાયમી દાતા પરિવાર

શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા
પરિવારના સૌજન્યથી



સ્વ. શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા



સ્વ. શ્રીમતી સમરતબેન તારાચંદ મહેતા

# શ્રી સરદારગઢ નિવાસી પારેખ કુટુંબ - મુંબઈ
## ૪૦મો કુટુંબ મેળો




શ્રી સરદારગઢ નિવાસી પારેખ પરિવાર છેલ્લા ૩૯ વરસથી કુટુંબ મેળાનું આયોજન કરતું આવ્યું છે. જે પારેખ પરિવારના સભ્યોના સંપ, સ્નેહ, અને એકતાની ભાવના હોવાથી જ શક્ય બને છે. આ વર્ષે ૪૦મો કુટુંબ મેળો તા.૧૬-૧૨-૨૦૨૩ને શનિવારનાં રોજ મણીલક્ષ્મી તીર્થે વડોદરા ખાતે રાખવામાં આવેલ હતો.

આ કુટુંબ મેળાના યજમાન બનવાનો લાભ માતુશ્રી ઈન્દીરાબેન દલીચંદભાઈ પારેખ પરિવાર, હસ્તે શ્રી અભયભાઈ તથા શ્રી શાલીભદ્રભાઈ એ લીધો હતો. કુટુંબ મેળામાં સહભાગી થનાર સહુ માટે તા.૧૫-૧૨-૨૦૨૩ થી ૧૭-૧૨-૨૦૨૩ પરત આવવા જવાની ટ્રેન ટ્રાવેલ (થ્રી ટાયર એસી કોચ) થી લઈને એસી બસ તથા પરિવાર દીઠ અલગ રૂમ અને સ્વાદિષ્ટ ભોજન જેવી વિવિધ વ્યવસ્થા અતિ સુંદર રીતે કરવામાં આવેલ હતી. સાથે સાથે મણીલક્ષ્મી તીર્થમાં દર્શન-સેવા પૂજા તથા ભક્તિ અને સંગીત ના સમનવ્યયના માહોલમાં સ્નાત્રમાં સહભાગી થવા તથા ઓમકાર તીર્થ દર્શન વંદનનો લ્હાવો પણ સહુએ ખુબ સરસ રીતે



માણ્યો હતો.

દિવસ દરમ્યાન બપોરે આરામ બાદ બરાબર ૩.૩૦ કલાકે કુટુંબ મેળાનો વાર્ષિક સંમેલન નો સમારંભ સૌભાગ્ય વાટિકા હોલમાં શરૂ કરવામાં આવ્યો હતો.જેનો પ્રથમ દૌર શ્રી ગીરીશભાઈ એ સંભાળી લીધો હતો અને ટ્રસ્ટી ગણ વતી તેઓની વિનંતી ને માન આપતા યજમાન પરિવારના સભ્ય શ્રી અભયભાઈ તથા શ્રી શાલીભદ્રભાઈ એ સ્ટેજ પર પધારી સ્ટેજની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. ત્યારબાદ શ્રીમતી મીનાબેન પરેશભાઈના મુખે નવકાર મંત્ર તથા શાંતિ પાઠ સાંભળી કાર્યક્રમની શરૂઆત થઈ. ગતવર્ષ દરમ્યાન સ્વર્ગવાસ થનાર દરેક કુટુંબીજનને યાદ કરી તેઓની આત્મ શાંતિ માટે બે મીનીટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી. આગળ સમારંભનો દૌર શ્રી અજયભાઈ એ સંભાળી આવનાર સહુ




ભાઈ/બહેનોને આવકાર્યા તથા યજમાન પરિવારના દીકરીઓ, જમાઈઓ તથા તેમના અંગત મહેમાનો સાથે સહુને પરિચય કરાવ્યો અને પ્રાસંગીક અનુલક્ષી વ્યક્તવ્ય આપ્યા બાદ યજમાન પરિવારના અગ્રણી શ્રી અભયભાઈનું બહુમાન શ્રી ચંદ્રકાંતભાઈ ન્યાલચંદ તથા શ્રી શાલીભદ્રભાઈ નું બહુમાન શ્રી પરેશભાઈ વનીચંદે કર્યું અને શ્રીમતી પ્રીતીબેન અભયભાઈ પારેખનું બહુમાન શ્રીમતી નીતાબેન ગીરીશભાઈ પારેખના હસ્તે કરવામાં આવ્યું. તેમજ મણીલક્ષ્મી તીર્થ વતી તેમના અધિકારીઓ દ્વારા આપણા યજમાન પરિવારના શ્રી અભયભાઈ નું બહુમાન પાઘડી તથા માળા પહેરાવીને કરવામાં આવ્યું. યજમાન પરિવારે પારેખ કુટુંબના ટ્રસ્ટીગણ કાર્યવહી બિરદાવતા દરેક ટ્રસ્ટીગણનું બહુમાન ચાંદીની લગડી તથા સાલ ઓઢાળી કર્યું. ત્યાર બાદ વયસ્કો, તપસ્વીઓ તથા ધાર્મિક પરીક્ષા પાસ કરનાર વ્યક્તિના નામ શ્રી વિરલભાઈ પ્રવિણચંદ્ર પારેખે જાહેર

કર્યા અને તેઓનું બહુમાન યજમાન પરિવાર દ્વારા કરવામાં આવ્યું.

આગળનો કાર્યક્રમ શ્રી ચંદ્રકાન્તભાઈ ન્યાલચંદ પારેખે સંભાળતા આવનાર આગામી વર્ષના યજમાનની યાદી સહુ સમક્ષ રજુ કરી જે નીચે મુજબની હતી.

શ્રી જયેશભાઈ મનસુખલાલ પારેખ પરિવાર ૪૧મો કુટુંબ મેળો,
શ્રી પરેશભાઈ વનીચંદ પારેખ પરિવાર ૪૨મો કુટુંબ મેળો,

તદ્ ઉપરાંત ૫૦માં વર્ષની ઉજવણીનો લાભ શ્રી કાંતિલાલ ધરમશી પારેખ પરિવાર લેશે એવું નક્કી હતું અને ૫૦ વર્ષ સુધીના યજમાન નામ આપવા માટેની શ્રી ચંદ્રકાન્તભાઈ એ અપીલ કરતા તુરંત જ બીજા પાંચ નામનો એમાં ઉમેરો થયો. જેમાં
શ્રી ગીરીશભાઈ વનીચંદ પારેખ પરિવાર ૪૩મો કુટુંબ મેળો,
શ્રી ચંદ્રકાંત ન્યાલચંદ પારેખ પરિવાર ૪૪મો કુટુંબ મેળો,
શ્રી તારાચંદ જેચંદભાઈ પારેખ પરિવાર ૪૫મો કુટુંબ મેળો
શ્રીમતી કુસુમબેન પ્રવીણભાઈ પારેખ પરિવાર
હસ્તે જેતલભાઈ તથા વિરલભાઈ પરિવાર પરિવાર ૪૬મો કુટુંબ મેળો
શ્રી અજયભાઈ કાંતિલાલ પારેખ પરિવાર ૪૭મો કુટુંબમેળાનો અને શ્રી અરવિંદભાઈ ખીંચમદભાઈ પારેખ ૪૮મો કુટુંબ મોળાનો યજમાન તરીકેની જવાબદારી સ્વીકારી લીધી.

આ યાત્રા પ્રવાસમાં આવનાર દરેક વ્યક્તિનું સંઘ પૂજન યજમાન પરિવાર તરફથી ચાંદીની લગડી તથા તેઓના દીકરી જમાઈ તથા અન્ય સભ્યો દ્વારા રોકડ રકમથી કરવામાં આવ્યું હતું.

અંતમાં શ્રી પરેશભાઈ વનીચંદ પારેખે આભાર વિધિમાં યજમાન પરિવાર તથા તેઓના મહેમાનો અને આવનાર દરેક સભ્યોનો તથા મણીલક્ષ્મીના ટ્રસ્ટી તથા કર્મચારીઓનો આભાર માની સમારંભની પૂર્ણાહૂતિ કરવામાં આવી

**શ્રી સરદારગઢ નિવાસી પારેખ ટ્રસ્ટી ગણ**


- ધીરેન્દ્ર ન્યાલચંદ પારેખ ● પરેશ વનીચંદ પારેખ
- ગીરીશ કાંતીલાલ પારેખ ● ચંદ્રકાંત ન્યાલચંદ પારેખ
- અજય કાંતીલાલ પારેખ ● અશોક તારાચંદ પારેખ
- વિરલ પ્રવિણચંદ્ર પારેખ

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મરણ

શ્રી કિશોર મોહનલાલ શેઠ (હાલ બેંગલોર), સ્વ. ચંચળબેન મોહનલાલ શેઠના સુપુત્ર (મોટી પાનેલી) ઉ.વ.૭૬ તે તરુલતાબેનના પતિ, પિયુષ, જ્યોતી વિપુલ શેઠ, વિભા વિવેક શાહના પિતા તથા સેજલ પિયુષ શેઠ ના સસરા, વિરતી અને આર્યના દાદાજી, સ્વ. ધીરજબેન મનસુખલાલ વસા (હાલ મુલુંડ) જેતપુર નીવાસીના જમાઇ, તા.૭-૨-૨૦૨૪ના રાજકોટ મુકામે અરિહંતશરણ પામેલ છે. (ચક્ષુદાન કરેલ છે.)


॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

**ગાય અને ભેંસનું શુદ્ધ ઘી**




સ્વાદ લિજ્જતદાર - સુગંધ ખુશબુદાર
એક વાર ખાશો તો માંગશો વારંવાર

વિરમગામના પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું
શુદ્ધ ઘી હવે મળશે મુંબઈમાં તમારા ઘર આંગણે

એક કિલો, પાંચ કિલો અને પંદર કિલોમાં ઉપલબ્ધ

હોલસેલ અને રિટેલમાં ઉપલબ્ધ

કૃણાલઃ ૭૨ - ૨૧૦૭ - ૨૧૦૭



# શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મંડળ બોરીવલીનું ૫૪મું વાર્ષિક સંમેલન

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મંડળ બોરીવલી અંતર્ગત આવતા બોરીવલી, દહીંસર, મીરારોડના પરિવારોનું ૫૪મું વાર્ષિક સંમેલન તથા ક્ષમાપના મિલન રવિવાર તા.૨૧ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ધર્મધામ વેસ્ટન એક્સપ્રેસ હાઈવે મનોર ચોકડી પહેલા આપણાં ૨૩માં તીર્થંકર નાગેશ્વર પાર્શ્વનાથ દાદાના સાનીધ્યમાં યોજવામાં આવેલ હતું. આ તીર્થ યાત્રામાં બોરીવલી મંડળ અંતર્ગત આવતાં પરિવારોના ૧૮૦ સભ્યો વર્ષીતપના ૧૪ તપસ્વીઓ સાથે વહેલી સવારે ૫.૪૫ કલાકે ૩ બસ તથા ૬ કાર દ્વારા બોરીવલી થી ધર્મધામમાં સવારે ૭.૩૦ કલાકે આવેલ હતા.



પ્રમુખશ્રી વિનોદભાઈ મહેતા એ યાત્રામાં આવેલ સભ્યોને આવકારતા અભિવાદન કરેલ હતું.

આવેલ દરેક પરિવારોએ હાજરી આપી મંડળના આ પ્રસંગને અને અમારા આનંદને દ્વિગુણિત કર્યો.

ધર્મધામમાં સવાર થી સાંજ સુધી પરિવારોને રહેવા માટે ૨ હોલ તથા ૮ રૂમની વ્યવસ્થા રાખેલ હતી. સવારે નવકારસી, તપસ્વીઓના બેસણાં થી લઈ સાંજના બેસણાં તથા ચોવિહાર સુધીનું સંપૂર્ણ મેનુ ધર્મધામના ભોનજશાળામાં બોરીવલી મંડળ દ્વારા આયોજીત કરવામાં આવેલ હતું.

ધર્મધામમાં સવારે પરિવારોની નવકારસી રાખેલ હતી અને વર્ષીતપના ૧૪ તપસ્વીઓનાં શાહી બેસણાંનો લાભ સવારે તથા સાંજના બોરીવલી મંડળને મળેલ હતો. સવારે ૧૦ કલાકે સિદ્ધચક્ર પૂજન રાખેલ હતું.



સિદ્ધચક્ર પૂજન માટે વિધીકાર રક્ષીતભાઈ શાહ ભાયંદર થી આવેલ હતા. ધર્મધામ યાત્રામાં આવેલ દરેક પરિવારોએ નાગેશ્વર પાર્શ્વનાથ દાદાની સેવાપૂજા અર્ચના કરી સિદ્ધચક્ર પૂજનમાં બેસવાંનો લાભ લિધેલ હતો.

પૂજનની દરેક ગાથાનું વિવરણ કરી વિધિસર પૂજન સંગીતની રમઝટ સાથે ભણાવેલ હતું. બપોરના ૧ કલાકે દરેક પરિવારોએ સ્વરૂચી ભોજનનો સ્વાદ માણ્યો હતો. બપોરના ચા-નાસ્તો સાંજના વર્ષીતપના તપસ્વીઓના બેસણાં બાદ પરિવારોએ ચોવિહાર કરેલ હતો.

ત્યારબાદ સાંજના પરિવારોનો મેળાવડો રાખેલ હતો. ધર્મધામમાં આવેલ બધા પરિવારો સંપૂર્ણ દિવસના કાર્યક્રમથી ખુશખુશાલ હતા. બોરીવલી મંડળે ધર્મધામમાં સ્નેહ સંમેલનનું સુંદર આયોજન કરેલ હતું.

માનદ્ મંત્રીશ્રી જયેશભાઈ દોશી એ સંમેલનની શરૂઆત નવકાર મંત્રથી કરી હતી અને ધર્મધામમાં આવેલ પરિવારોને કલિકાલ કલ્પતરૂ શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ દાદા ને ભેટવાનો સુનેહેરો અવસર બાબત ખુશાલી વ્યક્ત કરી હતી.

યાત્રામાં આવેલ પરિવારોએ સંઘપૂજનમાં લખાવેલ રકમથી દરેક સભ્યોને રૂા.૧૫૦ નું સંઘપૂજન કરવામાં આવશે તેવી જાહેરાત પણ જયેશભાઈ દોશી એ કરી હતી.

માનદ્ મંત્રીશ્રી સંજયભાઈ મહેતા એ ધાર્મિક,શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩ના વિજેતાઓ તથા તપસ્વીઓના આવેલ નામ તે દરેક ને ઈનામ આપવાની ની જાહેરાત કરી હતી અને દરેકને ઈનામ બોરીવલી સેંટરથી લઈ જવા કહ્યું હતું.

જીગ્નેશભાઈ હરીલાલ મહેતા એ તેમના વક્તવ્યમાં બોરીવલી મંડળની પ્રશંસા કરતા કહ્યું હતું કે પ્રમુખ શ્રી વિનોદભાઈ મહેતા તથા કમિટી મેમ્બર્સ બોરીવલી મંડળ અંતર્ગત આવતા પરિવારો માટે ઉતરોત્તર સારા કાર્ય કરે છે.



પ્રમુખ શ્રી વિનોદભાઈ મહેતા એ યાત્રામાં આવેલ પરિવારોને ગિરનાર તીર્થ, જીરાવલા તીર્થ ની અવસ્મરણીય યાત્રા ની યાદોનુ વર્ણન કરતા અને ધર્મધામની યાત્રાએ પણ બધાનું મન મોહી લીધું. ધર્મધામની યાત્રાનો સંપૂર્ણ ખર્ચ બોરીવલી મંડળે કરેલ છે તે જાહેરાત કરતા દરેક જણ આનંદ વિભોર થઈ ગયા અને હવે વહેલી તકે શિખરજીની યાત્રાએ લઈ જાઓ એવો આગ્રહ કરતા પ્રમુખશ્રી એ વર્ષ ૨૦૨૫માં લઈ જવાની જાહેરાત કરતા પરિવારોએ તાલીઓ ના ગડગડાટ થી વધાવી લિધા હતાં.

કિશોરભાઈ રામાણી એ ધર્મધામ દેરાસરના ટ્રસ્ટીગણ યાત્રા સંઘમાં આવેલ મહેમાનો, દરેક યાત્રીકો, તપસ્વીઓ તથા કમીટીના પ્રતિનીધીઓનો આભાર વ્યક્ત કરેલ હતો.

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મહિલા મંડળ ઘાટકોપર
## "પચપન પે બચપન"

નવા વર્ષનો પ્રથમ કાર્યક્રમ મંગળવાર તા.૧૬-૧-૨૦૨૪ના રોજ પર્યટન રુપમાં યોજવામાં આવ્યો હતો જેની થીમ હતી '**પચપન પે બચપન**' આ કાર્યક્રમ જુહુ બીચ ચોપાટી પર રાખવામાં આવ્યો હતો. બપોરે ૨.૦૦ કલાકે ઘાટકોપર પૂર્વથી બસ દ્વારા પ્રયાણ કરવામાં આવ્યું હતું અને ૩.૧૫ કલાકે જુહુ પહોંચી ગયા હતા. સવા કલાકના પ્રવાસમાં અંતાક્ષરી તથા ધમાલ મસ્તીની મોજ માણી હતી. ચોપાટીની સમીપજ આવેલા બગીચામાં બાળપણમાં રમાતી રમતો જેવીકે સાપસીડી, સ્ટીક ગેમ, લીંબુ ચમચી, રુમાલ દાવ, મ્યુઝીકલ ચેર, ટમેટું રે ટમેટું વગેરે બાળપણની યાદોને નાના-મોટા સહુ કોઈ દિલ ખોલીને રમ્યા હતા જાણે કહેતા હોય... '**નથી જોતુ મને આ શાણપણ, પાછું આપિદો મારું બાળપણ**' ફક્ત રમતોજ નહિ બાળપણમાં ખવાતી લીલી વરીયાળી, કમરખ, લોલીપોપ, મસાલાવાળી કાચી કેરી, પીપર જેવી વાનગીઓ પણ માણી. જાણે કહેતા હોય કે બાળપણ જેવું સુખ ક્યાંય નથી.

દરિયો સામેજ હોય તો છબછબીયા વગર કેમ રહેવાય ? બહાર આવીને દરિયાના ઉછળતા મોજામાં સહુ પગને ભીંજવવા રીતસરની દોડ મુકી અને મોબાઈલનો કેમેરો દોડતો થઈ ગયો. ગ્રુપ ફોટા, સેલ્ફી તથા અવનવા પોઝમાં મોબઈલ વ્યસ્ત થઈ ગયો. ત્રણ કલાકની મોજમજા બાદ પેટમાંથી ખાલીપાનો ચિત્કાર ઉઠયો... ચોપાટીની વિશિષ્ટતા એવી પાણીપુરી, ભેળપુરી, સેવપુરી, દહીંપુરી, રગડા પેટીસ અને હા ગોલા શરબત કેમ રહી જાય જમવાની ઠંડી હવામાં જહએફત ઉઠાવી. રાતના આઠ વાગ્યા અને ઘરે જવાનો સમય થઈ ગયો પણ પાછા ફરવાનું મન નહોતુ થતું. સહુના હોઠ પર કિશોરકુમારની આ પંક્તિઓ હતી.

**कोइ लोटा दे मेरे बीते हुए दीन**
**बीते हुए दिन वो मेरे प्यारे पल छीन**

એક મધુર અને અવિસ્મરણિય અનુભવ સાથે સહુ કોઈ છુટા પડયા ફરીથી એક અનોખા અનુભવની પ્રતીક્ષામાં







**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંક ખાતામાં જમા કરશોજી.**

Name : **Shri Sorath Visa Shrimali Subhechhak Mitra Mandal.**

Banker : **Bank of India**

Bullion Exchange Branch : **Mumbai**

A/c. No. : **000810100006108**

80/G : AACTS 1446 GF 20214 dt. 28-05-21

(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને મોબાઈલ નં. ૯૮૩૩૫૦૦૫૦૮ માં વોટસએપ ઉપર મોકલી આપવા વિનંતી.

# સંસ્થા સમાચાર

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ – મુંબઈ

**સમાજને ભેટ**

૨૫૦૦/- શ્રી વૃજલાલ જીગજીવનદાસ વોરા પરિવાર (કાંદીવલી) તરફથી સ્વ. વિજયાબેન વૃજલાલ વોરાના આત્મશ્રેયાર્થે

૧૧૦૦/- પ્રવિણચંદ્ર પરમાણંદ રામાણી તરફથી નયનાબેન પ્રવિણચંદ્ર રામાણીના આત્મશ્રેયાર્થે

૫૦૪/- અશોકભાઈ મકનજીભાઈ કોરડીયા અ.સૌ.ચારૂલતાબેનઅશોકભાઈ કોરડીયાના આત્મશ્રેયાર્થે

૧૦૦૦/- મુકેશભાઈ મનસુખલાલ કોરડીયા તરફથી ચિ.ગુંજનના લગ્નપ્રસંગે

૫૦૧/- રાજેન્દ્રભાઈ ભોગીલાલ શાહ તરફથી ચિ.ચિરાગના લગ્ન પ્રસંગે

૨૫૦/- પ્રફુલચંદ્ર ગુલાબચદ પારેખ તરફથી ચિ.માનસીના લગ્ન પ્રસંગે

૨૫૧/- ગીરીશભાઈ રતિલાલ શાહ તરફથી રમીલાબેન ગીરીશભાઈ શાહના આત્મશ્રેયાર્થે

**મુખપત્રને ભેટ**

૧૫૦૦/- શ્રી વૃજલાલ જગજીવનદાસ વોરા પરિવાર (કાંદિવલી) તરફથી સ્વ.વિજયાબેન વૃજલાલ વોરાના આત્મશ્રેયાર્થે

૫૦૦/- મુકેશભાઈ મનસુખલાલ કોરડીયા તરફથી ચિ.ગુંજનના લગ્ન પ્રસંગે

૫૦૧/- રાજેન્દ્રભાઈ ભોગીલાલ શાહ તરફથી ચિ.ચિરાગના લગ્ન પ્રસંગે

૨૫૦/- પ્રફુલચંદ્ર ગુલાબચંદ પારેખ તરફથી ચિ.માનસીના લગ્ન પ્રસંગે

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ

**શ્રી તારાચંદ ધમજી મહેતા તબીબી સહાય ખાતે**

૧૫૦૦/- વૃજલાલ જગજીવનદાસ વોરા તરફથી વિજયાબેન વૃજલાલ વોરાના આત્મશ્રેયાર્થે

૫૦૦૦/- પરેશભાઈ મણિલાલ શેઠ તરફથી ચાલુ ખાતે ભેટ

૨૫૦૦૦/- શોભનાબેન બિપિનભાઈ મહેતા તરફથી સ્વ.બિપિનભાઈ વૃજલાલ મહેતાના આત્મશ્રેયાર્થે કાયમી ખાતે

૨૫૦૦૦/- ઈલાબેન જે. મહેતા તરફથી સ્વ. લીલાવતીબેન બાબુલાલ શાહના આત્મશ્રેયાર્થે

**શ્રીમતી કંચનબેન અમીચંદભાઈ જીવનભાઈ વોરા**

**ક્રિટિકલ તબીબી રાહત (કેન્સર, કીડની ડાયાલીસીસ ફંડ યોજના**

૨૫૦૦૦૦૦/- શ્રીમતી કંચનબેન અમીચંદભાઈ વોરા તરફથી કાયમી ખાતે (Corpus)

૨૫૦૦૦/- શોભનાબેન બિપિનભાઈ મહેતા તરફથી સ્વ.બિપિનભાઈ વૃજલાલ મહેતાના આત્મશ્રેયાર્થે કાયમી ખાતે

૨૫૦૦૦/- ઈલાબેન જે. મહેતા તરફથી લીલાવતીબેન બાબુલાલ શાહના આત્મશ્રેયાર્થે કાયમી ખાતે

૫૦૦૦/- પરેશભાઈ મણિલાલ શેટ તરફથી ચાલુ ખાતે ભેટ

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ મુંબઈને નીચે જણાવેલ દાતશ્રીઓ તરફથી આવેલ ભેટની રકમ**

**અનાજ વિતરણ ચાલુ ખાતે**

૨૫૦/- દિપકભાઈ દિનેશભાઈ વોરા તરફથી ચિ.વિધીના લગ્ન પ્રસંગે

૨૫૦/- પ્રફુલભાઈ ગુલાબચંદ પારેખ તરફથી ચિ.માનસીના લગ્ન પ્રસંગે

૨૧૦૦૦/- વિવા ગ્લોબલ હસ્તે રમેશ જી. વસા તરફથી ભેટ

**આર્થિક સહાય ખાતે**

૫૦૪/- અશોકભાઈ મકનજી કોરડીયા તરફથી અ.સૌ.ચારૂલતાબેન અશોકભાઈ કરોડીયાના આત્મશ્રેયાર્થે

૧૧૦૦/- પ્રવિણચંદ્ર પરમાનંદ રામાણી તરફથી તેમના ધર્મપત્ની નયનાબેનના આત્મશ્રેયાર્થે

૧૫૦૦/- વૃજલાલ જગજીવનદાસ વોરા તરફથી વિજયાબેન વૃજલાલ વોરાના આત્મશ્રેયાર્થે

૫૦૦/- રાજેન્દ્રભાઈ ભોગીલાલ શાહ તરફથી ચિ.ચિરાગભાઈ લગ્ન પ્રસંગે

૧૧૦૦૦/- પ્રફલચંદ્ર અનુપચંદ ધોળકીયા તરફથી ભેટ નવા ઘરમાં ગૃહપ્રવેશ નિમિત્તે

**આર્થિક સહાય તિથી માસિક યોજના**

૧,૦૦,૦૦૦/- શારદાબેન મણિલાલ ધોળકીયા તરફથી સ્વ.મણિલાલ દુર્લભજી ધોળકીયાની પુણ્યતિથી નિમિત્તે કાયમી (Corpus)ખાતે

## ફેબ્રુઆરી માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''



# સ્વ. શ્રી હરસુખલાલ નંદલાલ ઝવેરચંદ વોરા

શ્રી નંદલાલ ઝવેરચંદ વોરાના જ્યેષ્ઠ પુત્ર

જન્મ : તા.૬-૪-૧૯૨૭ ધોરાજી (સૌરાષ્ટ્ર), અભ્યાસ : ૧૦મું ધોરણ

શ્રી હરસુખલાલભાઈ કલકત્તા ખાતે ૧૯૪૪માં આવ્યા. ખાનગી પેઢીમાં જોડાયા અને ત્યાર બાદ ૧૯૫૧માં મે. હરસુખલાલ એન. વોરાના નામે પોતાની પેઢી શરૂ કરી.

૧૯૪૭માં મોટી પાનેલીનાં શ્રી લવચંદ વીરચંદ શેઠના સુપુત્રી સવિતાબેન સાથે લગ્ન થયાં. ૧૯૬૭માં સામચી, ભૂતાન મધ્યે નટ-બોલ્ટની મેન્યુફેર્ચરીંગ લાઈનમાં પડયા અને રોયલ ગવર્મેન્ટ ઓફ ભૂતાનનો સહકાર મળ્યો. ત્યારબાદ ૧૯૭૪માં પ્રેસીઝન ટૂલ્સ, કોમ્પોનન્ટ્સનું ઉત્પાદન શરૂ કર્યું.

તેઓએ ધંધાના વિકાસાર્થે જાપાન,થાઈલેન્ડ, હોંગકોંગ વગેરે સ્થળે મુસાફરી કરી. ધંધાને વિકસાવ્યો.


શ્રી મગનલાલ મોતીચંદ મહેતાના બોલાવ્યાથી તેઓ કલકત્તા ગયા. ત્યાં તેઓશ્રીએ ૫ થી ૬ વર્ષ પછી પોતાનો ધંધો શરૂ કર્યો. તેઓ દરેક ચીજો આયાત કરતા હતા.

તેમણે સાંસારીક જીવન, આધ્યાત્મિક રીતે જીવી જાણ્યું અને આર્થિક ક્ષેત્રે ખૂબ પ્રતિષ્ઠા મેળવી. તેઓશ્રી ૧૯૮૫ સુધી કલકત્તા ખાતે રહ્યા. તેમનું દાંપત્ય જીવન ખૂબ સુખી હતું.

તેમના ત્રણેય સુપુત્રો નરેન્દ્રભાઈ, ભૂપતભાઈ. જયંતભાઈ બેંગ્લોર ખાતે છે.

શ્રી જયંતભાઈ રોટરી કલ્બના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ હતા.

તેમનામાં દાનની ભાવના ઘણી જ ઊંચી હતી અને કલકત્તામાં એસ.વી.સોશિયલ વેલ્ફેર ફાઉન્ડેશનના ત્રીજા માળને ફૂલ એરકન્ડીશન કરવામાં યોગદાન આપેલ છે.




Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA O. PUNATAR